પાના ૧૨ : કિંમત રૂા. ૩.૦૦ સત્યમ શિવમ્ સુંદરમ્ R.N.I.NO.GUJGUJ/2001/11803
તા. ૧૦/૧૧/૨૦૨૪, મંગળવાર AMRELI EXPRESS DAILY Postal Reg.No. AMR/217/2024-26
ફોન : ૨૨૮૪૨૨

અમરેલી એક્સપ્રેસ

www.amreliexpress.com જિલ્લાનાં આમઆદમીનું અખબાર
E-Mail : amreliexpress7@gmail.com

નૂતનવર્ષાભિનંદન

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી, પ્રકાશક, માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એકસપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સવંત ૨૦૮૨ કારતક સુદ-૧ વર્ષ : ૧૭ અંક : ૨૭૮

સુવિચાર

''શિક્ષક ભણાવતી વખતે પોતાના વિષયમાં ડૂબી જશે તો સમજવું કે, એના વિદ્યાર્થીઓ તરી જશે.''

:: સૌજન્ય ::

નિલકંઠ જવેલર્સ
(લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (લાઠીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

શહેરમાં અવનવી રોશની, આતશબાજીનો માહોલ જોવા મળ્યો

અમરેલીમાં ''દિપોત્સવી પર્વે'' રોશનીનો ઝગમગાટ

કાળઝાળ મોંઘવારી વચ્ચે પણ શહેરીજનોએ ઉત્સાહભેર દિવાળી પર્વની કરી ઉજવણી

જિલ્લાનાં તમામ શહેરો અને ગ્રામ્ય વિસ્તારોમાં પણ ઉત્સાહભેર ઉજવણી

દિવાળીનાં દિવસે લાખો રૂપિયાનાં ખર્ચે ફટાકડા ફોડીને સૌએ ખૂશી વ્યકત કર્યુ

આજે નૂતનવર્ષનો પ્રારંભ થવાનો હોય અનેક સ્થળોએ સ્નેહમિલન કાર્યક્રમ યોજાશે



અમરેલી, તા. ૯

પ્રકાશના પર્વ દિવાળીની અમરેલી શહેર સહિત સમગ્ર પંથકમાં ધામધૂમભેર ઉજવણી કરવામાં આવી હતી. દિવાળીના પર્વને વધાવવા લોકોએ ઉત્સાહભેર રોશની અને આતશબાજી સાથે તહેવારની ઉજવણી કરી હતી. મોડી રાત સુધી શહેરની બજારોમાં લોકોની ભારે ભીડ જોવા મળી હતી. બજારોમાં કરવામાં આવેલી રંગબેરંગી રોશની નિહાળવા લોકો પરિવારજનો સાથે ઉમટી પડયા હતા, જેના કારણે સમગ્ર શહેર દિવાળીના રંગે રંગાયેલું જોવા મળ્યું હતું.

દિવાળીની રાત્રે ફટાકડાની આતશબાજીથી અમરેલીનું આકાશ ગુંજી ઊઠયું હતું. મોંઘવારીનામાહોલ વચ્ચે પણ લોકોએ મોંઘાદાટ ફટાકડાની ખરીદી કરી કરોડો રૂપિયાના ફટાકડા ફોડી ધૂમધામથી દિવાળીની ઉજવણી કરી હતી. રાત્રિના સમયે શરૂ થયેલી ફટાકડાની આતશબાજી વહેલી સવાર સુધી ચાલુ રહેતા શહેરના અનેક વિસ્તારોમાં ફટાકડાના ધડાકા સંભળાતા રહ્યા હતા.

જો કે, ફટાકડા ફોડવા માટે રાત્રે ૧૦ વાગ્યા સુધીની સમયમર્યાદા નક્કી કરવામાં આવી હતી અને આ અંગે જાહેરનામું પણ પ્રસિદ્ધ કરાયું હતું. તેમ છતાં દિવાળીના ઉત્સાહમાં અનેક સ્થળોએ જાહેરનામાની સમયમર્યાદાનું

અનુસંધાન પાના ૧૦ ઉપર

''અમરેલી એકસપ્રેસ'' અંક બંધ

''અમરેલી એકસપ્રેસ'' દૈનિક નૂતનવર્ષ નિમિત્તે બુધ, ગુરૂ, શુક અને શનિવારે પ્રસિધ્ધ થશે નહી, હવે પછીનો અંક રવિવાર તા. ૧૫ નવેમ્બરનાં રોજ પ્રસિધ્ધ થશે. જેની સર્વોએ નોંધ લેવા વિનંતી.

તંત્રી : મનોજ રૂપારેલ

dhami timber
M/s. Bhikhabhai Nanjibhai & Sons
Merchant for all kind of WOODS - TEAKWOOD
નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
ધામી ટીમ્બર - ચિતલ
નવા વર્ષે નવલા દીવડાનો ઝગમગાટ, સંબંધોની હૂંફ, પરંપરાઓની સુવાસ અને દરેકના હૃદયમાં નવી આશાનો સંચાર... આવતું નવું વર્ષ અનેક રંગો સાથે સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિનો ઉજાસ પથરાય જાય તેવી ઈશ્વર પાસે પ્રાર્થના સાથે સૌને નવા વર્ષના સાલ મુબારક...
શુભેચ્છક - શ્રી મુકેશ ધામી - શ્રી હરેશ ધામી -
દરેક પ્રકારના ઈમારતી લાકડા તેમજ સાગના લાકડાના સ્પેશ્યાલિસ્ટ
નવી લાતી બજાર, જસવંતગઢ પરા, ચિતલ, જી. અમરેલી.
ફોન નં. 02792-284085.
નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

Krishna DINING HALL
કિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : કિષ્ના કેટરર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શ્યામ ડાઈનીંગ હોલ
(એ.સી.હોલ)
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે. બે પડવાળી સ્વામીનારાયણની રોટલી તો ખરીજ
The King of catcring service
અરજણભાઈ પટેલ મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
સ્થળ એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી
૩૬૫૬૦૧, ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
નવા વર્ષે નવલા દીવડાનો ઝગમગાટ, સંબંધોની હૂંફ, પરંપરાઓની સુવાસ અને દરેકના હૃદયમાં નવી આશાનો સંચાર... આવતું નવું વર્ષ અનેક રંગો સાથે સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃદ્ધિનો ઉજાસ પથરાય જાય તેવી ઈશ્વર પાસે પ્રાર્થના સાથે સૌને નવા વર્ષના સાલ મુબારક...
સમગ્ર દેસાઈ પરિવાર વતી
નૂતન વર્ષે નિમિત્તે હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.
ARYA AGRI EXPORT
ચિતલ - બાબરા હાઈવે, મુ. ચિતલ, જી. અમરેલી (ગુજરાત)
શુભેચ્છક
ભરતભાઈ દેસાઈ • પંકજભાઈ દેસાઈ
ચિરાગભાઈ દેસાઈ
MILAN COTTEX
બાબરા હાઈવે રોડ, સગાદાદા મંદિર સામે, ચિતલ, જી. અમરેલી.
શુભેચ્છક
ભરતભાઈ દેસાઈ • લાલભાઈ દેસાઈ
હસમુખભાઈ દેસાઈ

Hero
આવ્યો તહેવાર હીરો પર સવાર
દિવાળી આવી, ઓફરો લાવી!
ખુશીઓના દીવા પ્રગટાવો, નવી Hero ઘરે લાવો!
110 CC SCOOTERS DESTINI 110 | PLEASURE કેશ ડિસ્કાઉન્ટ ₹2,100*
DESTINI 125 કેશ ડિસ્કાઉન્ટ ₹2,500*
એકસચેન્જ બોનસ ₹5,000*
મર્યાદિત સમય માટે
Navjit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

બપોરે સ્પેશ્યલ ગુજરાતી થાળી તેમજ પંજાબી બનશે...
॥ દેશી ટેસ્ટ, ઘર જેવી બનાવટ ॥
પંજાબી ચાઈનીઝ કાઠિયાવાડી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ છે
શ્રી રઘુવીર ફેમિલી ઢાબા
મો. ૮૧૪૦૯ ૦૦૦૯૩
કેરીયા રોડ બાયપાસ, તુલસી પાર્ટી પ્લોટ ની બાજુમાં અમરેલી


નૂતનવર્ષની શુભકામનાઓ
વિલાસબેન જયંતિભાઈ દેસાઈ
(ચેરમેન - મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ, જિલ્લા પંચાયત અમરેલી)
ચિતલ-જસવંતગઢ-ટીંબા સહિત ચિતલ જિલ્લા પંચાયત બેઠકના તમામ ગામોના ગ્રામજનો, કાર્યકરો તથા સગા-સ્નેહીઓને નૂતન વર્ષ સુખ, શાંતિ અને સમૃદ્ધિથી ભરપૂર રહે તેમજ મહિલાઓના સશક્તિકરણ, બાળકોના ઉજ્જવળ ભવિષ્ય અને સમાજના સર્વાંગી વિકાસ
માટે આપણે સૌ સાથે મળીને આગળ વધીએ તેવી હાર્દિક શુભકામનાઓ.
નૂતન વર્ષાભિનંદન!
શુભેચ્છક
ચેરમેનશ્રી વિલાસબેન જયંતિભાઈ દેસાઈ
સદસ્યશ્રી જાગૃતિબેન લાલજીભાઈ વાણિયા
સદસ્યશ્રી ભાનુબેન વિક્રમભાઈ શિયાળ
સદસ્યશ્રી નયનાબેન મુકેશભાઈ આદ્રોજા
સદસ્યશ્રી સોનલબેન સંજયભાઈ તારપરા
મહિલા બાળ વિકાસ અને યુવા પ્રવૃત્તિ સમિતિ, જિલ્લા પંચાયત અમરેલી

શેરીઓમાં શિકારની શોધમાં સિંહની લટાર

ખાંભાનાં મહાદેવપરા વિસ્તારમાં સિંહે શેરીમાં ઘુસી પશુનો કર્યો શિકાર

શ્વાનોમાં મચી નાસભાગ : સિંહની લટાર સીસીટીવી કેમેરામાં કેદ



અમરેલી, તા. ૯

અમરેલી જિલ્લામાં જંગલ વિસ્તાર છોડી સિંહો હવે રહેણાંક વિસ્તારોની શેરીઓમાં પણ આંટાફેરા મારતા જોવા મળી રહ્યા છે. ત્યારે ખાંભા શહેરમાં શિકારની શોધમાં એક સિંહ આવી ચઢતા સ્થાનિકોમાં કુતુહલ સાથે ફફડાટનો માહોલ જોવા મળ્યો હતો.

ખાંભા શહેરના મહાદેવપરા વિસ્તારમાં મોડી રાત્રે એક સિંહ શેરીમાં ઘુસી આવ્યો હતો. શિકારની શોધમાં શેરીઓમાં આંટાફેરા મારતા સિંહને જોઈને શેરીમાં ફરતા શ્વાનોમાં નાસભાગ મચી ગઈ હતી. આ દરમિયાન સિંહે એક પશુ પાછળ દોટ મુકી હતી અને એક પશુનો શિકાર કરી મિજબાની માણી હતી.

સિંહની આ સમગ્ર અવરજવર વિસ્તારના સીસીટીવી કેમેરામાં કેદ થઈ હતી. શિકારની શોધમાં રહેણાંક વિસ્તારની શેરીઓમાં નિર્ભયતાથી આંટાફેરા મારતા સિંહના દ્રશ્યો સોશ્યલ મીડિયામાં વાયરલ થતાં પંથકમાં ચર્ચા જાગી છે.

જંગલના રાજા ગણાતા સાવજ હવે જંગલની હદ વટાવીને શહેર અને ગામડાની શેરીઓ સુધી પહોંચી રહ્યા છે. ત્યારે રહેણાંક વિસ્તારોમાં સિંહોની વધતી અવરજવર વચ્ચે વનવિભાગ ધ્વારા તકેદારી અને પેટ્રોલિંગ વધારવાની જરૂરિયાત પણ ઉભી થઈ છે.

રોશનીનાં ઝગમગાટ વચ્ચે

બાબરા ખાતે ''દિપોત્સવી પર્વે'' આકર્ષક રંગોળીએ રોનક વધારી

દરેક ઘરનાં આંગણે અવનવી રંગોળી જોવા મળી



બાબરા, તા. ૯

પ્રકાશના પર્વ દિવાળીની સમગ્ર દેશમાં હર્ષોલ્લાસ અને ઉત્સાહભેર ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે બાબરા શહેરમાં પણ દિવાળીના તહેવારને લઈને અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

દિવાળીના પવિત્ર પર્વ નિમિત્તે ઘરના આંગણે દીવડાઓ પ્રગટાવી તેમજ આકર્ષક રંગબેરંગી રંગોળીઓ દોરીને લોકો તહેવારની પરંપરાગત રીતે ઉજવણી કરી રહ્યા છે. દિવાળીના પાંચ દિવસીય પર્વ દરમિયાન ઘરોમાં સાફસફાઈ, શણગાર, દીપપ્રાગટય અને રંગોળીનું વિશેષ મહત્વ હોય છે. ખાસ કરીને ઘરની બાળાઓ અને યુવતીઓ દ્વારા વિવિધ આકારો અને રંગોના પ્રતીક ગણાતા આ તહેવારમાં દીવડાઓનો પ્રકાશ સુખ, સમૃદ્ધિ અને ખુશીઓનો સંદેશ આપી રહ્યો છે, ત્યારે બાબરામાં પણ દિવાળીના પર્વની ઉત્સાહભેર ઉજવણીનો માહોલ જોવા મળી રહ્યો છે.

સમન્વયથી સુંદર રંગોળીઓ તૈયાર કરવામાં આવે છે. ઘરના આંગણે રંગોળી દોરતી બાળાઓમાં પણ અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે.

રંગબેરંગી રંગોળીઓ અને ઝગમગતા દીવડાઓના પ્રકાશથી ઘરના આંગણાંમાં દિવાળીની રોનક છવાઈ રહી છે. ભારતીય સંસ્કૃતિ અને પરંપરાનું

શહેરીજનોની વર્ષો જુની માંગ પૂર્ણ થઈ

ભૈ વાહ : સાવરકુંડલામાં સુવિધાસભર ફાયર સ્ટેશન બનાવાશે : મહેશ કસવાલા

રૂપિયા ૮.૬૩ કરોડનાં ખર્ચે ફાયર સ્ટેશનનું થશે નિર્માણ



સાવરકુંડલા, તા. ૯

સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારનાં નાગરિકોની સુરક્ષા અને આગ જેવી આકસ્મિક દુર્ઘટનાઓમાં ઝડપી રાહત કામગીરી સુનિશ્ચિત કરવાના હેતુથી સાવરકુંડલા શહેરને દિવાળી ભેટ રૂપે રૂા. ૮.૬૩ કરોડનાં ખર્ચે આધુનિક ફાયર સ્ટેશનની સુવિધા મળવા જઈ રહી છે. સાવરકુંડલા–લીલીયા વિધાનસભાનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાળાનાં પ્રયાસોથી આ ફાયર સ્ટેશનનું નિર્માણ સાવરકુંડલાની ખાંભા ચોકડી ખાતે કરવામાં આવશે.

આ પ્રોજેકટ અંતર્ગત આધુનિક સુવિધાઓથી સજજ સબ–મોડલ ફાયર સ્ટેશનનું નિર્માણ કરવામાં આવશે. જેમાં ફાયર વિભાગનાં કર્મચારીઓની સુવિધા અને કામગીરીને ધ્યાનમાં રાખીને ત્રણ માળ નું સ્ટાફ ક્વાર્ટર બનાવવામાં આવશે. આ ઉપરાંત ફાયર ફાઈટિંગ વાહનોની જાળવણી અને કામગીરી માટે આધુનિક ગેરેજ તથા સર્વિસ સ્ટેશનની સુવિધા પણ ઊભી કરવામાં આવશે.

ખાસ કરીને ફાયર સ્ટેશનમાં ફાયર હાઈડ્રન્ટ સિસ્ટમની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે, જેથી આગ જેવી આપત્તિના સમયે પાણીની વ્યવસ્થા અને આગ નિયંત્રણની કામગીરી વધુ સુવ્યવસ્થિત રીતે થઈ શકે. સાથે જ પરિસરમાં ગાર્ડન ડેવલપમેન્ટ સહિતની સુવિધાઓ પણ વિકસાવવામાં આવશે.

આધુનિક ફાયર સ્ટેશનનું નિર્માણ પૂર્ણ થયા બાદ સાવરકુંડલા શહેર તેમજ આસપાસના વિસ્તારોમાં આગની દુર્ઘટનાઓ અને અન્ય આપત્તિનાં સમયે ફાયર વિભાગની કામગીરીને વધુ સુવિધાજનક બનાવવામાં મદદ મળશે. નાગરિકોની જાનમાલની સુરક્ષા, સમયસર બચાવ કામગીરી અને કટોકટીનાં સમયે ઝડપી પ્રતિસાદ માટે આ પ્રોજેકટ મહત્વપૂર્ણ માળખાકીય સુવિધા બની રહેશે.

આમ, સાવરકુંડલા–લીલીયા વિધાનસભા વિસ્તારને રૂા. ૮.૬૩ કરોડનાં ખર્ચે આધુનિક ફાયર સ્ટેશનની સુવિધા મળવાની જાહેરાત દિવાળીનાં અવસરે વિસ્તાર માટે એક મહત્વપૂર્ણ વિકાસલક્ષી ભેટ બની રહેશે.

ભાડાની માથાકૂટે લીધો લોહિયાળ વળાંક

ખાંભામાં છરીના ઘા ઝીંકી એક યુવકની હત્યા : પાંચને ઇજા

સમાધાનના બહાને ભંગારના ડેલે હથિયારો સાથે ધસી આવેલા શખ્સોએ કર્યો હુમલો



અમરેલી, તા. ૯

ખાંભા ગામે ભાડાની રકમ બાબતે થયેલી જૂની માથાકૂટે લોહિયાળ સ્વરૂપ ધારણ કરતાં છરી અને અન્ય હથિયારો વડે કરવામાં આવેલા હુમલામાં એક વ્યક્તિની હત્યા નિપજતાં સમગ્ર પંથકમાં ચકચાર મચી ગઈ છે. સમાધાન કરવાના બહાને ભંગારના ડેલે બોલાવી પૂર્વઆયોજિત કાવતરાના ભાગરૂપે હુમલો કરવામાં આવ્યો હોવાની ફરિયાદ નોંધાઈ છે. આ હુમલામાં એક વ્યક્તિનું મોત થયું છે, જયારે અન્ય પાંચ વ્યક્તિઓને ઈજાઓ પહોંચતાં બનાવે ગંભીર સ્વરૂપ ધારણ કર્યુ છે.

પ્રાપ્ત વિગતો મુજબ, આશરે બે મહિના અગાઉ ખાંભા ગામના નઈમ આરીફભાઈ ચૌહાણને ખાંભા તાલુકાના વાંકિયા ગામના હબીબશા રજબશા પઠાણ તથા તેના ભાઈ ઓસ્માનશા રજબશા પઠાણ વચ્ચે ભાડાની બાબતે માથાકૂટ થઈ હતી. આ જૂના મનદુઃખનો ખાર રાખીને ગઈકાલે સાંજે આરોપીઓએ સમાધાનના બહાને હુમલાનું કાવતરૂ ઘડી, હુસૈનભાઈ ઉર્ફે કાળુભાઈ ગનીભાઈ સોલંકીને વચ્ચે રાખીને નઈમ ચૌહાણ સાથે સમાધાન કરવાનું હોવાનુંજણાવી ભંગારના ડેલે બોલાવવામાં આવ્યા હતા. ત્યારબાદ હબીબશા પઠાણ, તેનો પુત્ર રીઝવાન, ઓસ્માનશા પઠાણ, તેનો પુત્ર અકીલ, અબ્દુલશા માસુમનશા રફાઈ સહિત અન્ય બે અજાણ્યા શખ્સો ટુ–વ્હીલર અને ફોર–વ્હીલર વાહનોમાં છરીઓ તથા અન્ય હથિયારો સાથે ત્યાં ધસી આવ્યા હતા.

આરોપીઓએ ત્યાં પહોંચીને ગાળો આપી હુમલો કરતા સલીમભાઈ દાઉદભાઈ સોલંકીના માથાના ભાગે છરીનો ઘા ઝીંકવામાં આવ્યો હતો, જયારે નઈમ ચૌહાણને પણ છરીના ઘા મારી ગંભીર ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આ સમયે ફરિયાદી સલીમભાઈના મોટા ભાઈ સુલતાનભાઈ તથા અશરફભાઈ વચ્ચે પડતાં હુમલા ખોરોએ તેમના પર પણ હુમલો કર્યો હતો. જેમાં સુલતાનભાઈ દાઉદભાઈ સોલંકીને ડાબી બાજુ પડખાના ભાગે છરીનો ઘા મારવામાં આવતાં તેમનું મોત નિપજયું હતું.

આ ઉપરાંત અશરફભાઈ, નઈમ ચૌહાણ, તેમની બહેન રૂવિદા તથા મહેફુબને પણ છરીઓ અને અન્ય હથિયારો વડે માર મારી ઈજાઓ પહોંચાડવામાં આવી હતી. આમ, જૂના ભાડા વિવાદના મનદુઃખમાં સમાધાનના નામે બોલાવી કરવામાં આવેલા હુમલામાં એક વ્યક્તિએ જીવ ગુમાવતાં ખાંભા પંથકમાં અરેરાટી ફેલાઈ છે.

આ સમગ્ર બનાવ અંગે ઈજાગ્રસ્ત સલીમભાઈ દાઉદભાઈ સોલંકીએ હબીબશા રજબશા પઠાણ, તેનો પુત્ર રીઝવાન, ઓસ્માનશા રજબશા પઠાણ, તેનો પુત્ર અકીલ, અબ્દુલશા માસુમનશા રફાઈ તથા અન્ય બે અજાણ્યા શખ્સો વિરૂધ્ધ ખાંભા પોલીસ મથકમાં ધોરણસરની ફરિયાદ નોંધાવી છે. પોલીસે ફરિયાદના આધારે આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ટ્રસ્ટ, NGO, સ્કુલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્પીટલ, સ્કુલવગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12B, 80G, ઈન્કમ ટેકસના રીટર્ન વિગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વિગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપવામાં આવશે
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ–૯૪૨૮૩ ૪૦૯૩૪

૧૬ માં વર્ષમાં મંગલ પ્રવેશ
સિકયુરીટી કોન્ટ્રાકટ માટે મળો
(ગવર્નમેન્ટ એપ્રુવ્ડ)
• ઈવેન્ટ સિકયુરીટી • વેડીંગ પાર્ટી • પરમેનેન્ટ સિકયુરીટી
• સેલીબ્રીટી પ્રોટેકશન • લેડીઝ–જેન્ટસ બાઉન્સર • ફિલ્મસેટ સિકયુરીટી
• એકિઝબીશન સિકયુરીટી • ગનમેન સિકયુરીટી • ઈન્ડસ્ટ્રિયલ સિકયુરીટી
• ડિપ્લોમેટરી સિકયુરીટી • પાર્કિંગ ફોર્સ સિકયુરીટી
રઘુવિર સિકયુરીટી એજન્સી–અમરેલી
સંપર્ક : ૯૧૦૬૦ ૧૫૦૬૧/૯૪૨૬૩ ૧૩૦૪૧
હેડ ઓફિસ : બેઝમેન્ટલ ગિરનાર કોમ્પલેક્ષ, લાઈબ્રેરી રોડ, અમરેલી ૩૬૫ ૬૦૧ (ઓલ ગુજરાત પ્રોવાઈડીંગ)

આદુ–મરચાથી ભરપુર સ્પે. વાટીદાળના ખમણ
તેમજ સ્પે. નાયલોન ખમણ મળશે
દાનગીગેવ ખમણ હાઉસ
અમરેલીનાં જુનાને જાણીતા (સાનુભાઈ ખમણવાળા)
સ્ટેશન રોડ, લક્ષ્મીનારાયણ મંદિરની સામે, અવધ કેરી ફાર્મની બાજુમાં, અમરેલી
મો. ૯૯૨૫૪ ૨૫૨૩૧ ■ મો. ૯૪૨૮૭ ૯૪૦૪૧

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત–૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે. કેંશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પલેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

Jaydeep Rayththa
Mo. 98980 52364
PRIME PROPERTY
Sell • Purchase • Lease
Commercial • Residential • Plotting
Member of
RPCA
NATIONAL ASSOCIATION OF REALTORS - INDIA
413, Star Plaza, Phulchhab Chowk, Rajkot
+91 98980 52364 / 93770 03636
Jaydeep Rayththa1983@Gmail.Com

Shine 100 DX
હવે તમને મળી જશે માત્ર ને માત્ર
₹ 76,278/-
On Road Price
કોઈ વધારાનો ચાર્જ નહીં
પરીખ હોન્ડા
બાબરા • બગસરા • કુકાવાવ • ધારી • વડીયા • દામનગર

શુદ્ધ, સાત્વિક, ગુજરાતી થાળી,
ઘર જેવું જમવા માટે આજે જ અમારો સંપર્ક કરો.
"મહાદેવ કેટરિંગ એન્ડ ટિફિન સર્વિસ"
બપોર નું મેનુ:- રૂ. ૮૦/-
૧- શાક, ૪- ફુલકા રોટલી, દાળ-ભાત, સંભારો, પાપડ.
રાતનું મેનુ:- રૂ. ૮૦/-
૧- શાક, ૨- ભાખરી, ખીચડી, રાયતાં મરચાં, ગોળ.
એકસ્ટ્રા આઈટમ:-
શાક - ૩૦/- | રોટલી - ૫/- | રોટલા - ૨૫/- | ભાખરી - ૧૫/- | થેપલાં - ૧૦/- | દાળ-ભાત - ૩૫/-
ટિફિન ડિલિવરી ફ્રી
મનોજ જોષી મો. ૭૬૯૦૦૫૦૮૮૦
અંજના જોષી મો. ૮૭૫૮૦૦૮૨૯૭
બેસતા વર્ષના દિવસે માટલા ઉંધીયું મળશે
આપને ત્યાં આવતાં શુભપ્રસંગે ઓર્ડર પણ કરી આપીશું.
રોટલી, રોટલા, ભાખરી, થેપલાં, પણ ઓર્ડર ઉપર બનાવી આપીશું.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.
DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
Also Available in S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA RACING
The call of the BLUE
My Style My Vibe
NEW Fascino 125 fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો–રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

સાંભળવાની તકલીફ છે ?
આ દિવાળીમાં આપના વડીલોને આપો કાનના મશીનની અમૂલ્ય ભેટ
વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
જર્મની, ડેનમાર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
જૂના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
કાનની અંદરનું મશીન
કાનની પાછળનું મશીન
અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

શિવ ફરસાણ (ધારીવાળા)
સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મશળો. ખજુરની ચટણી સાથે
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે,લીલીયા રોડ,અમરેલી.


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
: શુભેચ્છક :
શ્રી લોકેશકુમાર ભૂલચંદભાઈ ધનાણી
પ્રમુખ
શ્રી દાદુભાઈ જીવાભાઈ બારૈયા
ઉપપ્રમુખ
તેમજ ઉના તાલુકાના તમામ વેપારી મિત્રો તરફથી
નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ...
ઉના તાલુકા સસ્તા અનાજ એસોસીએશન
મુ. ઉના, જી. ગીરસોમનાથ


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક
શુભકામનાઓ
નૂતન વર્ષ પર રોશની નો ઉત્સવ
તમને અને તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી
હૃદયપૂર્વક શુભકામનાઓ.....
શુભેચ્છક
શ્રી પ્રતાપ દુધાત
પૂર્વ ધારાસભ્ય
: પ્રમુખશ્રી :
અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતી
તેમજ અમરેલી જિલ્લા
કોંગ્રેસ પરિવાર-અમરેલી


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક
શુભકામનાઓ
રાજેશ્વરી રાજયગુરુ
એડવોકેટ (ગુજરાત હાઈકોર્ટ)
સરપંચ - એકલેશ
ઇતેશ કુમાર કે મહેતા
એડવોકેટ & નોટરી (ભારત સરકાર)
પ્રમુખ (વિદ્યાભારતી ટ્રસ્ટ, ચિતલ)
ઓફિસ: નગરપાલિકા સામે, ધમનગર, તા. લાઠી, જી. અમરેલી


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
શ્રી કાળુભાઈ રાઠોડ
ધારાસભ્યશ્રી : ૯૩ - ઉના
ઉના વિસ્તારના મતદાતાઓને
નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
જય જય ગરવી ગુજરાત


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
શ્રી અંબરીષભાઈ ડેર
પ્રમુખશ્રી : ગુજરાત મેરી ટાઈમ બોર્ડ
કર્મચારી સંઘ મહામંડળ
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ.
જય જય ગરવી ગુજરાત


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક
શુભકામનાઓ
નૂતન વર્ષ પર રોશની નો ઉત્સવ
તમને અને તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક
શુભકામનાઓ.....
શુભેચ્છક
શ્રી ઘનશ્યામભાઈ ડોબરીયા
ભાજપ અગ્રણી - સાવરકુંડલા
તેમજ અમરેલી જિલ્લા ભાજપ પરિવાર-અમરેલી


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
આપ સૌને વિક્રમ સંવત ૨૦૮૩ ના નૂતન વર્ષની હાર્દિક
શુભકામનાઓ... નવુ વર્ષ આપના માટે મંગલકારી નીવડે અને આપ સુખ શાંતિ અને
સમૃધ્ધિ પામો એવી પ્રાર્થના સાથે નૂતન વર્ષાભિનંદન
શ્રી દિપકભાઈ માલાણી
(ચેરમેન)
શ્રી જતીનભાઈ માલાણી
(સેક્રેટરી)
શ્રી મહેશભાઈ લખાણી
(વાઈસ ચેરમેન)
તમામ ડિરેક્ટરશ્રી તથા
તમામ કર્મચારી ગણ
શ્રી ભગવાનભાઈ કાનજીભાઈ પટેલ માર્કેટયાર્ડ
શ્રી ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ-સાવરકુંડલા
મુ. સાવરકુંડલા, જી. અમરેલી


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
પાઠવીએ છીએ.
શ્રી જેઠુરભાઈ કે. કોઠીવાળ
પ્રમુખશ્રી : સુખપુર સેવા સહકારી મંડળી લી.
ડિરેક્ટરશ્રી : બાબરા તાલુકા સહકારી સંઘ
પ્રમુખશ્રી : ક્રિષ્ના દુધ ઉત્પાદક સહકારી મંડળી
મુ. સુખપુર, તા. બાબરા, જી. અમરેલી.

રેલ્વે વિભાગમાં દિપોત્સવી પર્વે દોડધામ કરાવતી ઘટના

લાઠીનાં હરસુરપુર દેવળીયા અને કેરિયા નજીકનાં રેલ્વે ટ્રેક ઉપર 'વંદે ભારત' ટ્રેનનાં કાચમાં પથ્થર લાગ્યો

રેલ્વે પોલીસે ટ્રેન સાથે પથ્થર કેવી રીતે ટકરાયો તેની તપાસ આદરી

અમરેલી, તા. ૯

વેરાવળથી સાબરમતી વચ્ચે દોડતી હાઈસ્પીડ વંદે ભારત ટ્રેનને લઈને આજે લાઠી નજીક ચોંકાવનારી ઘટના સામે આવી છે. લાઠીના હરસુરપુર દેવળીયા અને કેરીયા નજીકથી પસાર થતી વંદેભારત ટ્રેનના કાચ પર પથ્થર જેવી વસ્તુ અથડાતાં કાચમાં તિરાડ પડી જતાં રેલ્વે તંત્રમાં દોડધામ મચી ગઈ હતી. જોકે, આ ઘટનામાં સદનસીબે કોઈ મુસાફરને ઈજા પહોંચી ન હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે.



સુત્રોમાંથી મળતી પ્રાથમિક વિગતો મુજબ, આ વંદે ભારત ટ્રેનના કાચને નુકસાન પહોંચવાની ઘટના બાદ પથ્થર મારો થયો હોવાની આશંકા સહિતના વિવિધ પાસાઓ તપાસ હેઠળ છે. જો કે, પાટા નજીકથી પથ્થર ઉછળીને ટ્રેનના કાચ સાથે અથડાયો હોય તેવી શકયતા પણ નકારી શકાય તેમ નથી. જો કે, આ ઘટના પાછળનું ચોક્કસ કારણ હજુ સુધી સ્પષ્ટ થયું નથી.

આ ઘટના બાદ પણ સુરક્ષિત રીતે ટ્રેનને આગળ રવાના કરવામાં આવી હતી. પથ્થરમારાની ઘટનાને પગલે રેલ્વે વિભાગના અધિકારીઓ અને સ્થાનિક પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી ગઈ હતી. લાઠી પોલીસ પણ આ મામલે તપાસમાં જોડાઈ છે.

આ ઘટનાની જાણ થતાં જ રેલ્વે પોલીસની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને આ બનાવ અંગે તપાસનો ધમધમાટ શરૂ કર્યો હતો. ટ્રેન પર કોઈએ જાણી જોઈને પથ્થર ફેંકયો હતો કે પછી અન્ય કોઈ કારણસર કાચને નુકસાન થયું છે તે દિશામાં તપાસ હાથ ધરવામાં આવી રહી છે.

હવે સ્થાનિક રેલ્વે પોલીસની તપાસ, ઘટના સ્થળની આસપાસના સીસીટીવી ફૂટેજ અને અન્ય પુરાવાઓ સામે આવ્યા બાદ જ સમગ્ર ઘટનાની સાચી હકીકત બહાર આવશે. હાઈસ્પીડ વંદેભારત ટ્રેનના કાચને નુકસાન પહોંચવાની આ ઘટનાએ રેલ્વે સુરક્ષા વ્યવસ્થાને લઈને પણ અનેક સવાલો ઊભા કર્યા છે.

પોલીસ અને તંત્રની પ્રતિક્રિયા

ઘટના અંગે ધોળા આરપીએફ ગોલકરે જણાવ્યું હતું કે, 'વંદે ભારત ટ્રેન પર પથ્થરમારાની ઘટના સામે આવી છે. અમારી ટીમ બનાવ સ્થળે પહોંચી તપાસ હાથ ધરી છે. મુસાફરોએ પણ પથ્થર ફેંકનારને જોયા નથી, પરંતુ કાચ ફૂટયો છે. હાલ મળેલી માહિતીના આધારે લાઠી અને ખીજડીયા વચ્ચે સઘન તપાસ ચાલી રહી છે.'

સ્થાનિક સેવકો દ્વારા આસ્થાભેર

બાબરામાં દિવાળીના પાવન પર્વે શ્રી વડલીવાળી મેલડીમા ધામ ખાતે ફૂલોથી સજાવાઇ આકર્ષક રંગોળી

આકર્ષક રંગોળીએ મંદિર પરિસરની સુંદરતા વધારી



બાબરા, તા. ૯

દિવાળીના પાવન અને પવિત્ર પર્વની ઉજવણી નિમિત્તે બાબરા સ્થિત શ્રી વડલીવાળી મેલડીમાં ધામ ખાતે સ્થાનિક સેવકો દ્વારા રંગબેરંગી ફૂલોથી આકર્ષક રંગોળી તૈયાર કરવામાં આવી હતી. માતાજીના ધામને દિવાળીના પર્વે વિશેષ શણગારથી સજાવવામાં આવ્યું હતું. સ્થાનિક સેવકોએ કલાકોની જહેમત અને શ્રદ્ધા સાથે વિવિધ રંગોના ફૂલોનો ઉપયોગ કરીને સુંદર અને મનમોહક રંગોળી તૈયાર કરી હતી. ફૂલોની આ આકર્ષક રંગોળીએ મંદિર પરિસરની સુંદરતામાં ચાર ચાંદ લગાવ્યા હતા.

માતાજી પ્રત્યેની અખૂટશ્રદ્ધા, ભક્તિભાવ અને સેવાભાવના સાથે સેવકોએ કરેલી આ સુંદર કામગીરી મંદિરની મુલાકાતે આવતા માઈભક્તો માટે પણ આકર્ષણનું કેન્દ્ર બની હતી. આમ, દિવાળીના પાવન પર્વે માતાજીના ધામમાં ભક્તિ અને રંગોની અનોખી છટા જોવા મળી હતી.

બાબરાનાં ધ્રુવ આહીરને જન્મદિનની શુભેચ્છાઓ



બાબરા, તા. ૯

બાબરા ના લાડલા ધ્રુવ આહીરને જન્મદિવસની હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી રહી છે.

પાપા ભાવેશભાઈ, મમ્મી સંગીતાબેન, દીદી સૃષ્ટિ અને દાદી જસુબેન સહિત પરિવારજનોએ લાડકા ધ્રુવને જન્મ દિવસે હેતભર્યા આશીર્વાદ અને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ પાઠવી.

બ્રહ્મસમાજ ટ્રસ્ટનાં ટ્રસ્ટીઓ દ્વારા બાબરા ખાતે વેદમાતા ગાયત્રીજીને દિવાળી અને નૂતન વર્ષનો ભવ્ય અન્નકૂટ ધરાયો



બાબરા, તા. ૯

બાબરા શહેરમાં દિવાળી અને નૂતનવર્ષના પાવન પર્વની ધાર્મિક માહોલમાં ઉજવણીના ભાગરૂપે બ્રહ્મસમાજની વાડી ખાતે આવેલા પવિત્ર વેદમાતા ગાયત્રી માતાજીના મંદિરે પરંપરાગત રીતે અન્નકૂટ ધરાવવામાં આવ્યો હતો.

બ્રહ્મસમાજ ગાયત્રી મંદિરના ટ્રસ્ટીઓ દ્વારા દર વર્ષની પરંપરા જાળવી માતાજીને વિવિધ વાનગીઓનો ભવ્ય અન્નકૂટ અર્પણ કરવામાં આવ્યો હતો. ભક્તિ, શ્રદ્ધા અને આસ્થાના સંગમ સમાન આ ધાર્મિક પ્રસંગે મંદિર પરિસર ભક્તિમય વાતાવરણથી ગુંજી ઊઠયું હતું.

અન્નકૂટના પાવન દર્શનનો લાભ લેવા બ્રહ્મસમાજના ભૂદેવો તેમજ શહેરના મોટી સંખ્યામાં દર્શનાર્થીઓ ઉમટી પડયા હતા. સૌએ વેદમાતા ગાયત્રીજીના ચરણોમાં શીશ નમાવી પરિવારની સુખ–શાંતિ, સમૃદ્ધિ અને સર્વેના કલ્યાણની પ્રાર્થના કરી હતી. આમ, વર્ષોની ધાર્મિક પરંપરા અને સામાજિક એકતાની ભાવનાને જીવંત રાખતા આ અન્નકૂટ મહોત્સવે દિવાળી અને નૂતનવર્ષના પર્વની ઉજવણીને ભક્તિમય અને યાદગાર બનાવી હતી.

દિપોત્સવી પર્વે જ ગમખ્વાર અકસ્માત સર્જાયો

ઉના : માઢગામના પાટિયા પાસે સ્વિફ્ટ કારની ટક્કરે ૫૫ વર્ષીય બાઇક સવારનું મોત

ઘરે પરત ફરી રહેલા ડોળાસાના પ્રતાપભાઈ કાતીરાનું હોસ્પિટલમાં મોત નિપજ્યું

ઉના, તા. ૯

ઉના તાલુકાના માઢગામના પાટિયા પાસે દિવાળીના દિવસે સ્વિફ્ટ કાર અને મોટર સાઈકલ વચ્ચે ગંભીર અકસ્માત સર્જાયો હતો. જેમાં ડોળાસા ગામના ૫૫ વર્ષીય પ્રતાપભાઈ જાદવભાઈ કાતીરાનું મોત નિપજતાં પરિવારની દિવાળીની ખુશીઓ માતમમાં ફેરવાઈ ગઈ હતી.

પ્રાપ્ત વિગતો અનુસાર, ડોળાસા ગામના પ્રતાપભાઈ જાદવભાઈ કાતીરા પોતાની એફ.એફ. ડિલકસ મોટરસાઇકલ નંબર જીજે–૧૧ એએ–૯૭૯૦ લઈને દિવાળીના દિવસે ઘરે પરત ફરી રહ્યા હતા. દરમિયાન માઢગામના પાટિયા પાસે જીજે–૧૯–એએ–૩૦૪૮ નંબરની સ્વિફ્ટ કારના ચાલકે મોટરસાઇકલને પાછળથી ટક્કર મારતાં અકસ્માત સર્જાયો હતો.

અકસ્માતમાં પ્રતાપભાઈને માથા અને કપાળના ભાગે ગંભીર ઈજાઓ પહોંચી હતી. ઉપરાંત ડાબા હાથ, ડાબા પગ સહિત શરીરના અન્ય ભાગોમાં પણ ઈજાઓ થઈ હતી. ઘટનાની જાણ થતાં ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે તેમને ઉના સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા. જોકે, ફરજ પરના તબીબેતપાસ બાદ તેમને મૃત જાહેર કર્યા હતા.



આ ઘટનાની જાણ થતાં પરિવારજનો હોસ્પિટલ ખાતે દોડી આવ્યા હતા. દિવાળીના પર્વે પરિવાર સાથે તહેવારની ઉજવણી કરવાની આશા રાખીને ઘરે પરત ફરી રહેલા પરિવારના મોભીનું અચાનક મોત થતાં પરિવાર પર દુઃખનો પહાડ તૂટી પડયો હતો.

આ અકસ્માતમાં સ્વિફ્ટ કાર ચલાવનાર યુવતીને પોલીસે ઘટના સ્થળેથી જ અટકમાં લીધી હોવાની માહિતી સામે આવી છે. જોકે, પોલીસ ફરિયાદમાં કારના નંબર અને તેના ચાલક સામે ગુનો નોંધવામાં આવ્યો છે. મૃતકના નાના ભાઈ પ્રવીણભાઈ જાદવભાઈ કાતીરાની ફરિયાદના આધારે પોલીસે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૨૮૧, ૧૨૫(અ), ૧૨૫(ઇ), ૧૦૬(૧) તેમજ મોટર વાહન અધિનિયમની કલમ ૧૮૪ અને ૧૭૭ હેઠળ ગુનો નોંધી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

દિવાળીના દીવડાઓથી ઘર ઝળહળતું કરવાની આશા સાથે નીકળેલા પ્રતાપભાઈના પરિવાર માટે આ દિવાળી ક્યારેય ન ભૂલી શકાય તેવા દુઃખમાં ફેરવાઈ ગઈ છે. તહેવારના દિવસે સર્જાયેલા આ અકસ્માતે ફરી એકવાર માર્ગ સલામતી અને વાહનચાલકોની જવાબદારી સામે સવાલો ઊભા કર્યા છે.

સ્વાદનાં શોખીનો માટે દિવાળી પહેલાં જ ઉંધીયાની તૈયારીઓ

અમરેલીવાસીઓ આજે બેસતા વર્ષે લાખો રૂપિયાનું ઉંધીયું ઝાપટી જશે

રજવાડી અને માટલા ઉંધીયાની વિશેષ માંગ, રોટલી–ફરસાણ સાથે રસોડે રાજા બનીને લોકો માણશે સ્વાદનો ઉત્સવ

અમરેલી, તા. ૯

ગુજરાતી સંસ્કૃતિમાં તહેવારોની ઉજવણી સાથે વણાયેલી ખાણીપીણીની પરંપરાઓનું વિશેષ મહત્વ છે, ત્યારે બેસતા વર્ષનાં પ્રથમ દિવસે સ્વાદનાં શોખીનો માટે ઉંધીયું સૌથી પ્રિય વાનગી બની રહે છે. અમરેલી જિલ્લામાં બેસતા વર્ષનાં દિવસે લોકો લાખો રૂપિયાનું ઉંધીયું આરોગી જાય છે. વર્ષનાં પ્રથમ દિવસે જે કંઈ ખાવામાં આવે તે આખા વર્ષ દરમિયાન ખાવા મળે તેવી લોકમાન્યતાને પગલે ઉંધીયું ખાવાની પરંપરા વર્ષોથી જળવાઈ રહી છે. પરિણામે દિવાળી બાદ બેસતા વર્ષની તૈયારીઓમાં ઉંધીયું બનાવવાની અને ખાવાની તૈયારીઓ પણ વિશેષ રીતે શરૂ થઈ જાય છે.

ઉંધીયું માત્ર એક શાક નહીં, પરંતુ ગુજરાતી સ્વાદ અને પરંપરાનું આગવું પ્રતીક છે. તેમાં વિવિધ પ્રકારનાં કઠોળ,રીંગણ, બટાકા, શક્કરિયાં, સુરતી પાપડી, વટાણા, કંદ સહિત અનેક પ્રકારનાં શાકભાજી અને મસાલાઓનો ઉપયોગ કરવામાં આવે છે. જુદા જુદા શાકભાજી અને કઠોળનાં સંયોજનથી તૈયાર થતું ઉંધીયું સ્વાદની સાથે પોષણની દ્રષ્ટિએ પણ વિશેષ સ્થાન ધરાવે છે. આ જ કારણોસર બેસતા વર્ષનાં દિવસે ઉંધીયું ખાવા માટે લોકોમાં ભારે ઉત્સાહ જોવા મળે છે.

અમરેલી શહેરનાં શાકભાજી બજારમાં પણ બેસતા વર્ષનાં



દિવસે ઉંધીયું બનાવવા માટે જરૂરી તમામ પ્રકારનાં કાચાં શાકભાજીનો વેપાર તેજ બને છે. ઉંધીયું બનાવવા માટેની સામગ્રીની ખરીદી કરવા વહેલી સવારથી જ ગૃહિણીઓ અને શોખીનો બજારમાં ઉમટી પડે છે. બીજી તરફ ઘરે ઉંધીયું બનાવવાની ઝંઝટ ટાળવા ઇચ્છતા લોકો તૈયાર ઉંધીયું ખરીદવાનું વધુ પસંદ કરે છે.

જિલ્લામાં ખાસ કરીને રજવાડી ઉંધીયું અને માટલા ઉંધીયાની માગ વિશેષ પ્રમાણમાં રહે છે. પરંપરાગત પદ્ધતિથી તૈયાર થતા માટલા ઉંધીયાનો સ્વાદ માણવા લોકો ખાસ આગ્રહ રાખે છે. મીઠાઈ અને ફરસાણનાં વેપારીઓ દ્વારા પણ બેસતા વર્ષ નિમિત્તે ઉંધીયાનાં વિશેષ સ્ટોલ ઊભા કરવામાં આવે છે. એટલું જ નહીં, શહેરનાં જાહેર માર્ગો પર પણ ઉંધીયું વેચવા માટે માંડવાઓ ઊભા થાય છે અને ત્યાંથી પસાર થતા લોકો પણ મનગમતું ઉંધીયું ખરીદ્યા વિના રહેતા નથી.

બેસતા વર્ષનાં દિવસે અનેક પરિવારોમાં રસોડામાં ઉંધીયું બનાવવાને બદલે બજારમાંથી તૈયાર ઉંધીયું, ગરમા ગરમ રોટલી અને વિવિધ ફરસાણની ખરીદી કરવામાં આવે છે. પરિણામે એક જ દિવસમાં ઉંધીયાનાં વેપારમાં લાખો રૂપિયાની હેરફેર થતી હોવાનું ચિત્ર જોવા મળે છે. આમ, નવા વર્ષનાં પ્રારંભે અમરેલીવાસીઓ માટે ઉંધીયું માત્ર ભોજન નહીં, પરંતુ સ્વાદ, પરંપરા અને ઉત્સવની ઉજવણીનો અભિન્ન હિસ્સો બની રહે છે. બેસતા વર્ષનાં દિવસે ઉંધીયાની સુગંધથી બજારો મહેકશે અને સ્વાદ રસિયાઓ ઉંધીયાની જયાફત માણીને નવા વર્ષની શરૂઆત કરશે.

યામાહા શોરૂમ પાસે થયેલી બોલાચાલી બાદ યુવકને માર માર્યો


ઉનામાં જૂની અદાવતમાં યુવક પર ધોકા અને હોકી સ્ટીકથી હુમલો : ત્રણ શખ્સો સામે ફરિયાદ

માથાનાં પાછળનાં ભાગે અને શરીરે ઈજાઓ પહોંચી

ઉના, તા. ૯

ઉના શહેરમાં મારામારીની ઘટનાઓમાં સતત વધારો થતો હોય તેમ વધુ એક બનાવ સામે આવ્યો છે. જૂની અદાવતને લઈને થયેલી બોલાચાલીમાં યુવક પર લાકડાના ધોકા અને હોકી સ્ટીક વડે હુમલો કરવામાં આવ્યો હતો. આ બનાવમાં યુવકને માથાના પાછળના ભાગે તેમજ શરીરના અન્ય ભાગોમાં ઈજાઓ પહોંચી હતી. બનાવ અંગે ત્રણ શખ્સો વિરૂદ્ધ ઉના પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ છે.

ફરિયાદ મુજબ, ઉનાના મયુરભાઈ રમેશભાઈ સોલંકી (ઉં.વ. ૨૮) ઉના–ભાવનગર રોડ પર આવેલા બજાજ શોરૂમમાં નોકરી કરતા હતા. દરમિયાન તેમના ભાઈ મહેશ સાથે નજીકમાં આવેલા યામાહા શોરૂમ પાસે વિજયભાઈ ધીરૂભાઈ મૈયાની જૂની વાતને લઈને બોલાચાલી થઈ રહી હોવાની જાણ થતાં મયુરભાઈ ત્યાં પહોંચ્યા હતા અને મામલો શાંતિથી ઉકેલવા સમજાવવાનો પ્રયાસ કર્યો હતો.



તે દરમિયાન વિજયભાઈના ભાઈ દિવ્યેશ ઉર્ફે દિવુ ધીરૂભાઈ મૈયા અને તેનો મિત્ર ધર્મેશ પામક એકસેસ મોપેડ લઈને ત્યાં આવ્યા હતા. દિવ્યેશના હાથમાં લાકડાનો ધોકો અને ધર્મેશના હાથમાં હોકી સ્ટીક હતી. બંનેએ મયુરભાઈને માર માર્યો હતો. બાદમાં વિજયભાઈ સહિત ત્રણેયે ભેગા મળી ઢીકાપાટુ, ધોકા અને હોકી સ્ટીક વડે શરીરે આડેધડ માર માર્યો હતો. દરમિયાન બચાવવા આવેલા ભાઈ મહેશને પણ વચ્ચે પડવું પડયું હતું. બૂમા બૂમ થતાં નવનીતભાઈ મોરી અને ચેતનભાઈ મોરીએ વચ્ચે પડી મયુરભાઈને બચાવ્યા હતા. જતા જતા શખ્સોએ ધ્યાન રાખવાની ધમકી આપી હોવાનું ફરિયાદમાં જણાવાયું છે.

ઈજાગ્રસ્ત મયુરભાઈને સારવાર માટે ઉના સરકારી હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વિજયભાઈ મૈયા, દિવ્યેશ ઉર્ફે દિવુ મૈયા અને ધર્મેશ પામક વિરૂદ્ધ ભારતીય ન્યાય સંહિતાની વિવિધ કલમો તેમજ જી.પી. એકટની કલમ ૧૩૫ હેઠળ ફરિયાદ નોંધાઈ છે.

ઉના શહેર અને તાલુકામાં સામાન્ય બોલાચાલીમાં પણ મારામારીની ઘટનાઓ સામે આવતાં કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ સામે સવાલો ઊભા થઈ રહ્યા છે. અસામાજિક તત્વો સામે પોલીસ દ્વારા કડક કાર્યવાહી કરવામાં આવે અને પોલીસ ઈન્સ્પેકટર ચેમ્બરની બહાર નીકળી મેદાનમાં સક્રિય બને તેવી જરૂરિયાત વર્તાઈ રહી છે. નાગરિકોમાં સુરક્ષાની લાગણી મજબૂત બને તે માટે પોલીસ તંત્રએ ગંભીરતાથી પગલાં લેવાની જરૂર છે.

સાવરકુંડલામાં દિવાળી પર્વે પરંપરાગત 'ઈંગોરિયા યુદ્ધ' યોજાયું : સામાજિક સમરસતા અને ઉત્સાહનો અદભુત માહોલ



સાવરકુંડલા શહેરમાં દિવાળી પર્વ નિમિત્તે આ વર્ષે પણ પરંપરાગત 'ઈંગોરિયા યુદ્ધ' ભારે ઉત્સાહ અને રોમાંચ સાથે યોજાયું હતું. નાત–જાતના તમામ ભેદભાવો મિટાવીને ખેલાતી આ અંદાજે ૧૫૦ વર્ષ જૂની રમત સાવરકુંડલાની અસ્મિતા અને આગવી ઓળખ બની ચૂકી છે. દેખાવમાં ભલે 'યુદ્ધ' જેવું લાગે, પરંતુ આ રમત નિર્દોષ સામાજિક સૌહાર્દ, અખૂટ પ્રેમ અને હર્બલ ફટાકડા જેવી અદભુત રમતનું પ્રતીક છે. દિવાળીની રાત્રે દેવળા ગેઈટથી લઈને નાવલી નદી સુધીના વિસ્તારમાં હમાસ–ઈઝરાયલ યુદ્ધ જેવા રોમાંચક દ્રશ્યો સર્જાયા હતા. રાત્રિના અંધકારમાં અગ્નિના ગોળા જેવા ઈંગોરિયા એકબીજા પર ફેંકીને રમતવીરોએ મુક્મને આ આનંદ માણ્યો હતો. કોઈપણ પ્રકારના જ્ઞાતિવાદ કે જાતિવાદ વગર હિન્દુ–મુસ્લિમો હળીમળીને આ પરંપરામાં જોડાય છે. સાવરકુંડલાની આ ઐતિહાસિક ક્ષણને નિહાળવા સ્થાનિકો ઉપરાંત મુંબઈ, અમદાવાદ અને બેંગ્લોર જેવા મોટા શહેરોમાંથી પણ પ્રવાસીઓ આવ્યા હતા. આ પ્રસંગે અમરેલીના સાંસદ ભરતભાઈ સુતરીયા, સ્થાનિક ધારાસભ્ય મહેશભાઈ કસવાલા, અમરેલી કલેકટર વિકલ્પ ભારદ્વાજ અને ડાંગ એસપી પૂજા યાદવ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. મહાનુભાવોએ પણ હાથમાં ઈંગોરિયા લઈને આતિશબાજી કરી હતી અને રમતનો આનંદ માણ્યો હતો. આ સાથે જ નાવલી નદી ખાતે ભવ્ય ફાયર શોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. આ ભવ્ય આયોજન દરમિયાન સુરક્ષા અને સલામતીને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવામાં આવી હતી. કોઈપણ નાની–મોટી ઈજા કે આપત્તિના સમયે ત્વરિત સારવાર મળી રહે તે માટે પોલીસ, ફાયર વિભાગ અને તબીબી ટીમ ખડેપગે સેવા બજાવતી નજરે પડી હતી. કલેકટર વિકલ્પ ભારદ્વાજે સૌને દિવાળી અને નવા વર્ષની શુભકામનાઓ પાઠવી હતી.


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
ADINATH BUILDCON
At-Kodinar, Ta-Kodinar
Dist- Gir Somnath (Gujarat)
નૂતનવર્ષાભિનંદન


અમરેલી એક્સપ્રેસ
સમાચારો મોકલવા બાબત
''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટ્સએપ'' પર સમાચાર મોકલવા વિનંતી
તંત્રી


શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
દિવાળીનો પાવન પર્વ આપને અને આપના પરિવારને ''સુખ શાંતિ અને સમૃધ્ધિ'' આપે એવી મારી અને મારા પરિવાર તરફથી હાર્દિક શુભેચ્છાઓ.....
રાજેશભાઈ દામોદરા
સામાજીક કાર્યકર-અમરેલી


સ્થાપના વર્ષ : ૧૯૫૯
અમરેલી જિલ્લા વિદ્યાસભા સંચાલિત
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી, સંપર્ક : ૯૦૯-૯૦૯-૮૨૨૦
નૂતનવર્ષ ની હાર્દિક શુભકામનાઓ
પ્રકાશના પર્વ દિપાવલી અને નવા વર્ષની શુભ શરૂઆત નિમિત્તે
આપ સૌને સુખ, સમૃધ્ધિ, સ્વાસ્થ્ય અને સફળતાની હાર્દિક શુભકામનાઓ
શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા, અમરેલી
શિક્ષણ, સંસ્કાર અને સર્વાંગી વિકાસની અવિરત યાત્રા.... ૧૯૫૯થી
શૈક્ષણિક કાર્યક્ષેત્ર
KGથી PG સુધી-શિક્ષણની સર્વાંગી સફર
- પ્રિ-પ્રાયમરીથી ધોરણ ૧૨ સુધી શાળાકીય શિક્ષણ
- આર્ટસ,કોમર્સ અને સાયન્સ પ્રવાહ
- ગુજરાતી, અંગ્રેજી તેમજ મિશ્ર માધ્યમ
આર્ટસ-કોમર્સ-સાયન્સ કોલેજ-નર્સિંગ કોલેજ
નિવાસી શિક્ષણ કાર્યક્ષેત્ર
ધોરણ ૪થી ૧૨ સુધી-સુવિધાસભર નિવાસી શિક્ષણ
- ધોરણ ૪થી ૧૨ માટે હોસ્ટેલ સુવિધા
- આર્ટસ,કોમર્સ અને સાયન્સ પ્રવાહ
- ગુજરાતી અને અંગ્રેજી માધ્યમ
ધોરણ ૧થી ૮ માટે મિશ્ર માધ્યમ
શિક્ષણ સાથે સંસ્કાર, શિસ્ત અને સર્વાંગી વિકાસનો સંકલ્પ
સંપર્ક નંબર : ૯૦૯-૯૦૯-૮૨૨૦/૬૩૫૬૩૬૭૦૦૦
Email : Admin@Gajeracampus.com
શ્રીમતિ શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ
વિદ્યાસભા, લાઠી રોડ, અમરેલી
એક સંકલ્પ-શ્રેષ્ઠ શિક્ષણ, ઉજ્જવળ ભવિષ્ય


નૂતન વર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
નવા વર્ષે નવલા દીવડાનો ઝમમગાટ સંબંધોની હુંફ પરંપરાઓની સુવાસ
અને દરેકનાં હૃદયમાં નવી આશાનો સંચાર...
આવતું નવું વર્ષ અનેક રંગો સાથે સૌના જીવનમાં સુખ-શાંતિ અને સમૃધ્ધિનો ઉમેરાય જાય તેવી ઈશ્વર પાસે
પ્રાર્થના સાથે સૌને નવા વર્ષના સાલ મુબારક...
શ્રી દ્વારકાદાસ કે. દોમડીયા
(પ્રમુખશ્રી : જીલ્લા પંચાયત કચેરી-ગીરસોમનાથ)
શ્રી કાળુભાઈ બી. રૂપાલા
(ઉપપ્રમુખશ્રી : ગીરસોમનાથ ભાજપા)
શ્રી માનભાઈ વીરાભાઈ મકવાણા
(પ્રમુખશ્રી : તાલુકા પંચાયત - ગીરગઢડા)
શ્રી ધર્મેશકુમાર એલ. રાખોલીયા
(પ્રમુખશ્રી : ગીરગઢડા તાલુકા ભાજપા)


નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ
મલ્ટીસ્પેશિયાલિટી હોસ્પિટલ
એન.સી.ટી. કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧,ફોન : (૦૨૭૯૨) ૨૨૩૩૧૬, ૨૨૦૬૨૦
નિયમિત ડોકટર ટીમ
Contact:9978966629
આયુષ્માન કાર્ડ અને કેશલેસ સુવિધા દ્વારા મફત સારવાર આપતી હોસ્પિટલ | નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ..
ફિઝિયોથેરાપી | ડાયાલિસીસ | X-Ray | લેબોરેટરી | મેડિકલની સુવિધા ઉપલબ્ધ
ફિઝિશિયન વિભાગ
ડો. વિજય મકવાણા (MD - મેડીસિન)
હૃદયરોગ, બી.પી., ડાયાબિટીસ, ફેફસા-લિવર રોગોની સારવાર.
તાવ અને સામાન્ય બીમારીની સંપૂર્ણ સારવાર ઉપલબ્ધ.
બાળરોગ વિભાગ
ડો. કલ્પેશ વધાસીયા (પીડિયાટ્રિક્સ)
બાળકોના તમામ રોગોની સારવાર.
રસીકરણ અને નવજાત શિશુ સંભાળ.
યુરોલોજી વિભાગ
ડો. નીત ચોટાઈ (યુરોલોજીસ્ટ)
કિડની, પથરી, પ્રોસ્ટેટ નિદાન અને ઓપરેશન.
અમરેલીના અનુભવી યુરોલોજીસ્ટ.
કાન-નાક-ગળા વિભાગ
ડો. હર્ષ બારોટ (M.S. - ENT)
કાન-નાક-ગળાના રોગોની સારવાર.
ગળા-ટોન્સિલ-સાઈનસની સંમસ્યા નિદાન.
ઓર્થોપેડિક (હાડકા-સ્નાયુ-સાંધા વિભાગ)
ડો. ભાર્ગવ નિમાવત (MS - Ortho)
હાડકા-સ્નાયુ-સાંધાનો દૂખાવો, ફેક્ચર, TKR/THR
સાંધા બદલવાનું ઓપરેશન.
ગાયનેક વિભાગ
ડો. જુગલ (ગાયનેક)
સામાન્ય ડિલિવરી, સ્ત્રીરોગની તપાસ અને સારવાર.
ગર્ભાશયના રોગોની સારવાર.
ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ
ડો. ચેતના મુરારકર (ગાયનેકોલોજીસ્ટ)
ગર્ભાવસ્થા, ડિલિવરી, આઈ.વી.એફ. સ્ત્રીરોગની તમામ
સારવાર ઉપલબ્ધ.
આંખ વિભાગ
ડો. પૂજા ચોટાઈ (ઓપ્થાલ્મોલોજીસ્ટ)
આંખના તમામ રોગોની સારવાર.
મોતિયા, દ્રષ્ટિ ચકાસણી અને ઓપરેશન.
• 24×7 ઈમરજન્સી સેવા ઉપલબ્ધ • સ્વચ્છ અને સુરક્ષિત વાતાવરણ • અનુભવી સ્ટાફ અને આધુનિક સાધનો

દેશભરમાં દિવાળીની ભવ્ય ઉજવણી

શ્રીનગરના લાલ ચોકથી અમૃતસરના સુવર્ણ મંદિર સુધી રોશનીનો ઝગમગાટ

હજારો દીવાઓથી ઝળહળી ઊઠ્યું શ્રીનગરનું ઐતિહાસિક ઘંટાઘર, સુવર્ણ મંદિરમાં દિવાળીની સાથે બંદી છોડ દિવસની ઉજવણી

નવી દિલ્હી, તા.૯

દેશભરમાં પ્રકાશના પર્વ દિવાળીની રવિવારે ભારે ઉત્સાહ અને ઉમંગ સાથે ઉજવણી કરવામાં આવી હતી. દેશના વિવિધ શહેરોમાં ઘરો, બજારો, મંદિરો અને ઐતિહાસિક સ્થળો દીવાઓ, મીણબત્તીઓ તથા રંગબેરંગી રોશનીથી ઝળહળી ઊઠ્યાં હતાં. ક્યાંક આકાશમાં ફટાકડાની આતશબાજી જોવા મળી હતી, તો ક્યાંક હજારો દીવાઓ પ્રગટાવીને તહેવારની ખુશીઓ મનાવવામાં આવી હતી. જમ્મુ-કાશ્મીરના શ્રીનગરના ઐતિહાસિક લાલ ચોકથી લઈને પંજાબના અમૃતસર સ્થિત સુવર્ણ મંદિર સુધી દિવાળીની ભવ્ય રોનક જોવા મળી હતી. જોકે, એક તરફ દેશભરમાં ઉત્સવનો માહોલ હતો, તો બીજી તરફ દિલ્હીમાં વધતા વાયુ પ્રદૂષણે ચિંતા વધારી હતી.

દિવાળીના પર્વ નિમિત્તે લોકોએ એકબીજાને મીઠાઈઓ અને ભેટસોગાદો આપીને શુભેચ્છાઓ પાઠવી હતી. પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ અને જમ્મુ-કાશ્મીર સહિત દેશના વિવિધ રાજ્યોમાં ધાર્મિક સ્થળો અને જાહેર વિસ્તારોને વિશેષ રીતે શણગારવામાં આવ્યા હતા.

જમ્મુ-કાશ્મીરની રાજધાની શ્રીનગરનો ઐતિહાસિક લાલ ચોક દિવાળીના અવસરે ખાસ આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. અહીં આવેલા પ્રખ્યાત ઘંટાઘરને હજારો દીવાઓથી શણગારવામાં આવ્યું હતું. સાંજ પડતાં જ સ્થાનિક લોકો અને પ્રવાસીઓ મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. લોકોએ દીવાઓ પ્રગટાવીને અને ફટાકડા ફોડીને દિવાળીની ઉજવણી કરી હતી. કાશ્મીર ખીણના અન્ય વિસ્તારોમાં પણ સુરક્ષા દળોએ પોતાની છાવણીઓમાં દીવાઓ પ્રગટાવીને અને મીઠાઈઓ વહેંચીને તહેવાર મનાવ્યો હતો. પંજાબના અમૃતસર સ્થિત સુવર્ણ મંદિર ખાતે દિવાળીની સાથે શીખ ધર્મનો પવિત્ર તહેવાર 'બંદી છોડ દિવસ' પણ પરંપરાગત ઉત્સાહ સાથે ઉજવવામાં આવ્યો હતો. આ અવસરે સમગ્ર સુવર્ણ મંદિર પરિસરને રંગબેરંગી રોશનીથી શણગારવામાં આવ્યું હતું. વહેલી સવારથી જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ દર્શન માટે ઉમટી પડ્યા હતા. સાંજે પવિત્ર સરોવરના કિનારે દીવાઓ પ્રગટાવવામાં આવ્યા હતા અને ભવ્ય આતશબાજીએ આકાશને ઝળહળતું કરી દીધું હતું.

શીખ ધર્મના છઠ્ઠા ગુરુ, ગુરુ હરગોવિંદ સાહિબની મુઘલ કેદમાંથી મુક્તિની યાદમાં બંદી છોડ દિવસ ઉજવવામાં આવે છે. ઐતિહાસિક માન્યતા મુજબ, વર્ષ ૧૬૨૦માં ગુરુ હરગોવિંદ સાહિબની સાથે અન્ય ૫૨ રાજાઓને પણ મુક્ત કરવામાં આવ્યા હતા. ત્યારબાદ તેમના અમૃતસર આગમન નિમિત્તે લોકોએ દીવાઓ પ્રગટાવીને ખુશી વ્યક્ત કરી હતી. ઉત્તર પ્રદેશના વારાણસીમાં બાળકોએ આકાશમાં સ્કાય લેન્ટર્ન ઉડાડીને દિવાળીની ઉજવણી કરી હતી. મથુરામાં શ્રીકૃષ્ણ જન્મભૂમિ મંદિર પરિસરને માટીના દીવાઓથી શણગારવામાં આવ્યું હતું. શ્રદ્ધાળુઓએ મંદિરોમાં દર્શન કરીને તહેવારની ખુશીઓ મનાવી હતી. પશ્ચિમ બંગાળના બીરભૂમ જિલ્લાના શાંતિનિકેતનમાં યુવતીઓએ ફુલઝડી સળગાવીને ઉજવણી કરી હતી, જ્યારે નાદિયા જિલ્લામાં મહિલાઓએ રંગોળીની આસપાસ દીવાઓ પ્રગટાવીને દિવાળીની રોનક વધારી હતી.

રાજસ્થાનના જયપુર સ્થિત BAPS શ્રી સ્વામિનારાયણ અક્ષરધામ મંદિરમાં દિવાળીના અવસરે વિશેષ આરતી ઉતારવામાં આવી હતી. મંદિરને રોશનીથી શણગારવામાં આવ્યું હતું. બીજી તરફ પંજાબ, હરિયાણા અને ચંદીગઢનાં શહેરોમાં બજારોમાં ખરીદી માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. ઘરો, દુકાનો અને ધાર્મિક સ્થળોને દીવાઓ, મીણબત્તીઓ તથા રંગબેરંગી લાઈટોથી શણગારવામાં આવ્યાં હતાં. દેશભરમાં દિવાળીની ઉજવણીનો ઉત્સાહ જોવા મળ્યો હતો, પરંતુ રાજધાની દિલ્હીમાં ફટાકડાના ધુમાડાને કારણે હવાની ગુણવત્તા કથળી હતી. રવિવારે સાંજે અનેક વિસ્તારોમાં ધુમ્મસ છવાઈ ગયું હતું અને હવામાં ધુમાડાની ગંધ અનુભવાઈ હતી.

પ્રાપ્ત આંકડા મુજબ, રવિવારે સાંજે ૭ વાગ્યે દિલ્હીમાં સરેરાશ એર ક્વોલિટી ઈન્ડેક્સ (AQI) ૩૭૧ નોંધાયો હતો, જ્યારે સમગ્ર દિવસનો સરેરાશ AQI ૩૭૬ રહ્યો હતો. આ અગાઉ શનિવારે AQI ૩૬૯ નોંધાયો હતો. દિલ્હીનાં ૫૯ હવા ગુણવત્તા મોનિટરિંગ કેન્દ્રોમાંથી ૧૯ કેન્દ્રો પર હવાની ગુણવત્તા ગંભીર શ્રેણીમાં નોંધાઈ હતી. જહાંગીરપુરી વિસ્તારમાં સૌથી વધુ ૪૬૦ AQI નોંધાયો હતો.

આમ, દેશભરમાં દિવાળીના પર્વે રોશની, શ્રદ્ધા અને ઉત્સાહનો માહોલ જોવા મળ્યો હતો. શ્રીનગરના લાલ ચોકથી લઈને અમૃતસરના સુવર્ણ મંદિર સુધી દીવાઓની ઝળહળાટે તહેવારને યાદગાર બનાવ્યો હતો. જોકે, દિલ્હીમાં વધેલા પ્રદૂષણે તહેવારો દરમિયાન પર્યાવરણ અને સ્વચ્છ હવાના મહત્ત્વ અંગે ફરી એકવાર ચર્ચા જગાવી છે.

લોકી ફર્ગ્યુસન અને બ્લેયર ટિકનર બહાર

ભારત સામેની વનડે સિરીઝમાં ન્યૂઝીલેન્ડને બેવડો ફટકો પડ્યો

ફર્ગ્યુસન ઈજાને કારણે નહીં રમે, ટિકનર હેલમેટ પર બોલ વાગતાં મેદાનથી દૂર; ક્રિસ્ટિયન ક્લાર્કને ટીમમાં સ્થાન

હેમિલ્ટન, તા.૯

ભારત સામેની પાંચ મેચની વનડે સિરીઝમાં ન્યૂઝીલેન્ડની મુશ્કેલીઓ સતત વધી રહી છે. એક તરફ ટીમ સિરીઝમાં ૦-૨થી પાછળ છે, તો બીજી તરફ ખેલાડીઓની ઈજાએ ટીમ મેનેજમેન્ટની ચિંતા વધારી છે. ફાસ્ટ બોલર લોકી ફર્ગ્યુસન અને બ્લેયર ટિકનર આગામી મેચોમાં ઉપલબ્ધ નહીં રહેતાં ન્યૂઝીલેન્ડને મોટો ફટકો પડ્યો છે. ફર્ગ્યુસન જમણી પિંડળીમાં થયેલી ઈજામાંથી સંપૂર્ણ સાજો ન થતાં ચોથી અને પાંચમી વનડેમાંથી બહાર થયો છે. જ્યારે ટિકનરને બીજી વનડે દરમિયાન બેટિંગ કરતી વખતે હેલમેટ પર બોલ વાગતાં ફરજિયાત સાત દિવસ આરામ આપવામાં આવ્યો છે. ન્યૂઝીલેન્ડ ક્રિકેટ દ્વારા સોમવારે ખેલાડીઓની ઉપલબ્ધતા અંગે જાહેરાત કરવામાં આવી હતી. ટિકનરના સ્થાને ફાસ્ટ બોલિંગ ઓલરાઉન્ડર ક્રિસ્ટિયન ક્લાર્કને ત્રીજી વનડે પહેલાં ટીમમાં સામેલ કરવામાં આવ્યો છે. બીજી તરફ ફર્ગ્યુસન ટી-૨૦ સિરીઝ દરમિયાન થયેલી જમણી પિંડળીની ઈજામાંથી સંપૂર્ણ રીતે સાજો થઈ શક્યો નથી. પરિણામે તે હવે બાકીની વનડે મેચોમાં રમી શકશે નહીં.

વેલિંગ્ટનમાં રમાયેલી બીજી વનડે દરમિયાન બેટિંગ કરતી વખતે બ્લેયર ટિકનરના હેલમેટ પર બોલ વાગ્યો હતો. જોકે, તબીબી તપાસમાં તેને કક્શન ન હોવાનું સ્પષ્ટ થયું છે. તેમ છતાં આઈસીસીના નિયમ મુજબ સાત દિવસનો ફરજિયાત સ્ટેન્ડ-ડાઉન સમયગાળો પૂર્ણ કર્યા બાદ જ તે આંતરરાષ્ટ્રીય ક્રિકેટમાં વાપસી કરી શકશે. આથી તે ત્રીજી અને ચોથી વનડેમાં ઉપલબ્ધ રહેશે નહીં.

ન્યૂઝીલેન્ડ માટે રાહતના સમાચાર એ છે કે ફાસ્ટ બોલર મેટ હેનરી ચોથી વનડેમાં વાપસી કરી શકે છે. ઓકલેન્ડમાં પ્રેક્ટિસ દરમિયાન સાથી ખેલાડી ડેવોન કોનવે સાથે અથડાતાં હેનરીને માથામાં ઈજા થઈ હતી. શરૂઆતમાં તેને કક્શન ન હોવાનું જણાવાયું હતું, પરંતુ ત્યારબાદ ફરી તપાસ કરવામાં આવતાં તેને ચોથી વનડે સુધીમાં ફિટ થવાનું લક્ષ્ય આપવામાં આવ્યું છે.

હેનરી અને કાયલ જેમિસન અગાઉ ત્રીજી વનડે બાદ ટેસ્ટ ટીમ સાથે જોડાવાના હતા, પરંતુ હવે બંને ચોથી વનડે માટે ન્યૂઝીલેન્ડની ટીમ સાથે રહેશે. પાંચ મેચની વનડે સિરીઝમાં ભારતે પ્રથમ બંને મેચ જીતીને ૨-૦ની સરસાઈ મેળવી છે. હવે ત્રીજી વનડે ૧૦ નવેમ્બરે હેમિલ્ટનમાં રમાશે. ન્યૂઝીલેન્ડ માટે આ મેચ સિરીઝમાં ટકી રહેવા માટે અત્યંત મહત્ત્વની રહેશે. અગાઉ રમાયેલી પાંચ મેચની ટી-૨૦ સિરીઝમાં પણ ભારતે ૩-૨થી વિજય મેળવ્યો હતો.

આ ઉપરાંત ન્યૂઝીલેન્ડના ટોમ લાથમ, ડેરિલ મિચેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ અને નાથન સ્મિથ ત્રીજી વનડે બાદ ટેસ્ટ સિરીઝની તૈયારી માટે વેલિંગ્ટન જશે. આથી અંતિમ વનડે માટે ટીમની રચનામાં પણ ફેરફાર થવાની શક્યતા છે.

ત્રીજી વનડે માટે ન્યૂઝીલેન્ડની ટીમ :- મિચેલ સેન્ટનર (કેપ્ટન), માઈકલ બ્રેસવેલ, ક્રિસ્ટિયન ક્લાર્ક, જેકબ ડફી, મેટ ફિશર, કાયલ જેમિસન, નિક કેલી, ટોમ લાથમ, ડેરિલ મિચેલ, હેનરી નિકોલ્સ, ગ્લેન ફિલિપ્સ, ટિમ સેઈફર્ટ, નાથન સ્મિથ અને વિલ યંગ. ચોથી વનડે માટે ન્યૂઝીલેન્ડની ટીમ :- મિચેલ સેન્ટનર (કેપ્ટન), ફિન એલન, માઈકલ બ્રેસવેલ, ક્રિસ્ટિયન ક્લાર્ક, જેકબ ડફી, મેટ ફિશર, ડીન ફોક્સક્રોફ્ટ, મિચ હે, મેટ હેનરી, કાયલ જેમિસન, નિક કેલી, ટિમ સેઈફર્ટ અને વિલ યંગ.

BJPએ કોંગ્રેસ પર લગાવ્યો તુષ્ટિકરણની રાજનીતિનો આરોપ

'દિવાળી ખુશીઓની ઈદ છે' ખડગેના નિવેદનને લઈને રાજકીય ગરમાવો

મલ્લિકાર્જુન ખડગેએ દિવાળીની શુભેચ્છા પાઠવતાં કહ્યું હતું કે દિવાળી ભારતનો મુખ્ય તહેવાર છે, જેને તમામ લોકો સાથે મળીને ઉજવે છે

નવી દિલ્હી, તા.૯

દિવાળીના પર્વે કોંગ્રેસ અધ્યક્ષ મલ્લિકાર્જુન ખડગેના એક નિવેદનને લઈને રાજકીય ચર્ચા શરૂ થઈ ગઈ છે. દેશવાસીઓને દિવાળીની શુભેચ્છા પાઠવતાં ખડગેએ આ તહેવારને 'ખુશીઓની ઈદ' ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે દિવાળી અનેક દિવસો સુધી ચાલતો ખુશીઓનો તહેવાર છે, જે લોકોને એકસાથે લાવે છે અને પરિવારજનો તથા પ્રિયજનોને મળવાની તક આપે છે. આ સાથે તેમણે દેશમાં શાંતિ જાળવવા, પરસ્પરની ગેરસમજ દૂર કરવા અને રાષ્ટ્રીય એકતા માટે સૌને સાથે મળીને કામ કરવાની અપીલ કરી હતી.

જોકે, ખડગેના આ નિવેદન પર ભારતીય જનતા પાર્ટી (BJP)એ આકરી પ્રતિક્રિયા આપી છે. ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસ પર તુષ્ટિકરણની રાજનીતિ કરવાનો આરોપ લગાવ્યો હતો. તેમણે દાવો કર્યો હતો કે કોંગ્રેસ દિવાળી જેવા પવિત્ર તહેવારના પ્રસંગે પણ વોટબેંકની રાજનીતિ કરી રહી છે. મલ્લિકાર્જુન ખડગેએ દિવાળીની શુભેચ્છા પાઠવતાં કહ્યું હતું કે દિવાળી ભારતનો મુખ્ય તહેવાર છે, જેને તમામ લોકો સાથે મળીને ઉજવે છે. તેમણે દિવાળીને ખુશીઓ, હળીમળીને રહેવા અને પરસ્પર સદભાવનાનું પ્રતીક ગણાવ્યું હતું.

ખડગેનો સંદેશ તહેવારના માધ્યમથી સામાજિક એકતા અને ભાઈચારાને મજબૂત બનાવવાનો હતો. તેમના જણાવ્યા અનુસાર, દિવાળી લોકોને એકસાથે લાવે છે અને પરિવાર તથા સ્વજનો સાથે સમય પસાર કરવાની તક આપે છે. જોકે, તેમના આ નિવેદન બાદ ભાજપે તેને રાજકીય મુદ્દો બનાવ્યો હતો.

ખડગેના નિવેદનને લઈને ભાજપના પ્રવક્તા પ્રદીપ ભંડારીએ કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કોંગ્રેસને એન્ટી-સનાતની ગણાવીને સોશિયલ મીડિયા પ્લેટફોર્મ X પર લખ્યું હતું કે, કોંગ્રેસ અધ્યક્ષે દિવાળીને ખુશીઓની ઈદ ગણાવી છે! ભંડારીએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસ દિવાળીના દિવસે પણ તુષ્ટિકરણ અને વોટબેંકની રાજનીતિ કરી રહી છે. તેમણે પોતાની પોસ્ટમાં સોનિયા ગાંધીના બાબરી મસ્જિદ સાથે જોડાયેલા કથિત નિવેદનનો પણ ઉલ્લેખ કર્યો હતો.

ભંડારીએ લખ્યું હતું કે, એક દિવસ પહેલાં સોનિયા ગાંધી બાબરી માટે દુઃખ વ્યક્ત કરી રહ્યાં હતાં અને હવે ખડગે દિવાળીના સંદેશમાં તુષ્ટિકરણની રાજનીતિ કરી રહ્યા છે. ખડગેએ પોતાના દિવાળીના સંદેશમાં માત્ર શુભેચ્છાઓ જ પાઠવી નહોતી, પરંતુ દેશમાં શાંતિ અને પરસ્પર સદભાવના જાળવવાની અપીલ પણ કરી હતી. તેમણે કહ્યું હતું કે જે લોકો એકબીજા સાથે ઝઘડી રહ્યા છે, તેમણે પોતાની ગેરસમજ દૂર કરીને મતભેદો ભૂલી જવા જોઈએ. કોંગ્રેસ અધ્યક્ષે વધુમાં જણાવ્યું હતું કે દેશની રક્ષા કરવા અને તેને એકજૂથ રાખવા માટે દરેક નાગરિકે પૂરા દિલથી કામ કરવું જોઈએ. તેમના મતે દેશની એકતા અને શાંતિ જાળવવી દરેક નાગરિકની જવાબદારી છે.

દિવાળીના સંદેશ દરમિયાન ખડગેએ રાહુલ ગાંધી દ્વારા વડાપ્રધાન નરેન્દ્ર મોદીને આપવામાં આવેલા ચર્ચાના પડકારનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું હતું કે, રાહુલ ગાંધીએ નરેન્દ્ર મોદીને ચર્ચા માટે આમંત્રણ આપ્યું છે, પરંતુ વડાપ્રધાન આગળ આવી રહ્યા નથી. જોકે, આ તેમની પોતાની મરજી છે. ખડગેએ વધુમાં સ્પષ્ટતા કરી હતી કે કોંગ્રેસની રાજકીય લડાઈ વડાપ્રધાન નરેન્દ્ર મોદી, ગૃહમંત્રી અમિત શાહ અને ભાજપ સામે છે, કોઈ અન્ય વ્યક્તિ સામે નથી. આમ, દિવાળીના શુભેચ્છા સંદેશથી શરૂ થયેલો આ મામલો હવે કોંગ્રેસ અને ભાજપ વચ્ચેની રાજકીય નિવેદનબાજીનો મુદ્દો બન્યો છે.

ચૂંટણીમાં હાર બાદ ટ્રમ્પના સૂર બદલાયા

દેશનિકાલ નીતિ વધુ કડક હોવાનો ટ્રમ્પનો સ્વીકાર

ડેમોક્રેટ્સ સાથે ઈમિગ્રેશન મુદ્દે સમજૂતીના સંકેત; કડક નીતિના ઘડવૈયા સ્ટીફન મિલરને વ્હાઇટ હાઉસમાં મોટી જવાબદારી

વોશિંગ્ટન, તા.૯

અમેરિકાની મધ્યસત્રની ચૂંટણીમાં રિપબ્લિકન પાર્ટીને મળેલા પરાજય બાદ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે ઈમિગ્રેશન નીતિ અંગે પોતાના વલણમાં ફેરફારના સંકેત આપ્યા છે. ટ્રમ્પે સ્વીકાર્યું છે કે તેમની સરકારની દેશનિકાલ નીતિ કદાચ જરૂર કરતાં વધુ કડક હતી. સાથે જ તેમણે ડેમોક્રેટ્સ સાથે ઈમિગ્રેશનના મુદ્દે સમજૂતી કરવાની તૈયારી પણ દર્શાવી છે.

સીબીએસના જાણીતા કાર્યક્રમ '૬૦ મિનિટ્સ'ને આપેલા ઈન્ટરવ્યૂમાં ટ્રમ્પે જણાવ્યું હતું કે રિપબ્લિકન પાર્ટીની ચૂંટણીમાં થયેલી હાર પાછળ દેશનિકાલની કડક નીતિ પણ એક કારણ હોઈ શકે છે. તેમણે કહ્યું કે આ નીતિ કદાચ વધુ પડતી કડક હતી. જોકે, ડેમોક્રેટ્સ સાથે કઈ રીતે સમજૂતી કરવામાં આવશે તે અંગે તેમણે કોઈ સ્પષ્ટ વિગતો આપી નહોતી.

ટ્રમ્પે ગેરકાયદે રીતે અમેરિકામાં રહેતા હત્યારાઓ અને ડ્રગ્સના વેપારીઓને દેશમાંથી બહાર કાઢવાની નીતિનું સમર્થન કર્યું હતું. જોકે, તેમણે એવા ઈમિગ્રન્ટ્સને અમેરિકામાં રહેવાની છૂટ આપવાની શક્યતા પણ વ્યક્ત કરી હતી, જેઓ સારી રીતે કામ કરે છે, હોટેલ, લેન્ડસ્કેપિંગ સહિતના વ્યવસાયોમાં રોજગારી આપે છે અથવા કરે છે અને કરવેરો પણ ભરે છે.

ટ્રમ્પના નિવેદન વચ્ચે તેમની સરકારની કડક ઈમિગ્રેશન નીતિના મુખ્ય ઘડવૈયા સ્ટીફન મિલરને વ્હાઈટ હાઉસના ચીફ ઓફ સ્ટાફ તરીકે નિયુક્ત કરવામાં આવ્યા છે. આ નિમણૂકને લઈને ડેમોક્રેટિક નેતા ચક શૂમરે ટ્રમ્પ પર નિશાન સાધ્યું હતું. તેમણે સોશિયલ મીડિયા પર ટિપ્પણી કરતાં કહ્યું કે એક તરફ ટ્રમ્પ ઈમિગ્રેશન કાર્યવાહી વધુ પડતી કડક હોવાની વાત કરે છે, તો બીજી તરફ એ જ નીતિના જવાબદાર વ્યક્તિને પ્રમોશન આપે છે.

ટ્રમ્પના બીજા કાર્યકાળ દરમિયાન ઈમિગ્રેશન વિરોધી કાર્યવાહી સરકારની મુખ્ય પ્રાથમિકતાઓમાં રહી છે. અમેરિકાનાં અનેક શહેરોમાં ફેડરલ એજન્સીઓ દ્વારા દરોડા અને ધરપકડની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહીના વિરોધમાં થયેલા પ્રદર્શનો દરમિયાન ફેડરલ અધિકારીઓની ગોળીબારમાં બે અમેરિકન નાગરિકો રેની ગુડ અને એલેક્સ પ્રેટી માર્યા ગયા હતા. નવા કોંગ્રેસમાં ડેમોક્રેટ્સે ઈમિગ્રેશન એન્ડ કસ્ટમ્સ એન્ફોર્સમેન્ટ (ICE) અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યુરિટી (DHS)ની કામગીરી પર દેખરેખ વધારવાની વાત કરી છે. ઈન્ટરવ્યૂ દરમિયાન ટ્રમ્પે વર્ષ ૨૦૨૮ની પ્રમુખપદની ચૂંટણી અંગે પણ પોતાનો અભિપ્રાય વ્યક્ત કર્યો હતો. રિપબ્લિકન પાર્ટીમાં તેમના સંભવિત ઉત્તરાધિકારી અંગે પૂછવામાં આવતાં તેમણે ઉપપ્રમુખ જેડી વાન્સ ઉપરાંત વિદેશ મંત્રી માર્કો રુબિયોના નામનો ઉલ્લેખ કર્યો હતો. ટ્રમ્પે રુબિયોના વખાણ કરતાં તેમને શાનદાર ગણાવ્યા હતા. જોકે, તેમણે સ્પષ્ટ કર્યું હતું કે તેઓ ૨૦૨૮ની ચૂંટણીમાં કોઈ ઉમેદવારને સમર્થન આપશે કે નહીં તે અંગે હજુ નિર્ણય લીધો નથી. ચૂંટણીથી દૂર રહેવું પણ તેમના માટે એક વિકલ્પ હોઈ શકે છે.

અમિત શાહે અમદાવાદને આપી દિવાળીની ભેટ

સરખેજથી કર્ણાવતી સુધીનો એલિવેટેડ બ્રિજ ખુલ્લો મુકાયો

રૂ. ૪૬૪ કરોડના ખર્ચે તૈયાર થયો ૪.૩ કિમી લાંબો છ લેનનો કોરિડોર; રોજના બે લાખ વાહનચાલકોને મળશે રાહત

અમદાવાદ, તા.૯

અમદાવાદ અને સાણંદના વાહનચાલકો માટે દિવાળીના તહેવાર નિમિત્તે મોટી રાહતના સમાચાર સામે આવ્યા છે. કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે સોમવારે અમદાવાદના એસજી હાઈવે પર સરખેજથી કર્ણાવતી સુધી નિર્માણ પામેલા એલિવેટેડ કોરિડોરનું લોકાર્પણ કર્યું હતું. આશરે રૂ. ૪૬૪ કરોડના ખર્ચે તૈયાર થયેલો ૪.૩ કિલોમીટર લાંબો અને છ લેનનો આ ઓવરબ્રિજ વાહનચાલકો માટે ખુલ્લો મુકવામાં આવ્યો છે. આ કોરિડોર શરૂ થતાં રોજના અંદાજે બે લાખ વાહનચાલકોને ટ્રાફિકની સમસ્યામાંથી રાહત મળવાની આશા છે.

અમદાવાદના એસજી હાઈવે પર છેલ્લા ઘણા સમયથી વાહનોની સંખ્યામાં સતત વધારો થઈ રહ્યો છે. ખાસ કરીને સરખેજ, સાણંદ ચોકડી, ઈસ્કોન અને કર્ણાવતી ક્લબ આસપાસના વિસ્તારોમાં વારંવાર ટ્રાફિકજામની સ્થિતિ સર્જાતી હતી. સૌરાષ્ટ્ર તરફથી અમદાવાદ અને ગાંધીનગર તરફ આવતા વાહનચાલકોને પણ ભારે મુશ્કેલીનો સામનો કરવો પડતો હતો. હવે નવા એલિવેટેડ કોરિડોરના લોકાર્પણથી આ માર્ગ પર વાહનવ્યવહાર વધુ સુગમ બનશે.

આશરે ૪.૩ કિલોમીટર લાંબો અને છ લેનનો આ એલિવેટેડ કોરિડોર એસજી હાઈવે પર વાહનોની અવરજવરને સરળ બનાવશે. ખાસ કરીને ગાંધીનગરથી સૌરાષ્ટ્ર તરફ જતા અને સૌરાષ્ટ્ર તરફથી ગાંધીનગર તરફ આવતા વાહનચાલકોને વારંવાર ટ્રાફિક સિગ્નલ પર અટકવાની મુશ્કેલી ઓછી થશે. વાહનો સીધા એલિવેટેડ માર્ગ પરથી પસાર થઈ શકશે, જેના કારણે મુસાફરીના સમયમાં પણ બચત થવાની શક્યતા છે.

આ બ્રિજની વિશેષતા તેની બંને તરફ બનાવવામાં આવેલા છ રેમ્પ છે. સરખેજ-સાણંદ ચોકડીથી ઈસ્કોન તરફ જતાં વાહનો માટે ત્રણ રેમ્પ બનાવવામાં આવ્યા છે. જ્યારે ઈસ્કોનથી સરખેજ-સાણંદ ચોકડી તરફ જવા માટે પણ ત્રણ રેમ્પની વ્યવસ્થા કરવામાં આવી છે. આ રેમ્પના કારણે મુખ્ય એલિવેટેડ માર્ગ અને આસપાસના રસ્તાઓ વચ્ચે વાહનોની અવરજવર સરળતાથી થઈ શકશે.

નવો એલિવેટેડ કોરિડોર શરૂ થતાં દરરોજ અંદાજે બે લાખ વાહનચાલકોને તેનો લાભ મળવાની અપેક્ષા છે. સરખેજ, સાણંદ ચોકડી, ઈસ્કોન અને આસપાસના વિસ્તારોમાં ટ્રાફિકનું ભારણ ઘટશે. ખાસ કરીને ઓફિસના સમય દરમિયાન સર્જાતી ટ્રાફિકની સમસ્યામાં રાહત મળવાની શક્યતા છે.અમદાવાદના વધતા શહેરી વિસ્તાર અને વાહનોની સંખ્યાને ધ્યાનમાં રાખીને આ પ્રોજેક્ટ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યો છે. નવા બ્રિજના કારણે એસજી હાઈવે પર વાહનવ્યવહાર વધુ ઝડપી અને સુવ્યવસ્થિત બનશે. દિવાળીના તહેવાર દરમિયાન અમદાવાદના નાગરિકો અને રોજિંદા મુસાફરો માટે આ લોકાર્પણ એક મોટી સુવિધા સમાન બની રહેશે.

દિવાળીની રાતે ઉત્તરપ્રદેશમાં લોહિયાળ ખેલ

ભાજપના ધારાસભ્યના ભાઈની ગોળી મારી હત્યા

ચૂંટણી અદાવતમાં એડવોકેટ અનુજ કુમાર ચતુર્વેદીની હત્યા; કોંગ્રેસના જિલ્લા મહાસચિવ અમૂલ દીક્ષિત પર આરોપ

છિબરામઉ, તા.૯

ઉત્તરપ્રદેશમાં દિવાળીની રાત્રે ગોળીબારની સનસનાટીભરી ઘટના સામે આવી છે. છિબરામઉ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ભાજપનાં ધારાસભ્ય અર્ચના પાંડેના પારિવારિક ભાઈ અને વ્યવસાયે વકીલ એવા અનુજ કુમાર ચતુર્વેદીની ગોળી મારીને હત્યા કરવામાં આવી હતી. પ્રાથમિક માહિતી મુજબ, ચૂંટણીની જૂની અદાવતને પગલે આ હત્યા કરવામાં આવી હોવાની આશંકા છે. ઘટનાને પગલે વિસ્તારમાં ચકચાર મચી ગઈ છે.

મળતી માહિતી અનુસાર, દિવાળીની રાત્રે અનુજ કુમાર ચતુર્વેદી પર હુમલો કરવામાં આવ્યો હતો. આ ઘટનામાં કોંગ્રેસના જિલ્લા મહાસચિવ અમૂલ દીક્ષિત પર ગોળીબાર કરવાનો આરોપ લાગ્યો છે. આરોપીએ ચાર રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાનો પણ દાવો કરવામાં આવ્યો છે. ગોળી વાગતાં અનુજ કુમારનું મોત થયું હતું.

ઘટના બાદ મુખ્ય આરોપી અમૂલ દીક્ષિત ફરાર થઈ ગયો હોવાનું જાણવા મળ્યું છે. આરોપીને ઝડપી પાડવા પોલીસે પાંચ અલગ-અલગ ટીમો બનાવીને શોધખોળ શરૂ કરી છે. પોલીસ દ્વારા ઘટનાના સંજોગો, ચૂંટણી અદાવત અને હત્યા પાછળનાં સંભવિત કારણોની તપાસ હાથ ધરવામાં આવી છે. દિવાળીના તહેવાર દરમિયાન બનેલી આ હત્યાની ઘટનાથી વિસ્તારમાં શોક અને તણાવનો માહોલ સર્જાયો છે. પોલીસે આરોપીને વહેલી તકે ઝડપી પાડવા માટે કાર્યવાહી તેજ બનાવી છે.

વિદેશની ધરતી પર રામાયણની રંગબેરંગી રજૂઆત

પેરિસમાં કઠ પૂતળીના માધ્યમથી રામાયણની કથા બની દિવાળીનું આકર્ષણ

ભારતીય દૂતાવાસના સહયોગથી યોજાયેલા કાર્યક્રમમાં વિવિધ ભાષાઓ દ્વારા સંસ્કૃતિની એકતા દર્શાવાઈ

પેરિસ, તા.૯

વોશિંગ્ટનથી શરૂ કરી શાંઘાઈ સુધી દુનિયાભરના અનેક દેશો જ્યાં જ્યાં ભારતીયો વસ્યા છે, ત્યાં ત્યાં દીપોત્સવનો સમારંભ યોજાયા છે. પરંતુ અહીં (પેરિસમાં) દીપોત્સવ વિશિષ્ટ રીતે ઉજવવામાં આવી હતી. અહીંનાં સ્વામી વિવેકાનંદ કલ્ચર સેન્ટર (એસ.વી.સી.સી.)નાં ઉષા વેંકટરામને કઠપુતળી દ્વારા રામાયણ કથા રજૂ કરી. દીવાળીની ઉજવણીને નવું રૂપ-રંગ આપ્યું હતું. તેમાં ફ્રાંસ સ્થિત ભારતનાં દૂતાવાસે પણ પૂરી સહાય કરી હતી.ઉલ્લેખનીય તો તે છે કે તેમાં તમિલ, હીન્દી, મરાઠી, તેલુગુ અને અંગ્રેજી ભાષાઓમાં કાવ્યો અને ગીતોને કઠપૂતળીના શો સાથે રજૂ કરાયાં હતાં. તે દ્વારા ભારતની વિવિધતામાં પણ રહેલી એકતા પ્રદર્શિત કરાઈ હતી.જેમાં દીપોત્સવનું મહત્ત્વ સમજાવતાં ઉષા વેંકટરામને ફ્રેન્ચમાં કરેલાં સંબોધનમાં ત્યાં ઉપસ્થિત રહેલા ફ્રેન્ચ નાગરિકોને કહ્યું હતું કે આ ઉત્સવ, અંધકાર પર પ્રકાશનો અને અસત્ય પર સત્યનો વિજય દર્શાવવા અમે દર વર્ષે યોજીએ છીએ. જે દુષ્ટ તત્ત્વો પર શુભ તત્ત્વોનો વિજય પણ દર્શાવે છે.

દરમિયાન ભારત સ્થિત ફ્રેન્ચ દૂતાવાસમાં પણ દીપોત્સવની ઉજવણી કરવામાં આવી હતી તેમાં પેરિસમાં યોજાયેલા કાર્યક્રમનો વિડીયો પણ રજૂ કરાયો હતો. ફ્રાંસનાં રાજદૂત ડૉ. થીયરી મેથોએ તે પ્રસંગે આપેલાં તેઓનાં વક્તવ્યમાં ફ્રાંસ અને ભારત વચ્ચેના સંબંધોનો ટૂંકો ઈતિહાસ પણ રજૂ કર્યો હતો. વાસ્તવમાં નવેમ્બર ૬ઠ્ઠીથી પેરિસમાં દીપોત્સવની ઉજવણી ચાલી રહી છે. તે અંગે એક વિડીયો પણ બનાવવામાં આવ્યો છે જે ભારત સ્થિત ફ્રેન્ચ રાજદૂતાવાસમાં દર્શાવવામાં આવ્યો હતો.

ચૂંટણી તંત્રની કામગીરી સામે ફરી સવાલો ઊભા

કર્ણાટકની મતદાર યાદીમાં ડુપ્લિકેટ નામો અને ઓળખપત્રોનો ખુલાસો

એસઆઇઆર બાદ પણ બે વિધાનસભા વિસ્તારોમાં એક જ મતદારના નામ નોંધાયા, ચૂંટણી અધિકારીએ ભૂલ સ્વીકારી

બેંગાલુરુ, તા.૯

કર્ણાટકમાં એસઆઈઆર પછી પણ કેટલાક વિધાનસભા વિસ્તારોમાં મતદાર યાદીઓમાં ખામીઓ જોવા મળી છે.સ્પેશિયલ ઈન્ટેન્સિવ રિવિઝન (એસઆઈઆર) પછી બે અલગ અલગ જગ્યાની મતદાર યાદીઓમાં એક જ મતદારનું નામ અને ડુપ્લિકેટ વોટર આઈડી સામે આવ્યા છે.

આ કેસ બે અલગ અલગ વિધાનસભા વિસ્તારના છે.રાજ્યનાં મુખ્ય ચૂંટણી અધિકારીએ અરજીઓની પ્રક્રિયામાં થયેલ ખામીઓનો સ્વીકાર કર્યો છે. આ અંગે એક સ્પષ્ટીકરણ જારી કરવામાં આવ્યું છે.આ સ્પષ્ટીકરણમાં સીઈઓ ઓફિસે જણાવ્યું છે કે મતદાર અરજીઓને સંભાળવામાં થયેલ બે અલગ અલગ ભૂલોને કારણે આ કેસો સામે આવ્યા છે.પ્રથમ કેસમાં કેટલાક અરજકર્તાઓએ એસઆઈઆર દરમિયાન સિટિઝન સર્વિસ પોર્ટલનાં માધ્યમથી એકથી વધારે ફોર્મ નં. ૬ જમા કરાવ્યા હતાં. દરેક અરજીને અલગ અલગ પ્રોસેસ કરવામાં આવી હોવાથી અજાણતામાં એક જ મતદાર માટે અનેક એપિક નંબરો જનરેટ થઈ ગયા હતાં.બીજો કેસ એ લોકો સાથે જોડાયેલો છે જેમણે ઘર બદલ્યા છે. જે મતદારોએ પોતાનું ઘર એક વિધાનસભા વિસ્તારમાંથી બીજા વિધાનસભા વિસ્તારમાં બદલ્યું તેમનો વિધાનસભા વિસ્તાર પણ બદલાઈ ગયો હતો. જો કે સરનામું બદલવા માટે ફોર્મ નંબર ૮ની અરજીઓને મંજૂરી મળી જતાં તેમના નામ નવા વિધાનસભા વિસ્તારની મતદાર યાદીમાં આવી ગયા હતાં. જો કે જૂના વિધાનસભા વિસ્તારમાંથી નામ હટાવવા માટે ફોર્મ નં. ૭ વિલંબિત રહેતા તેમના નામ જૂના વિધાનસભા મત વિસ્તારની મતદાર યાદીમાં પણ ચાલુ રહ્યાં હતાં.

કેન્દ્ર અને રેખા ગુપ્તા સરકાર વિપક્ષના નિશાન પર

દિલ્હીમાં પ્રદૂષણ બેકાબૂ, AQIના આંકડા છુપાવવાના આક્ષેપથી રાજકીય ઘમાસાણ

ભાજપના કપિલ મિશ્રાનો AAP પર પરાલી સળગાવવાનો આરોપ, કોંગ્રેસે મોનિટરિંગ સ્ટેશનોના ડેટા ગાયબ થવા અંગે ઉઠાવ્યા સવાલ

નવી દિલ્હી, તા.૯

દિવાળીના તહેવાર બાદ દેશની રાજધાની દિલ્હીમાં હવાનું પ્રદૂષણ ગંભીર સ્તરે પહોંચતાં રાજકીય વિવાદ વકર્યો છે. દિલ્હી-NCRના અનેક વિસ્તારોમાં ધુમ્મસ અને ધુમાડાના ગાઢ પડને કારણે દૃશ્યતા ઘટી ગઈ છે. એક તરફ ભારતીય જનતા પાર્ટી (ભાજપ)એ પંજાબમાં પરાલી સળગાવવાની ઘટનાઓને લઈને આમ આદમી પાર્ટી (AAP) પર નિશાન સાધ્યું છે, તો બીજી તરફ કોંગ્રેસ અને AAPએ દિલ્હી સરકાર પર પ્રદૂષણના વાસ્તવિક આંકડા છુપાવવાનો આરોપ લગાવ્યો છે. પરિણામે પ્રદૂષણની સમસ્યા હવે રાજકીય આક્ષેપ-પ્રતિઆક્ષેપનું કેન્દ્ર બની છે. કેન્દ્રીય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (CPCB)ના સમીર એપ પર ઉપલબ્ધ આંકડા મુજબ, રવિવારે રાત્રે ૧૧:૦૫ વાગ્યે દિલ્હીની સરેરાશ હવાની ગુણવત્તા સૂચકાંક (AQI) ૩૭૩ નોંધાયો હતો. જોકે, રાજધાનીના અનેક વિસ્તારોમાં AQI ૪૦૦ને પાર પહોંચી ગયો હતો. અલીપુર, બવાના, બુરાડી, ચાંદની ચોક, મુંડકા, પંજાબી બાગ, રોહિણી અને વિવેક વિહાર સહિતના વિસ્તારોમાં પ્રદૂષણનું પ્રમાણ અત્યંત ઊંચું નોંધાયું હતું.

આ દરમિયાન આરકે પુરમ, નેહરુ નગર, મુંડકા, સોનિયા વિહાર અને દ્વારકા સહિતનાં કેટલાંક મોનિટરિંગ સ્ટેશનો પર રિયલ ટાઈમ પ્રદૂષણના આંકડા ઉપલબ્ધ ન હોવાનો અહેવાલ સામે આવ્યો હતો. આ બાબતે સરકારની કામગીરી અને હવાની ગુણવત્તાના આંકડાઓની પારદર્શિતા અંગે સવાલો ઊભા થયા છે.

દિલ્હી સરકારના મંત્રી કપિલ મિશ્રાએ પંજાબમાં પરાલી સળગાવવાની ઘટનાઓને લઈને AAP પર ગંભીર આક્ષેપ કર્યા છે. તેમણે પંજાબના કેટલાક વિસ્તારોના AQIના આંકડા રજૂ કરતાં મલોટ, અબોહર અને સંગરુરમાં પ્રદૂષણનું ઊંચું પ્રમાણ હોવાનો દાવો કર્યો હતો. તેમના જણાવ્યા અનુસાર, અબોહરમાં AQI ૧,૩૦૭ અને પંજાબના મુખ્યમંત્રી ભગવંત માનના મતવિસ્તાર સંગરુરમાં ૧,૬૫૧ સુધી પહોંચ્યો હતો. કપિલ મિશ્રાએ આરોપ લગાવ્યો કે પંજાબમાં ખેડૂતોનાં ખેતરોમાં પરાલી સળગાવવાની ઘટનાઓ પાછળ છઈઁના નેતાઓની ભૂમિકા હોઈ શકે છે. તેમણે આ મામલે છઈઁના ધારાસભ્યો, નેતાઓ અને દિલ્હીની ટીમના ફોન રેકોર્ડની તપાસ કરવાની માગ કરી હતી. તેમણે વધુમાં જણાવ્યું હતું કે પંજાબમાં નિષ્પક્ષ તપાસ કરવામાં આવે તો સમગ્ર મામલાનું સત્ય બહાર આવી શકે છે અને અરવિંદ કેજરીવાલની મુશ્કેલીઓ વધી શકે છે. જોકે, આ તમામ આક્ષેપો અંગે સ્વતંત્ર તપાસથી જ હકીકત સ્પષ્ટ થઈ શકે છે. કોંગ્રેસના પ્રવક્તા પવન ખેડાએ દિલ્હી સરકાર પર પ્રદૂષણના આંકડા છુપાવવાનો આરોપ લગાવ્યો છે. તેમના દાવા મુજબ, રાત્રે ૨થી ૩ વાગ્યાની વચ્ચે દિલ્હીના ૩૯માંથી ૨૫ મોનિટરિંગ સ્ટેશનો પર PM2.5ના આંકડા ઉપલબ્ધ નહોતા. તેમણે સવાલ કર્યો હતો કે શું સરકાર જાણીજોઈને આંકડા જાહેર થવા દેતી નથી કે પછી મોનિટરિંગ મશીનો બંધ કરી દેવામાં આવ્યાં હતાં?

ખેડાએ જણાવ્યું હતું કે પ્રદૂષણના આંકડા ઉપલબ્ધ ન હોવાનો અર્થ એ નથી કે હવામાં પ્રદૂષણ પણ ઘટી ગયું છે. સરકારે આ અંગે સ્પષ્ટતા કરવી જોઈએ. તેમણે આ મુદ્દે અગાઉ સુપ્રીમ કોર્ટ દ્વારા દિલ્હી-એનસીઆરના પ્રદૂષણને લઈને કરવામાં આવેલી ટિપ્પણીઓનો પણ ઉલ્લેખ કર્યો હતો. AAPના નેતા સૌરભ ભારદ્વાજે પણ પ્રદૂષણના આંકડાઓને લઈને દિલ્હી સરકાર પર સવાલો ઉઠાવ્યા હતા.

ગોકુલ ડેરી પર કબજાની રાજનીતિ

ભાજપ સરકારે નિયમો બદલતાં કોલ્હાપુરમાં ખેડૂતોનો ઉગ્ર વિરોધ

કોલ્હાપુરમાં પશુઓ સાથે ખેડૂતોનો કલેક્ટર કચેરી સુધી મોરચો, કૉંગ્રેસે બહુમતી પલટાવવાનો આક્ષેપ કર્યો

કોલ્હાપુર, તા.૯

મહારાષ્ટ્રના કોલ્હાપુરની પ્રતિષ્ઠિત ગોકુલ દૂધ સહકારી સંસ્થાના નિયંત્રણને લઈને રાજકીય વિવાદ વકર્યો છે. ભાજપની આગેવાની હેઠળની મહાયુતિ સરકારે સહકારી સંસ્થાઓના નિયમોમાં ફેરફાર કરીને સરકારી નિયુક્ત સભ્યોને મતદાનનો અધિકાર આપતો વટહુકમ બહાર પાડતાં વિપક્ષે વિરોધ શરૂ કર્યો છે. સરકારના આ નિર્ણયના વિરોધમાં કોંગ્રેસ, મહાવિકાસ અઘાડી (MVA) અને દૂધ ઉત્પાદક ખેડૂતોએ પશુઓ સાથે વિશાળ મોરચો કાઢીને જિલ્લા કલેક્ટર કચેરી સુધી કૂચ કરી હતી.

કોંગ્રેસના વરિષ્ઠ નેતા અને વિધાન પરિષદના સભ્ય સતેજ (બંટી) પાટિલની આગેવાની હેઠળ રાજર્ષિ શાહૂ શેતકરી સમવિચારી અઘાડી દ્વારા કોલ્હાપુરના દશેરા ચોકથી જિલ્લા કલેક્ટર કચેરી સુધી વિરોધ મોરચો યોજાયો હતો. તેમાં જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં દૂધ ઉત્પાદક ખેડૂતો પોતાના પશુઓ સાથે જોડાયા હતા. પ્રદર્શનકારીઓએ કાળા વાવટા અને સરકાર વિરોધી બેનરો સાથે સૂત્રોચ્ચાર કરીને વટહુકમ પાછો ખેંચવાની માગ કરી હતી.

આ મોરચામાં સાંસદ વિશાલ પાટિલ, ધૈર્યશીલ મોહિતે-પાટિલ અને સ્વાભિમાની શેતકરી સંગઠનના પ્રમુખ રાજૂ શેટ્ટી સહિતના નેતાઓ જોડાયા હતા. સ્થાનિક વકીલોએ પણ સહકારી સંસ્થાઓમાં લોકશાહી મૂલ્યો અને ચૂંટાયેલા પ્રતિનિધિઓના અધિકારોના રક્ષણ માટે આંદોલનને સમર્થન આપ્યું હતું.

કોંગ્રેસે ભાજપ સરકાર પર ચૂંટાયેલી બહુમતીને પલટાવવાનો પ્રયાસ કરવાનો આક્ષેપ કર્યો છે. ગોકુલ દૂધ સંઘની ૨૫ બેઠકોની ચૂંટણીમાં કોંગ્રેસ સમર્થિત પેનલે ૧૩ બેઠકો જીતીને બહુમતી મેળવી હતી, જ્યારે ભાજપ અને મહાયુતિ સમર્થિત પેનલને ૧૨ બેઠકો મળી હતી.

કોંગ્રેસનો આરોપ છે કે ચૂંટણીમાં બહુમતી ન મેળવી શક્યા બાદ સરકારે નિયમોમાં ફેરફાર કરીને સરકારી નિયુક્ત સભ્યોને મતદાનનો અધિકાર આપ્યો છે. આ ચાર સભ્યોના મતાધિકારને કારણે શાસક પક્ષનું સંખ્યાબળ ૧૨થી વધીને ૧૬ થઈ શકે છે. વિપક્ષના મતે, આ નિર્ણયથી ચૂંટાયેલા બોર્ડનું મૂળ સમીકરણ બદલાઈ શકે છે.

મહારાષ્ટ્ર સરકારે મહારાષ્ટ્ર કો-ઓપરેટિવ સોસાયટીઝ એક્ટ, ૧૯૬૦માં સુધારો કરીને નવો વટહુકમ બહાર પાડ્યો છે. આ જોગવાઈ મુજબ, જિલ્લા મધ્યસ્થ સહકારી બેંકો સિવાય રૂ.૫૦૦ કરોડથી વધુ વાર્ષિક ટર્નઓવર ધરાવતી સહકારી સંસ્થાઓની મેનેજિંગ કમિટીમાં સરકાર પાંચ સભ્યોની નિમણૂક કરી શકશે. તેમાંથી ચાર સભ્યોને બોર્ડ ઓફ ડિરેક્ટર્સની બેઠકમાં મતદાનનો અધિકાર આપવામાં આવશે.

રૂ.૪,૦૦૦ કરોડથી વધુનું વાર્ષિક ટર્નઓવર ધરાવતી ગોકુલ ડેરી પર આ જોગવાઈની સીધી અસર થવાની શક્યતા છે. વિપક્ષનો દાવો છે કે ચાર સરકારી સભ્યોના મતાધિકારથી સંસ્થાના સંચાલનનું રાજકીય સમીકરણ બદલાઈ શકે છે.

સરકારના નિર્ણય સામે સમવિચારી અઘાડીએ બોમ્બે હાઈકોર્ટમાં અરજી કરીને વટહુકમ રદ કરવાની માગ કરી છે.

સચિન તેંડુલકરના મહારેકોર્ડથી કોહલી ૧૪ સદી દૂર

વિરાટ કોહલીને ૧૦૦ સદી સુધી પહોંચતો જોવા માગે છે ગાવસ્કર

કોહલીની ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીની સિદ્ધિ માટે સાથી ખેલાડીઓ રનનું બલિદાન આપે તો પણ વાંધો નહીં : ગાવસ્કર

નવી દિલ્હી, તા.૯

ભારતીય ક્રિકેટના દિગ્ગજ પૂર્વ બેટ્સમેન સુનીલ ગાવસ્કરે વિરાટ કોહલીની ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીઓની સિદ્ધિને લઈને મહત્ત્વનું નિવેદન આપ્યું છે. ગાવસ્કરના મતે, જો કોઈ ખાસ પરિસ્થિતિમાં ટીમના સાથી ખેલાડીએ પોતાના રનનું બલિદાન આપીને કોહલીને આ ઐતિહાસિક સિદ્ધિ સુધી પહોંચવાની તક આપવી પડે તો તેમાં કંઈ ખોટું નથી. આ સિદ્ધિ માત્ર કોહલી માટે જ નહીં, પરંતુ સમગ્ર ભારતીય ક્રિકેટ ચાહકો માટે ગૌરવની ક્ષણ બની રહેશે.

ન્યૂઝીલેન્ડ સામેની પ્રથમ વનડેમાં વિરાટ કોહલીએ ૫૧ બોલમાં ૭૪ રનની આક્રમક ઈનિંગ રમી હતી. તેની બેટિંગે ભારતીય ટીમની જીતમાં મહત્ત્વની ભૂમિકા ભજવી હતી. આ મેચનો ઉલ્લેખ કરતાં ગાવસ્કરે જણાવ્યું હતું કે જો કોહલી લાંબો સમય ક્રિઝ પર રહ્યો હોત અને ૯૦ના સ્કોરની આસપાસ પહોંચ્યો હોત, તો શુભમન ગિલ અને શ્રેયસ ઐયર માટે મૂંઝવણ ઊભી થઈ શકી હોત. એક તરફ ટીમને જીત અપાવવાની જવાબદારી અને બીજી તરફ કોહલીને સદી પૂરી કરવાની તક આપવાનો પ્રશ્ન હોત. જોકે, ગાવસ્કરના મતે ટીમની જીતની શક્યતાઓને અસર ન થતી હોય તો સાથી ખેલાડીએ આવી વ્યક્તિગત સિદ્ધિ મેળવવામાં મદદ કરવી યોગ્ય છે. ગાવસ્કરે ભારતીય ક્રિકેટમાં રેકોર્ડ્સ પ્રત્યેના લગાવ અંગે પણ પોતાની વાત રજૂ કરી હતી. તેમના મતે, ભારતીય ચાહકો અને ખેલાડીઓમાં રેકોર્ડ્સનું વિશેષ મહત્ત્વ રહ્યું છે. તેમણે એવી ટિપ્પણી પણ કરી હતી કે ઘણા લોકો રેકોર્ડ માટે રમતા ન હોવાની વાત કરે છે, પરંતુ દરેક ખેલાડીની ક્ષમતા અને સ્વભાવ અલગ હોય છે.

વિરાટ કોહલીની સિદ્ધિ અંગે ગાવસ્કરે કહ્યું હતું કે દરેક ભારતીય ક્રિકેટ ચાહક તેને ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીઓ પૂરી કરતો જોવા ઈચ્છે છે. જો કોઈ પ્રસંગે સાથી ખેલાડી પોતાના વ્યક્તિગત રન કરતાં કોહલીની ઐતિહાસિક સિદ્ધિને પ્રાથમિકતા આપે તો તે સમગ્ર ભારતીય ક્રિકેટ જગત માટે આનંદની ક્ષણ બની શકે છે.

વિરાટ કોહલીના નામે અત્યાર સુધી ૮૬ આંતરરાષ્ટ્રીય સદીઓ નોંધાયેલી હોવાનું અહેવાલમાં જણાવાયું છે. બીજી તરફ, સચિન તેંડુલકરના નામે ૧૦૦ આંતરરાષ્ટ્રીય સદીઓનો વિશ્વવિક્રમ છે. આ રીતે કોહલી સચિનના ઐતિહાસિક રેકોર્ડથી ૧૪ સદી દૂર છે. કોહલી હવે મુખ્યત્વે વનડે ક્રિકેટમાં સક્રિય હોવાથી તેની આગામી સદીઓ પર ચાહકોની નજર રહેશે.

મહારાષ્ટ્રના રાજકારણમાં નવાં સમીકરણોની ચર્ચા

શરદ પવાર અને પાર્થ પવાર વચ્ચે ૪૮ કલાકમાં બે બેઠકો

NCPના બંને જૂથોના વિલયની અટકળો તેજ; બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં સુપ્રિયા સુલે અને સુનેત્રા પવારની હાજરીમાં બેઠકના અહેવાલ

મુંબઈ, તા.૯

મહારાષ્ટ્રના રાજકારણમાં ફરી એકવાર નવા રાજકીય સમીકરણો રચાવાની ચર્ચાએ જોર પકડ્યું છે. નેશનાલિસ્ટ કોંગ્રેસ પાર્ટી (NCP)ના શરદ પવાર અને અજિત પવાર જૂથો ફરી એક થઈ શકે છે તેવી અટકળો વચ્ચે છેલ્લા ૪૮ કલાકમાં શરદ પવાર અને પાર્થ પવાર વચ્ચે બે મહત્ત્વપૂર્ણ બેઠકો યોજાઈ હોવાના અહેવાલ સામે આવ્યા છે. બંને વચ્ચે આશરે બે-બે કલાક સુધી ચર્ચા થઈ હોવાનું કહેવાય છે. આ મુલાકાતોને પગલે NCPના બંને જૂથોના સંભવિત વિલય અંગે રાજકીય વર્તુળોમાં ચર્ચા તેજ બની છે.

છેલ્લા બે દિવસ દરમિયાન શરદ પવાર અને પાર્થ પવાર વચ્ચે બે વખત મુલાકાત થઈ હતી. બંને બેઠકો આશરે બે કલાક સુધી ચાલી હોવાનું જાણવા મળે છે.

જોકે, આ મુલાકાતોમાં કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી તે અંગે સત્તાવાર વિગતો જાહેર કરવામાં આવી નથી. બંને જૂથના નેતાઓએ પણ વિલય અંગે કોઈ સ્પષ્ટ જાહેરાત કરી નથી. તેમ છતાં સતત થઈ રહેલી મુલાકાતોને કારણે રાજકીય અટકળો વધી છે.

મુંબઈની બ્રીચ કેન્ડી હોસ્પિટલમાં શરદ પવાર સારવાર હેઠળ હતા તે દરમિયાન પણ એક મહત્ત્વપૂર્ણ બેઠક યોજાઈ હોવાના અહેવાલ છે. આ બેઠકમાં પાર્થ પવાર ઉપરાંત મહારાષ્ટ્રનાં ઉપમુખ્યમંત્રી સુનેત્રા પવાર અને સાંસદ સુપ્રિયા સુલે હાજર રહ્યાં હોવાનું કહેવાય છે. જોકે, આ બેઠકમાં રાજકીય ચર્ચા થઈ હતી કે માત્ર ખબરઅંતર પૂછવામાં આવ્યાં હતાં તે અંગે કોઈ સત્તાવાર સ્પષ્ટતા કરવામાં આવી નથી.

NCPના વરિષ્ઠ નેતા પ્રફુલ્લ પટેલે પણ શરદ પવાર સાથે મુલાકાત કરવાની વાત કરી છે. તેમણે જણાવ્યું હતું કે દિવાળીના તહેવાર બાદ ૧૦ નવેમ્બરથી તેઓ મુંબઈમાં રહેશે અને શરદ પવારના ખબરઅંતર પૂછવા માટે મુલાકાત કરશે. પાર્થ પવાર અને શરદ પવાર વચ્ચે થયેલી મુલાકાત અંગે પ્રફુલ્લ પટેલે જણાવ્યું હતું કે આ મુલાકાત માત્ર તબિયતના સમાચાર જાણવા માટેની હતી અને તેમાં કોઈ રાજકીય ચર્ચા થઈ નહોતી.

મહારાષ્ટ્રના મંત્રી અને શિવસેનાના નેતા સંજય શિરસાટે NCPના બંને જૂથોના વિલીનીકરણ અંગે મહત્ત્વપૂર્ણ દાવો કર્યો છે. તેમના જણાવ્યા અનુસાર, બંને જૂથો વચ્ચે વિલયની પ્રક્રિયા અંતિમ તબક્કામાં હોવાના સંકેતો મળી રહ્યા છે. તેમણે કહ્યું હતું કે હવે કયો પક્ષ કયા જૂથમાં વિલીન થાય છે તે જોવાનું બાકી છે. આ ઉપરાંત, વિલય બાદ નેતાઓની નવી રાજકીય ભૂમિકાઓ પણ નક્કી થઈ શકે છે.

જોકે, NCPના બંને જૂથો તરફથી વિલીનીકરણ અંગે હજુ સુધી કોઈ સત્તાવાર જાહેરાત કરવામાં આવી નથી. શરદ પવાર સાથેની સતત બેઠકો અને વરિષ્ઠ નેતાઓનાં નિવેદનોને પગલે આગામી દિવસોમાં મહારાષ્ટ્રના રાજકારણમાં નવા સમીકરણો રચાય છે કે કેમ તેના પર સૌની નજર મંડાઈ છે.

દિવાળીની રાત્રે ગુજરાતમાં આગનું તાંડવ

સુરત શહેરમાં પાંચ સહિત અમદાવાદમાં ૧૨૦ કોલ

સુરતના મોટા વરાછામાં એપાર્ટમેન્ટના ૧૨મા માળે આગ, અમરેલી, વલસાડ, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં પણ આગથી લાખોનું નુકસાન

અમદાવાદ, તા.૯

દિવાળીના પર્વે સમગ્ર ગુજરાતમાં દીવડાઓ અને ફટાકડાની આતશબાજી વચ્ચે અનેક સ્થળોએ આગની ઘટનાઓએ ચિંતાજનક સ્થિતિ સર્જી હતી. ફટાકડાના કારણે રહેણાક મકાનો, ઔદ્યોગિક ગોડાઉન અને ખુલ્લામાં રાખેલા સામાનમાં આગ લાગવાની અનેક ઘટનાઓ સામે આવી હતી. અમદાવાદ અને સુરત સહિત અમરેલી, વલસાડ, સુરેન્દ્રનગર અને જૂનાગઢમાં આગના બનાવોને પગલે ફાયર વિભાગની ટીમો દોડતી થઈ ગઈ હતી. અનેક સ્થળોએ આગને કારણે ઘરવખરી અને વેપારી સામાન બળીને ખાખ થયો હતો, જ્યારે મોટા વરાછામાં એપાર્ટમેન્ટના ૧૨મા માળે લાગેલી આગ દરમિયાન આઠ લોકોને સુરક્ષિત રીતે બહાર કાઢવામાં આવ્યા હતા.

દિવાળીની રાત્રે અમદાવાદ શહેરમાં આગની ઘટનાઓમાં નોંધપાત્ર વધારો જોવા મળ્યો હતો. ફટાકડાની ઉજવણી વચ્ચે શહેરના અલગ-અલગ વિસ્તારોમાંથી આગ લાગવાના બનાવોની જાણ થતાં ફાયર વિભાગ સતત દોડતું રહ્યું હતું. રાત્રે ૮ વાગ્યાથી વહેલી સવારે ૬ વાગ્યા સુધીના માત્ર ૧૦ કલાકમાં ફાયર વિભાગને આગના કુલ ૧૨૦ કોલ મળ્યા હતા. આ આંકડો તહેવાર દરમિયાન આગની ઘટનાઓની ગંભીરતા દર્શાવે છે.

સુરત શહેર અને આસપાસના વિસ્તારોમાં દિવાળીની રાત્રે આગના અનેક બનાવો નોંધાયા હતા. માંગરોળ જીઆઈડીસીના શુભમ ઈન્ડસ્ટ્રીયલ વિસ્તારમાં વેસ્ટેજના ગોડાઉનમાં આગ લાગતાં અફરાતફરી મચી ગઈ હતી. ઉન વિસ્તારમાં સિદ્ધિકીનગર પાસે પણ આગનો બનાવ સામે આવ્યો હતો. અડાજણમાં એલપી સવાણી સ્કૂલ નજીક આવેલા ગીતાંજલિ એપાર્ટમેન્ટના ત્રીજા માળે આગ લાગતાં ઘરમાં રહેલો સામાન બળીને ખાખ થઈ ગયો હતો.

પ્રાથમિક માહિતી મુજબ ફટાકડાના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. રિંગ રોડ પર કિન્નરી સિનેમા પાસે આવેલા મકાનમાં પણ આગ લાગતાં ઘરવખરીને ભારે નુકસાન થયું હતું.

બીજી તરફ મોટા વરાછાના રિવર વ્યૂ એપાર્ટમેન્ટના ૧૨મા માળે આગ લાગવાની ઘટનાએ રહીશોમાં ફફડાટ ફેલાવ્યો હતો. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ તાત્કાલિક સ્થળ પર પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી સાથે આઠ લોકોને સુરક્ષિત રીતે રેસ્ક્યૂ કર્યા હતા. અમરેલી જિલ્લાના સાવરકુંડલામાં એસટી બસ ડેપોની સામે આવેલા વજનકાંટાના કારખાનામાં અચાનક ભીષણ આગ ફાટી નીકળી હતી. જોતજોતામાં આગે વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ સર્જાયો હતો. કારખાનાની નજીક રહેણાક વિસ્તાર હોવાથી સ્થાનિક લોકોમાં ચિંતા ફેલાઈ હતી. ઘટનાની જાણ થતાં ફાયર વિભાગની ટીમ ઘટનાસ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. આગ લાગવાનું ચોક્કસ કારણ હજુ જાણવા મળ્યું નથી. વલસાડની વિનાયક કૃપા સોસાયટીમાં રહેણાક બિલ્ડિંગના ચોથા માળે આગ લાગવાની ઘટના બની હતી. પ્રાથમિક માહિતી મુજબ ફટાકડાના કારણે આગ લાગી હોવાનું અનુમાન છે. આગને પગલે બિલ્ડિંગના રહીશોમાં ગભરાટ ફેલાયો હતો. જોકે, ફાયર વિભાગની ટીમે સમયસર પહોંચીને આગ પર કાબૂ મેળવવાની કામગીરી હાથ ધરી હતી. સુરેન્દ્રનગર શહેરના દાળમિલ રોડ પર આવેલી વિજય સોસાયટીમાં રહેણાક મકાનના બીજા માળે આવેલા ચામુંડા મંડપ સર્વિસના ગોડાઉનમાં આગ લાગી હતી.

આગમાં ગોડાઉનમાં રાખેલી ખુરશીઓ, ટેબલ સહિતનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન વ્યક્ત કરવામાં આવ્યું છે. ઘટનાની જાણ થતાં મહાનગરપાલિકાના ચારથી પાંચ ફાયર ફાઈટર સ્થળ પર પહોંચ્યા હતા અને ભારે જહેમત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો. આ બનાવમાં લાખો રૂપિયાનું નુકસાન થયાની આશંકા છે. જૂનાગઢના ઝાંઝરડા રોડ પર ખુલ્લામાં રાખવામાં આવેલા સેન્ટિંગના સામાનમાં ભીષણ આગ લાગી હતી. પ્રાથમિક માહિતી મુજબ ફટાકડાના કારણે આગ લાગી હોવાની આશંકા છે. આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરતાં આસપાસના વિસ્તારમાં દોડધામ મચી ગઈ હતી.

ફાયર વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી આગ પર કાબૂ મેળવવા ૨૦ હજાર લીટરથી વધુ પાણીનો મારો ચલાવ્યો હતો. ભારે જહેમત બાદ આગ કાબૂમાં આવી હતી, પરંતુ સેન્ટિંગનાં લાકડાં સહિતનો મોટાભાગનો સામાન બળીને ખાખ થઈ ગયો હતો. આ ઘટનામાં લાખો રૂપિયાનું નુકસાન થયાનો અંદાજ છે. સમયસર આગ પર કાબૂ મેળવી લેવાતાં આસપાસના વિસ્તારોમાં આગ વધુ ફેલાતી અટકી હતી. દિવાળીની રાત્રે રાજ્યભરમાં આગની અનેક ઘટનાઓ સામે આવતાં ફટાકડા ફોડતી વખતે સાવચેતી રાખવાની જરૂરિયાત ફરી એકવાર સામે આવી છે. ખાસ કરીને રહેણાક બિલ્ડિંગો, ગોડાઉન અને જ્વલનશીલ સામાનની નજીક ફટાકડા ફોડવાથી ગંભીર અકસ્માત સર્જાઈ શકે છે. ફાયર વિભાગની સમયસરની કામગીરીને કારણે અનેક સ્થળોએ આગ વધુ ફેલાતી અટકી હતી.

ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે બે જૂથ બાખડ્યાં

અમદાવાદમાં દિવાળીની રાત્રે ફાયરિંગથી ફફડાટ

સાયન્સ સિટી રોડ પરના એમ્પાયર સ્કાયવ્યૂ એપાર્ટમેન્ટ બહાર મારામારી; ૨૦થી ૨૫ લોકોના ટોળાનો હુમલો

અમદાવાદ, તા.૯

દિવાળીના પર્વની ઉજવણી વચ્ચે અમદાવાદના સાયન્સ સિટી રોડ પર ફાયરિંગની ઘટના સામે આવતાં ચકચાર મચી ગઈ છે. ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલો વિવાદ જોતજોતામાં ઉગ્ર બન્યો હતો. એમ્પાયર સ્કાયવ્યૂ એપાર્ટમેન્ટની બહાર બે જૂથ વચ્ચે થયેલી બોલાચાલી બાદ મારામારી, તોડફોડ અને ફાયરિંગની ઘટના બની હતી. આ સમગ્ર ઘટનામાં પાંચ લોકોને ઈજા પહોંચી હોવાનું જાણવા મળ્યું છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, દિવાળીની રાત્રે સાયન્સ સિટી રોડ પર આવેલા એમ્પાયર સ્કાયવ્યૂ એપાર્ટમેન્ટની બહાર ફટાકડા ફોડવાની બાબતે બે પક્ષ વચ્ચે વિવાદ થયો હતો. શરૂઆતમાં સામાન્ય બોલાચાલી થઈ હતી, પરંતુ ત્યારબાદ બંને પક્ષ વચ્ચે ઘર્ષણ વધતાં મોટી સંખ્યામાં લોકો એકઠા થઈ ગયા હતા. ફરિયાદ મુજબ, આશરે ૨૦થી ૨૫ લોકોના ટોળાએ હુમલો કરી મારામારી અને તોડફોડ કરી હતી. અચાનક સર્જાયેલી આ પરિસ્થિતિને કારણે એપાર્ટમેન્ટ બહાર નાસભાગ અને અફરાતફરીનો માહોલ સર્જાયો હતો.

બંને જૂથ વચ્ચેનો વિવાદ વધુ ઉગ્ર બનતાં રાકેશ પટેલે સ્વબચાવમાં હવામાં બે થી ત્રણ રાઉન્ડ ફાયરિંગ કર્યું હોવાની વિગતો સામે આવી છે. ફાયરિંગના અવાજથી આસપાસના વિસ્તારમાં ભયનો માહોલ ફેલાયો હતો. દિવાળીની રાત્રે ફટાકડાના અવાજ વચ્ચે અચાનક ગોળીબાર થતાં સ્થાનિક લોકોમાં ફફડાટ ફેલાયો હતો. સમગ્ર મામલે મિલન રબારી, મીત દેસાઈ, મૌલિક દેસાઈ અને રાહુલ દેસાઈ સામે ફરિયાદ નોંધાવવામાં આવી છે. ઘટનામાં પાંચ લોકોને ઈજા પહોંચી હોવાનું પ્રાથમિક અહેવાલમાં જણાવાયું છે. ફટાકડા ફોડવા જેવી સામાન્ય બાબતે શરૂ થયેલો વિવાદ મારામારી, તોડફોડ અને ફાયરિંગ સુધી પહોંચતાં સમગ્ર વિસ્તારમાં ચર્ચા જાગી છે. હાલ પોલીસ તપાસમાં ફરિયાદમાં કરાયેલા આક્ષેપો, ફાયરિંગની સમગ્ર ઘટના અને બંને જૂથ વચ્ચેના વિવાદ પાછળનું ચોક્કસ કારણ જાણવા પર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે. તપાસ બાદ ઘટનાને લગતી વધુ વિગતો સામે આવે તેવી શક્યતા છે.

કેન્સરના દર્દીઓ માટે મોટી રાહત

૧૩૭ દવાઓના ભાવમાં ૯૬ ટકા સુધીનો ઘટાડો

કેન્દ્ર સરકારનો મહત્ત્વનો નિર્ણય આજથી અમલી; ૬૭૯ બ્રાન્ડની દવાઓના ભાવમાં ૫૦ ટકાથી વધુ ઘટાડો

નવી દિલ્હી, તા.૯

કેન્સરની મોંઘી સારવારનો ખર્ચ ઉઠાવતા દર્દીઓ અને તેમના પરિવારજનો માટે કેન્દ્ર સરકારે રાહતરૂપ નિર્ણય લીધો છે. કેન્સરની સારવારમાં ઉપયોગમાં લેવાતી ૧૩૭ દવાઓના ભાવમાં મોટો ઘટાડો કરવામાં આવ્યો છે. નેશનલ ફાર્માસ્યુટિકલ પ્રાઈસિંગ ઓથોરિટી (NPPA) દ્વારા દવાઓ પર ટ્રેડ માર્જિનની મર્યાદા નક્કી કરવામાં આવતાં નવી કિંમતો ૯ નવેમ્બર, ૨૦૨૬થી અમલી બની છે. આ નિર્ણયથી કેન્સરની સારવાર પાછળ થતો ખર્ચ ઘટવાની આશા છે.

NPPA દ્વારા જાહેર કરવામાં આવેલી માહિતી અનુસાર, કુલ ૮૫ ફાર્માસ્યુટિકલ કંપનીઓએ ૧,૩૬૪ એન્ટી-કેન્સર ફોર્મ્યુલેશનના સુધારેલા ભાવ જાહેર કર્યા છે. આ પૈકી ૬૭૯ બ્રાન્ડની દવાઓના ભાવમાં ૫૦ ટકાથી વધુનો ઘટાડો થયો છે. કેટલીક દવાઓના ભાવમાં મહત્તમ ૯૬.૪૫ ટકા સુધીનો ઘટાડો નોંધાયો છે.

આ ભાવ ઘટાડાને કારણે અગાઉ હજારો અને લાખો રૂપિયામાં મળતી કેટલીક દવાઓ હવે ઘણી ઓછી કિંમતે ઉપલબ્ધ થઈ શકશે. દાખલા તરીકે, અગાઉ રૂ. ૫૦ હજારની કિંમત ધરાવતી દવા હવે અંદાજે રૂ. ૨૫ હજારમાં મળી શકે છે. જ્યારે કેટલીક દવાઓની કિંમત રૂ. એક લાખથી ઘટીને આશરે રૂ. ચાર હજાર સુધી થવાની શક્યતા દર્શાવવામાં આવી છે.

કેન્સરની સારવાર લાંબા સમય સુધી ચાલતી હોવાથી દર્દીઓએ વારંવાર મોંઘી દવાઓ ખરીદવી પડે છે. પરિણામે મધ્યમ અને સામાન્ય આવક ધરાવતા પરિવારો પર મોટો આર્થિક બોજ પડે છે. NPPAના અંદાજ પ્રમાણે, દવાઓના ભાવમાં કરવામાં આવેલા ઘટાડાથી દર્દીઓ અને તેમના પરિવારોને દર વર્ષે આશરે રૂ. ૩,૫૪૦.૩૮ કરોડની બચત થઈ શકે છે.

સરકારે દવાઓના નવા ભાવ અંગે દર્દીઓમાં જાગૃતિ લાવવા માટે માર્ગદર્શિકા પણ જાહેર કરી છે. દર્દીઓ પોતાની દવાનું નામ અને બ્રાન્ડ પ્રમાણે સુધારેલી કિંમતની માહિતી મેળવી શકશે.

દર્દીઓ અને તેમના પરિવારજનો દવાઓના સુધારેલા ભાવની માહિતી મેળવવા માટે Pharma Sahi Daam મોબાઈલ એપનો ઉપયોગ કરી શકે છે. આ ઉપરાંત NPPAની સત્તાવાર વેબસાઈટ પર પણ દવાઓની નવી મહત્તમ છૂટક કિંમત (MRP) તપાસી શકાશે.

સરકારના નિર્દેશ મુજબ, કોઈપણ મેડિકલ સ્ટોર અથવા હોસ્પિટલની ફાર્મસી દવા માટે નિર્ધારિત નવી MRP કરતાં વધુ કિંમત વસૂલી શકશે નહીં. જો કોઈ કેમિસ્ટ કે હોસ્પિટલની ફાર્મસી વધુ નાણાં વસૂલે તો દર્દીઓ Pharma Jan Samadhan પોર્ટલ પર ઓનલાઈન ફરિયાદ કરી શકે છે. આ ઉપરાંત NPPAની હેલ્પલાઈન નંબર ૧૮૦૦-૧૧૧-૨૫૫ પર પણ સંપર્ક કરી શકાય છે.

કેન્સરની દવાઓના ભાવમાં થયેલો આ ઘટાડો દર્દીઓ માટે આર્થિક રીતે રાહતરૂપ બની શકે છે. જોકે, તમામ દવાઓના ભાવમાં સમાન પ્રમાણમાં ઘટાડો થયો નથી. તેથી દર્દીઓએ પોતાની દવાનું નામ, બ્રાન્ડ અને નવી સ્ઈંની ચોક્કસ માહિતી તપાસ્યા બાદ જ ખરીદી કરવી જરૂરી છે. દવાઓના ભાવમાં ઘટાડાથી કેન્સરની સારવારનો એક મહત્ત્વનો ખર્ચ ઘટશે, પરંતુ સારવારનો કુલ ખર્ચ અન્ય તબીબી સેવાઓ અને પ્રક્રિયાઓ પર પણ આધારિત રહેશે.

નર્મદા કાંઠે ૧૬૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન થશે

વડોદરા જિલ્લાના શિનોરમાં બનશે પ્રથમ થર્મલ પાવર સ્ટેશન

ગુજરાત સરકારે આ પ્રોજેક્ટને મંજૂરી આપ્યા બાદ જમીન સંપાદનની પ્રક્રિયાને વેગ મળ્યો છે

વડોદરા, તા.૯

વડોદરા જિલ્લાના વિકાસમાં વધુ એક મોટો પ્રોજેક્ટ ઉમેરાવા જઈ રહ્યો છે. શિનોર તાલુકામાં નર્મદા નદીના કાંઠે જિલ્લાનું સૌપ્રથમ થર્મલ પાવર સ્ટેશન સ્થાપવાની તૈયારીઓ શરૂ થઈ છે. ગુજરાત સરકારે આ પ્રોજેક્ટને મંજૂરી આપ્યા બાદ જમીન સંપાદનની પ્રક્રિયાને વેગ મળ્યો છે. આ પ્રોજેક્ટ હેઠળ કુલ ૧૬૦૦ મેગાવોટ વીજળીનું ઉત્પાદન કરવામાં આવશે.

ગુજરાત સ્ટેટ ઈલેક્ટ્રિસિટી કોર્પોરેશન લિમિટેડ (GSECL) દ્વારા શિનોર તાલુકામાં કોલસા આધારિત થર્મલ પાવર સ્ટેશન સ્થાપવામાં આવશે. આ માટે ૮૦૦ મેગાવોટ ક્ષમતાના બે યુનિટ બનાવવાનું આયોજન છે. પ્રોજેક્ટ માટે સુરાશામળ, મિંઢોળ અને માંજરોલ ગામોની આશરે ૪૨૫ હેક્ટર જમીન સંપાદિત કરવામાં આવશે.

સરકાર દ્વારા જમીન સંપાદન અંગેનું પ્રાથમિક જાહેરનામું બહાર પાડવામાં આવ્યું છે. જેમાં સુરાશામળ ગામની ૧૭૦ હેક્ટરથી વધુ, મિંઢોળ ગામની ૧૭૩ હેક્ટરથી વધુ અને માંજરોલ ગામની ૧૭૨ હેક્ટરથી વધુ જમીન સંપાદિત કરવાની જોગવાઈ કરવામાં આવી છે. જમીન સંપાદન સાથે અસરગ્રસ્તોને યોગ્ય વળતર, પુનર્વસન અને પુનઃસ્થાપનની પ્રક્રિયા પણ હાથ ધરવામાં આવશે.

જમીન સંપાદન માટે વર્ષ ૨૦૧૩ના કાયદા હેઠળની પ્રક્રિયા આગળ વધારવામાં આવી રહી છે. અગાઉ સામાજિક અસર મૂલ્યાંકન (SIA)માંથી મુક્તિ અંગે જાહેરનામું પ્રસિદ્ધ કરવામાં આવ્યું હતું. ત્યારબાદ કલમ ૧૦(એ) અને હવે કલમ ૧૧ હેઠળના જાહેરનામા બહાર પડતાં પ્રોજેક્ટની કામગીરી આગળ વધી છે. શિનોર તાલુકામાં થર્મલ પાવર સ્ટેશન સ્થાપવા માટે નર્મદા નદીનો કાંઠો અનુકૂળ માનવામાં આવ્યો છે. નર્મદા નદીમાંથી પાણીની ઉપલબ્ધતા અને સામે કિનારે આવેલા ભરૂચ જિલ્લાના ઝઘડિયા વિસ્તારમાં લિગ્નાઈટ કોલસાની ખાણ હોવાને કારણે આ સ્થળની પસંદગી કરવામાં આવી હોવાનું જાણવા મળે છે. શિનોર તાલુકામાં થર્મલ પાવર સ્ટેશન સ્થાપવાની ચર્ચા છેલ્લા ચાર દાયકાથી ચાલી રહી હતી. વર્ષ ૨૦૧૮માં પણ આ પ્રોજેક્ટ માટે જમીન સંપાદનની તૈયારીઓ શરૂ કરવામાં આવી હતી. તે સમયે બે વર્ષમાં જમીન સંપાદનની પ્રક્રિયા પૂર્ણ કરવાની જાહેરાત કરવામાં આવી હતી, પરંતુ વિવિધ કારણોસર કામગીરી આગળ વધી શકી નહોતી.

હવે લાંબા સમય બાદ સરકાર દ્વારા ફરીથી જમીન સંપાદનની પ્રક્રિયા શરૂ કરવામાં આવતા પ્રોજેક્ટ સાકાર થવાની આશા જાગી છે. જોકે, જમીન સંપાદન, વળતર અને અન્ય જરૂરી મંજૂરીઓ સહિતની પ્રક્રિયા પૂર્ણ થયા બાદ જ બાંધકામની કામગીરી આગળ વધી શકશે. આ પ્રોજેક્ટથી વડોદરા જિલ્લાના શિનોર તાલુકામાં ઔદ્યોગિક વિકાસને નવી દિશા મળવાની અપેક્ષા છે.

કાળીચૌદશે વાર્ષિક મહાહવનમાં ભક્તો ઉમટ્યા

મહુડી ઘંટાકર્ણ મહાવીર તીર્થધામમાં શ્રદ્ધાનો મહાસાગર છલકાયો

વર્ષમાં માત્ર એક જ વખત થાય છે વિશેષ કેસર પૂજન

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના વિશ્વવિખ્યાત જૈન તીર્થધામ મહુડી ખાતે કાળીચૌદશના પાવન અવસરે આસ્થા અને ભક્તિનો અનોખો માહોલ જોવા મળ્યો હતો. શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવના વાર્ષિક મહાહવન અને વિશેષ કેસર પૂજનમાં ગુજરાત સહિત દેશ-વિદેશમાંથી મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ ઉમટી પડ્યા હતા. અંદાજે દોઢ લાખથી વધુ જૈન અને જૈનેતર ભક્તોએ આ ધાર્મિક મહોત્સવમાં ભાગ લીધો હતો. સમગ્ર તીર્થધામ ૐ શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃના મંત્રોચ્ચારથી ગુંજી ઊઠ્યું હતું.

મહુડી તીર્થધામની સૌથી વિશેષ ધાર્મિક પરંપરા એ છે કે અહીં શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવનું વિશેષ કેસર પૂજન વર્ષમાં માત્ર એક જ વખત કાળીચૌદશના દિવસે કરવામાં આવે છે. આ પરંપરાને કારણે દર વર્ષે આ દિવસે દેશભરમાંથી ભક્તો દર્શન અને મહાહવનમાં ભાગ લેવા મહુડી પહોંચે છે. ધાર્મિક વિધિની શરૂઆતમાં સૌપ્રથમ પદ્મપ્રભુ ભગવાનનું પ્રક્ષાલન અને પૂજન કરવામાં આવ્યું હતું. ત્યારબાદ શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની શાસ્ત્રોક્ત મંત્રોચ્ચાર સાથે વિશેષ પ્રક્ષાલન વિધિ યોજાઈ હતી. ભગવાનને કેસરનો ચઢાવો અર્પણ કરવાની સાથે ધૂપપૂજન, ફૂલપૂજન, મુગટપૂજન અને આભૂષણ પૂજન કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે ભગવાનની દિવ્ય પ્રતિમા પર સોનાનો વરખ ચઢાવવામાં આવતાં પ્રતિમાનું તેજોમય સ્વરૂપ ભક્તો માટે વિશેષ આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું. મહાહવનના પ્રસંગે બપોરે ૧૨:૩૯ કલાકે પરંપરાગત વિધિનો પ્રારંભ થયો હતો. ૐ શ્રી ઘંટાકર્ણ મહાવીરાય નમઃના મંત્રોચ્ચાર સાથે હવનકુંડમાં પવિત્ર આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી.

આ ધાર્મિક વિધિ દરમિયાન ભક્તોએ હાથમાં લાલ નાડાછડી રાખીને મંત્રજાપ સાથે તેમાં ૧૦૮ ગાંઠો વાળી હતી. ધાર્મિક માન્યતા મુજબ આ વિધિ શ્રદ્ધા અને મનોકામના સાથે જોડાયેલી છે. મોટી સંખ્યામાં ભક્તોએ ભાવપૂર્વક આ પરંપરામાં ભાગ લીધો હતો. મહાહવનમાં જૈન સમાજના શ્રેષ્ઠીઓ, દાતાઓ, ટ્રસ્ટી મંડળના સભ્યો અને વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ પણ ઉપસ્થિત રહ્યા હતા. મહુડી તીર્થધામનો ઇતિહાસ અને શ્રી ઘંટાકર્ણ મહાવીર દેવની સ્થાપના સાથે અનેક ધાર્મિક માન્યતાઓ જોડાયેલી છે. વિક્રમ સંવત ૧૯૭૫ના માગશર સુદ છઠ્ઠના દિવસે પરમ પૂજ્ય શ્રીમદ બુદ્ધિસાગર સૂરીશ્વરજી મહારાજ સાહેબે મહુડી તીર્થ ખાતે ભગવાન શ્રી ઘંટાકર્ણ મહાવીરની પ્રતિમાની સ્થાપના કરી હતી.

સ્થાપના સમયે નક્કી કરવામાં આવેલી વિશેષ ધાર્મિક પરંપરાઓ આજે પણ જળવાઈ રહી છે. તેમાં સૌથી મહત્ત્વપૂર્ણ પરંપરા એટલે વર્ષમાં માત્ર એક જ વખત કાળીચૌદશના દિવસે ભગવાનનું વિશેષ કેસર પૂજન અને મહાહવન યોજવાની છે.

ગુજરાતમાં ભ્રષ્ટાચારનો મોટો પર્દાફાશ

એક વર્ષમાં ૧૫૨ સરકારી કર્મચારીઓ લાંચ લેતા ઝડપાયા

આ કર્મચારીઓ પાસેથી આશરે રૂ.૧૩ કરોડની લાંચના કેસ સામે આવ્યા : ૨૧ ખાનગી વ્યક્તિઓ પણ લાંચના મામલે ઝડપાયા

ગાંધીનગર, તા.૯

ગુજરાતમાં ભ્રષ્ટાચાર સામે એન્ટી કરપ્શન બ્યુરો (ACB) દ્વારા કરવામાં આવેલી કાર્યવાહીમાં ચોંકાવનારા આંકડા સામે આવ્યા છે. છેલ્લા એક વર્ષ દરમિયાન રાજ્યના ૧૫૨ સરકારી કર્મચારીઓ લાંચ લેતા રંગેહાથ ઝડપાયા છે. આ કર્મચારીઓ પાસેથી આશરે રૂ.૧૩ કરોડની લાંચના કેસ સામે આવ્યા છે. બીજી તરફ, ૨૧ ખાનગી વ્યક્તિઓ પણ લાંચના મામલે ઝડપાયા હોવાનું અહેવાલમાં જણાવાયું છે. ACBની સત્તાવાર વિગતો અનુસાર, સરકારી વિભાગોમાં ભ્રષ્ટાચારનું પ્રમાણ ચિંતાજનક હોવાનું સામે આવ્યું છે. ખાસ કરીને ગૃહ વિભાગમાં સૌથી વધુ ભ્રષ્ટાચારના કેસ નોંધાયા છે. ગૃહ વિભાગના ૨૯ કર્મચારીઓ રૂ.૨.૬૪ કરોડની લાંચ લેતા ઝડપાયા હોવાનું જણાવાયું છે. જ્યારે શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગના ૧૬ કર્મચારીઓ રૂ.૨ કરોડની લાંચ ના મામલે ઝડપાયા છે. વિભાગવાર વિગતો પર નજર કરીએ તો ગૃહ વિભાગમાં પોલીસ અધિકારીઓ, કર્મચારીઓ અને ખાનગી વચેટિયાઓ સહિત કુલ ૭૮ લોકો રૂ.૨.૬૪ કરોડની લાંચના કેસમાં પકડાયા હોવાનું જણાવાયું છે. મહેસૂલ વિભાગમાં ૨૩ કર્મચારીઓ અને ૧૮ ખાનગી વ્યક્તિઓ સહિત કુલ ૪૧ લોકો સામે કાર્યવાહી થઈ છે. આ કેસોમાં રૂ.૧ કરોડની લાંચનો ખુલાસો થયો છે.

પંચાયત વિભાગમાં ૨૧ કર્મચારીઓ સહિત કુલ ૫૦ લોકો, આરોગ્ય વિભાગમાં ચાર કર્મચારીઓ અને ચાર ખાનગી વ્યક્તિઓ સહિત આઠ લોકો તથા શિક્ષણ વિભાગના ચાર કર્મચારીઓ પણ છઝમ્ની કાર્યવાહીમાં સપડાયા છે.

શહેરી વિકાસ વિભાગના ૧૬ કર્મચારીઓ સહિત કુલ ૩૩ લોકો સામે કાર્યવાહી થઈ હોવાનું અહેવાલમાં જણાવાયું છે. આ ઉપરાંત ઊર્જા વિભાગના છ, ઉદ્યોગ વિભાગના પાંચ, નર્મદા વિભાગના સાત અને નાણાં વિભાગના ચાર કર્મચારીઓ લાંચના કેસમાં ઝડપાયા છે. કૃષિ વિભાગના આંકડામાં પણ ભ્રષ્ટાચારના કેસ સામે આવ્યા છે. ACB દ્વારા મળતી ફરિયાદોના આધારે છટકાં ગોઠવીને લાંચ લેતા કર્મચારીઓને રંગેહાથ ઝડપી પાડવામાં આવે છે. સરકારી કચેરીઓમાં સામાન્ય નાગરિકોનાં કામ માટે લાંચ માગવામાં આવતી હોવાની ફરિયાદો વચ્ચે આ આંકડા વહીવટી તંત્રની કામગીરી સામે ગંભીર સવાલો ઊભા કરે છે.

નોંધનીય છે કે, આ આંકડા માત્ર છઝમ્ની કાર્યવાહીમાં ઝડપાયેલા લોકોના છે. લાંચ લેતા પકડાયેલા લોકોની સંખ્યા ભ્રષ્ટાચારની સમગ્ર હકીકત દર્શાવતી નથી. સરકારી સેવાઓમાં પારદર્શિતા વધે અને સામાન્ય નાગરિકોને લાંચ આપ્યા વગર કામ કરાવી શકાય તે માટે કડક પગલાં લેવાની જરૂરિયાત ફરી એકવાર સામે આવી છે.

પુરવઠા વિભાગે તપાસની કામગીરી અવિરત કરવી જરૂરી

બાબરા પંથકમાં ચાલતા બાયોડીઝલ પંપમાંથી માત્ર એક પંપની તપાસ જ કરવામાં આવી

એક પંપની તપાસણી થાય અન બાજુમાં અન્ય પંપની તપાસણી કેમ નહી ?

બાબરા, તા. ૯

અમરેલી જિલ્લામાં ગેરકાયદેસર રીતે ધમધમતા બાયોડીઝલ પંપો સામે તંત્ર દ્વારા કાર્યવાહી શરૂ કરવામાં આવતાં આવા ગેરકાયદેસર વ્યવસાય સાથે સંકળાયેલા તત્વોમાં ફફડાટ ફેલાયો છે.

જિલ્લાના વિવિધ તાલુકાઓમાં બાયોડીઝલ પંપોનો રાફડો ફાટયો હોવાની ચર્ચા વચ્ચે થોડા દિવસો અગાઉ બે–ત્રણ જેટલા શંકાસ્પદ બાયોડીઝલ પંપોને સીલ કરવામાં આવ્યા હતા. જેમાં બાબરા તાલુકાના ઉટવડ ગામ નજીક રાજકોટ હાઈવે પર આવેલો એક પંપ પણ તંત્રની કાર્યવાહીનો ભોગ બન્યો હતો.

પરંતુ આ કાર્યવાહી વચ્ચે એક મહત્વનો પ્રશ્ન ચર્ચાના ચકડોળે ચડ્યો છે. હાઈવેની ડાબી બાજુ આવેલા એક બાયોડીઝલ પંપને તંત્ર દ્વારા સીલ કરવામાં આવ્યો છે, જયારે અન્ય એક પંપ હજુ પણ ધમધમતો હોવાની સ્થાનિક સ્તરે ચર્ચા ચાલી રહી છે.

એક જ સ્થળની આસપાસ આવેલા બે પંપોમાંથી એક સામે કાર્યવાહીકરવામાં આવી અને બીજો પંપ હજુ કાર્યરત હોવાની વાત સામે આવતાં અનેક સવાલો ઊભા થયા છે. શું બીજા પંપની ગતિવિધિઓ તંત્રના પ્રયાને આવી નથી? શું તેના જરૂરી દસ્તાવેજો અને પરવાનગીઓની ચકાસણી કરવામાં આવી છે? જો બંને પંપોની કામગીરી શંકાના દાયરામાં હોય તો કાર્યવાહી કરવામાં આટલો તફાવત કેમ?

સૌથી મોટો સવાલ એ છે કે એક પંપને સીલ કરવામાં આવ્યો તો તેની સામે જ આવેલા બીજા પંપને ચાલુ રાખવા પાછળનું કારણ શું છે? શું આ પંપ નિયમો અને કાયદાની સંપૂર્ણપ્રક્રિયા હેઠળ કાર્યરત છે કે પછી કોઈના આશીર્વાદથી હજુ પણ ધમધમી રહ્યો છે? આ તમામ સવાલોનો જવાબ હવે સંબંધિત તંત્રએ આપવો જરૂરી બન્યો છે.સ્થાનિક સ્તરે એવી માંગ ઉઠી રહી છે કે ઉટવડ નજીકના બંને પંપોની તટસ્થ અને નિષ્પક્ષ તપાસ કરવામાં આવે. બંને પંપના લાયસન્સ, જરૂરી પરવાનગીઓ, ઈંધણના જથ્થા અને વેચાણ સંબંધિત દસ્તાવેજોની ઝીણવટભરી ચકાસણી કરવામાં આવે. જો કોઈ પંપ ગેરકાયદેસર રીતે કાર્યરત હોવાનું જણાય તો તેની સામે પણ નિયમ મુજબ કડક કાર્યવાહી કરવામાં આવે.

હવે જોવાનું એ રહ્યું કે અમરેલી જિલ્લા તંત્ર આ ગંભીર બાબતને કેટલી ગંભીરતાથી લે છે? શું ઉટવડ નજીકના બંને પંપોની સમાન ધોરણે તપાસ થશે કે પછી એક પંપને સીલકરીને સામેના પંપને ચાલુ રહેવા દેવાની સ્થિતિ યથાવત રહેશે?

કાયદો સેના માટે સમાન હોવો જોઈએ. કાર્યવાહી પણ કોઈ ભેદભાવ વિના થવી જોઈએ. ઉટવડ નજીકના આ બાયોડીઝલ પંપોનો મામલો હવે તંત્રની પારદર્શિતા અને નિષ્પક્ષ કાર્યવાહી સામે એક સવાલ બનીને ઊભો થયો છે.

રાજભા વાઘેલા અને અનોપસિંહ નામના

બાબરા પોલીસ સ્ટેશનનાં બે પોલીસ કર્મચારીઓને એએસઆઈ તરીકે બઢતી મળતા સન્માન કરાયું



બાબરા, તા. ૯

બાબરા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા પોલીસ કર્મચારીઓ રાજભા વાઘેલા અને અનોપસિંહને આસિસ્ટન્ટ સબ ઈન્સ્પેકટર (એએસઆઈ)તરીકે બઢતી મળતા ખુશીનો માહોલ છવાયો હતો. આ પ્રસંગે બાબરા શહેર ભાજપ મહામંત્રી રમેશભાઈ સાંગડીયા તથા બાબરા શહેર ભાજપ કોશાધ્યક્ષ કીમભાઈ કોટડીયા દ્વારા બંને પોલીસ કર્મચારીઓનું સાલ ઓઢાડી અને પુષ્પગુચ્છ અર્પણ કરી સન્માન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે બંને કર્મચારીઓને નવી જવાબદારી માટે હાર્દિક અભિનંદન પાઠવતા તેમની નિષ્ઠા, કર્તવ્યપરાયણતા અને સેવાભાવને બિરદાવવામાં આવ્યા હતા. સાથે જ તેઓ આગામી સમયમાં પણ પોલીસ વિભાગમાં પોતાની ફરજ વધુ ઉત્સાહ અને જવાબદારીપૂર્વક નિભાવી જનસેવાનાં કાર્યમાં યોગદાન આપે તેવી શુભકામનાઓ પાઠવવામાં આવી હતી.

પાના ૧ ઉપરનું ચાલું

અમરેલીમાં ''દિપોત્સવી પર્વે''

પાલન થતું જોવા મળ્યું નહોતું. વહેલી સવાર સુધી ફટાકડા ફૂટતા રહેતા જાહેરનામાના અમલ સામે પણ સવાલો ઊભા થયા હતા.

દિવાળીના પર્વ બાદ આજે સોમવારે અમરેલી શહેરમાં ધોકો મનાવવામાં આવે છે, જયારે આવતીકાલે મંગળવારે નવા વર્ષની ઉજવણી કરવામાં આવશે. નવા વર્ષના પ્રારંભે વિવિધ સામાજિક, શૈક્ષણિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા સ્નેહમિલન સહિતના કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે.

જયારે અમરેલી લેઉવા પટેલ કન્યા છાત્રાલય ખાતે લેઉવા પટેલ સમાજ દ્વારા સ્નેહમિલનનું આયોજન કરવામાં આવ્યું છે. આ ઉપરાંત શહેરના વિવિધ જ્ઞાતિ–સમાજો દ્વારા પણ નવા વર્ષની શુભેચ્છા પાઠવવા અને પરસ્પર હળવા–મળવા માટે સ્નેહમિલન કાર્યક્રમો યોજાશે.

બીજી તરફ, નવા વર્ષના પાવન અવસરે અમરેલીના સ્વામિનારાયણ મંદિર સહિત શહેરનાં વિવિધ મંદિરો અને ધાર્મિક સ્થળોએ અન્નકૂટનાં દર્શનનું આયોજન કરવામાં આવેલ છે. ભગવાનને વિવિધ વાનગીઓનો અન્નકૂટ ધરાવી ભકતો નવા વર્ષની શરૂઆત દર્શન અને ભકિતભાવ સાથે કરશે. આમ, દિવાળીની રોશની અને આતશબાજી બાદ હવે અમરેલીમાં નવા વર્ષની ઉજવણીને લઈને ઉત્સાહનો માહોલ છવાયો છે.



બી.એ.પી.એસ. મંદિર ખાતે સવારે ૮થી સાંજે ૫ વાગ્યા સુધી

અમરેલીમાં આજે નૂતન વર્ષે ૧૦૦૦થી વધુ વાનગીઓનો અન્નકૂટ મહોત્સવ યોજાશે

હજારોની સંખ્યામાં હરિભકતો દર્શનનો લાભ લેશે : તડામાર તૈયારી

અમરેલી, તા. ૯

અમરેલી શહેરમાં ધાર્મિક આસ્થા અને ભક્તિ ભાવના અનોખા સંગમ સમાન ભવ્ય અન્નકૂટ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં અમરેલીના બી.એ. પી.એસ. સ્વામિનારાયણ મંદિર ખાતે આવતી કાલે તા.૧૦ મંગળવારના રોજ નવા નૂતન વર્ષના પ્રારંભે ભગવાન શ્રી સ્વામિનારાયણની કૃપાથી અને પ.પૂ. પ્રમુખસ્વામી મહારાજની પ્રેરણાથી ૧૦૦૦થી વધુ શુદ્ધ શાકાહારી વાનગીઓનો ભવ્ય અન્નકૂટ ધરાવવામાં આવશે.

આવતીકાલે મંગળવારે સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી યોજાનારા આ મહોત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ સહિત વિવિધ દેવતાઓને અન્નકૂટ અર્પણ કરવામાં આવશે, જેના દર્શનનો લાભ અમરેલી શહેર અને આસપાસના ગ્રામ્ય વિસ્તારોના ધર્મપ્રેમી નાગરિકો લઈ શકશે.આ માટે થઈ તમામ તડામાર તૈયારીઓને આખરી ઓપ અપાય ચુકયો છે.

ભારતીય ભક્તિ પરંપરામાં નવા વર્ષના પ્રારંભે અન્નકૂટ મહોત્સવનું વિશેષ ધાર્મિક અને આધ્યાત્મિક મહત્વ રહેલું છે. ભગવાન શ્રીકૃષ્ણની ઉપસ્થિતિમાં ગોવર્ધન પૂજારૂપે ગોકુળથી શરૂ થયેલી આ અન્નકૂટની પરંપરા આજે ૫૦૦૦ વર્ષ પછી પણ ભક્તિભાવ સાથે ઉજવાઈ રહી છે.

ભગવાન શ્રી સ્વામિ નારાયણે પણ અન્નકૂટ ઉત્સવને સ્વામિનારાયણ સંપ્રદાયની ભક્તિ પરંપરામાં વિશેષ સ્થાન આપ્યું છે. બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા દ્વારા આ ભક્તિ પરંપરાની મહત્તા સમગ્ર



વિશ્વમાં વિસ્તરેલી છે. અન્નકૂટ ઉત્સવની આ પરંપરાને ગિનિસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડથી લઈને બ્રિટનની પાર્લામેન્ટ અને એડિનબરોની હાઉસ ઓફ કોમન્સ સુધી ઐતિહાસિક ઓળખ મળી છે.

અમરેલી ખાતે આવતીકાલે યોજાનારા આ મહોત્સવમાં ભગવાન શ્રી સ્વામિનારાયણ, ભગવાન શ્રી સીતારામ, ભગવાન શ્રી રાધાકૃષ્ણ, ભગવાન શ્રી લક્ષ્મીનારાયણ, ભગવાન શ્રી શિવ–પાર્વતી, શ્રી ગણેશજી, શ્રી હનુમાનજી સહિત સમગ્ર ગુઢપરંપરા સમક્ષ મહાઅન્નકૂટ ધરાવવામાં આવશે. ભકતો વિશેષ ભક્તિ અને શ્રદ્ધા સાથે અન્નકૂટનાં દર્શન કરી ધન્યતા અનુભવશે. મહોત્સવના દિવસે દર બે કલાકે અન્નકૂટ આરતીનું પણ આયોજન કરવામાં આવ્યું છે.

આ મહાઅન્નકૂટ મહોત્સવને સફળ બનાવવા મંદિર પરિસરમાં અલગ–અલગ ૩૦ વિભાગો હેઠળ ૫૫ થી વધુ આબાલ–વૃદ્ધ સ્વયંસેવકો સેવા આપશે. અન્નકૂટ ઉત્સવને અનુરૂપ સમગ્ર મંદિર પરિસરને સુશોભિત કરવામાં આવશે. મંદિરના સંતો તથા સ્વયંસેવકોના માર્ગદર્શન હેઠળ વિવિધ વ્યવસ્થાઓને આખરી ઓપ આપવામાં આવી રહ્યો છે.

આ મહોત્સવની વિશેષતા એ પણ છે કે, અન્નકૂટનો પ્રથમ પ્રસાદ અમરેલી શહેરની વિવિધ સેવાભાવી સંસ્થાઓ દ્વારા અમરેલી તથા આસપાસના જરૂરિયાતમંદો સુધી પહોંચાડવામાં આવશે. આમ, ભગવાનને ધરાવાયેલા અન્નકૂટના પ્રસાદ દ્વારા સેવાભાવ અને માનવતાનો સંદેશ પણ આપવામાં આવશે. આ ભવ્ય ધાર્મિક મહોત્સવનાં દર્શન કરવા અમરેલી શહેર ઉપરાંત આસપાસનાં ગ્રામ્ય વિસ્તારોના ધર્મપ્રેમી નાગરિકોને ભાવભર્યુ નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

લાપાળીયાથી લાઠી રોડ સુધી અલગ–અલગ સ્થળોએ આગની ઘટનાઓ

અમરેલીમાં દિવાળીના પર્વે આગની છ ઘટનાઓથી ફાયર વિભાગ દોડતું થયું

ટ્રકના કેબિનથી લઈને બંધ મકાન અને નર્સરીમાં આગ લાગી

અમરેલી, તા. ૯

ગઈકાલે દિવાળીના પર્વ દરમિયાન અમરેલી શહેર સહિત આસપાસના વિસ્તારોમાં આગ લાગવાની ૬ જેટલી અલગ–અલગ ઘટનાઓ સામે આવતાં અમરેલી ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ સતત દોડતી રહી હતી. ગઈકાલે તા.૮ રોજ એક પછી એક આગની ઘટનાઓ બનતા ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓએ આખી રાત સ્ટેન્ડબાય રહી વિવિધ સ્થળોએ પહોંચી આગને કાબૂમાં લેવા માટે કામગીરી કરી હતી. તહેવારની રજાઓ વચ્ચે પણ નાગરિકોની જાનમાલની સુરક્ષાને પ્રાથમિકતા આપી ફાયર વિભાગે પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક નિભાવી હતી.

પ્રાપ્ત વિગતો મુજબ, લાપાળીયા ગામે ખેતરમાં આવેલા માંડવાના પાલામાં આગ લાગી હતી. જયારે જેસીંગપરા વિસ્તારમાં એક બંધ મકાનમાં આગ લાગવાની ઘટના બની હતી. આ ઉપરાંત જેસીંગપરામાં જ આવેલ શિવાજી ચોક પાસે ટ્રાન્સફોર્મર (ટી.સી.) નજીક કચરામાં આગ લાગી હતી. ગાયત્રી મંદિર પાસે ખુલ્લા પ્લોટમાં આગ લાગી હતી, જયારે ઓમનગર પાસે આવેલી નર્સરીમાં પણ આગની



ઘટના નોંધાઈ હતી.

મોડી રાત્રે લાઠી રોડ ઉપર ટ્રકનાકેબિનમાં આગ લાગતાં ફાયર વિભાગને વધુ એક કોલ મળ્યો હતો. આમ, એક જ દિવસમાં છ અલગ–અલગ સ્થળોએ આગની ઘટનાઓ બનતાં ફાયર વિભાગની ટીમ સતત કામગીરીમાં વ્યસ્ત રહી હતી.

ઈન્ચાર્જ ફાયર ઓફિસર એચ.પી. સરતેજાના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ ડી.સી.પી.ઓ. આનંદભાઈ જાની સહિતના અધિકારીઓ અને કર્મચારીઓએ તમામ સ્થળોએ પહોંચી આગને કાબૂમાં લેવા માટે કામગીરી કરી હતી. આ કામગીરીમાં ભગવતસિંહ ગોહિલ, પ્રવિણભાઈ ચેહાણ, ઋત્વિકભાઈ ભીમાણી, ધર્મેશભાઈ સોલંકી, અનુજભાઈ મકવાણા તેમજ ફાયરમેન સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકીયા, સાગરભાઈ પુરોહિત, અરૂણભાઈ વાઘેલા, જગદીશભાઈ ભુરીયા, કમલેશભાઈ ગિલાતર, કેશિકભાઈ પરમાર, અશ્વિનભાઈ વાઢેર, મહેન્દ્રસિંહ રાઠોડ, મિલનભાઈ ગાંભવા, ધર્મેશભાઈ જુવાદરિયા, દર્શનભાઈ કુકડીયા, ધવલભાઈ ચાવડા સહિતના કર્મચારીઓ જોડાયા હતા.

દિવાળીના પર્વ દરમિયાન જયારે શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં લોકો તહેવારની ઉજવણીમાં વ્યસ્ત હતા ત્યારે અમરેલી ફાયર વિભાગના જવાનો નાગરિકોની સુરક્ષા માટે સતત ખડેપગે રહ્યા હતા. આગની દરેક ઘટનામાં સમયસર પહોંચી કામગીરી કરનાર ફાયર વિભાગના અધિકારીઓ અને કર્મચારીઓની ફરજ નિષ્ઠા અને સેવાભાવની કામગીરી સરાહનીય બની રહીહતી.

નૂતન વર્ષની શરૂઆત સ્વચ્છતા સંકલ્પ સાથે

બાબરાના વોર્ડ નં. ૧માં સ્થાનિક સભ્યો દ્વારા સ્વચ્છતા અભિયાન હાથ ધરાયું

રામનગર, શ્રીજીનગર અને પંચકુંડ વિસ્તારમાં બાવળ–બોરડીની સફાઈ સાથે ઉકરડાઓનો નિકાલ



બાબરા, તા. ૯

બાબરા શહેરમાં નૂતન વર્ષની પાવન શરૂઆત સ્વચ્છતા અને જનસેવાના સંકલ્પ સાથે કરવામાં આવી હતી. શહેરના વોર્ડ નં. ૧ હેઠળ આવતા રામનગર વિસ્તાર, શ્રીજીનગર અને પંચકુંડ સહિતના વિસ્તારોમાં સ્થાનિક નગરપાલિકાના સભ્યો દ્વારા વિશેષ સ્વચ્છતા અભિયાન હાથ ધરવામાં આવ્યું હતું.

પૂર્વ નગરપાલિકા ઉપપ્રમુખ યજ્ઞેશભાઈ શુકલના માર્ગદર્શન હેઠળ વોર્ડના સભ્યો જગદીશભાઈ વાવડીયા, ભીખુભાઈ બગડા, જીગુબેન શકોરિયા તેમજ શહેર ભાજપના મહામંત્રીની ઉપસ્થિતિમાં આ સફાઈ કામગીરી હાથ ધરવામાં આવી હતી.

આ અભિયાન અંતર્ગત નગરપાલિકાની ટીમ અને જેસીબી, ટ્રેકટર સહિતનાં સાધનોની મદદથી જાહેર માર્ગો તથા આસપાસના વિસ્તારોમાં ઊગી નીકળેલી બાવળ–બોરડી દૂર કરવામાં આવી હતી. સાથે જ લાંબા સમયથી એકત્રિત થયેલા ઉકરડાઓનો નિકાલ કરી વિસ્તારને સ્વચ્છ અને સુઘડ બનાવવાની કામગીરી કરવામાં આવી હતી.

નૂતન વર્ષની શરૂઆતમાં માત્ર શુભેચ્છાઓ પૂરતી નહીં, પરંતુ પોતાના વિસ્તારની સ્વચ્છતા અને નાગરિકોની સુખાકારી માટે મેદાનમાં ઉતરીને કરવામાં આવેલી આ કામગીરી સ્વચ્છ શહેરના સંકલ્પને સાકાર કરવાની દિશામાં એક પ્રયાસ બની રહી છે. સ્થાનિક સભ્યોની આ પહેલથી વિસ્તારના જાહેર માર્ગો સ્વચ્છ બનવાની સાથે નાગરિકોમાં પણ સ્વચ્છતા પ્રત્યે જાગૃતિનો સંદેશ પહોંચ્યો હતો.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

સાવરકુંડલા ખાતે ધારાસભ્ય મહેશ કસવાલાએ ''વોકલ ફોર લોકલ'' સુત્ર ચરિતાર્થ કર્યું




સાવરકુંડલા શહેરમાં વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપવામાં આવેલા ''વોકલ ફોર લોકલ''નાં સંકલ્પને પ્રોત્સાહન આપવા માટે સાવરકુંડલા–લીલીયા વિધાનસભા મતવિસ્તારનાં ધારાસભ્ય મહેશભાઈ કસવાલાએ સ્થાનિક નાના વેપારીઓ પાસેથી ખરીદી કરી હતી. આ પ્રસંગે તેમની સાથે ''ટીમ સાવરકુંડલા''નાં સભ્યોએ પણ સ્થાનિક દુકાનોની મુલાકાત લઈ વિવિધ વસ્તુઓની ખરીદી કરી હતી. વડાપ્રધાન દ્વારા દેશનાં નાગરિકોને સ્થાનિક ઉત્પાદનો ખરીદવા, સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા અને સ્વદેશી વસ્તુઓનો વધુમાં વધુ ઉપયોગ કરવા માટે ''વોકલ ફોર લોકલ'' નો સંદેશ આપવામાં આવ્યો છે. આ જ સંદેશને જનજીવનમાં ઉતારવાના હેતુથી ધારાસભ્ય પોતે સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરીને એક પ્રેરણાદાયી પહેલ કરી હતી. આ પ્રસંગે ધારાસભ્ય અને તેમની ટીમે શહેરનાં નાના વેપારીઓ સાથે સંવાદ સાધ્યો હતો અને તેમની દુકાનોમાંથી ખરીદી કરી હતી. નાના વેપારીઓ શહેરની આર્થિક વ્યવસ્થાનો મહત્વનો હિસ્સો છે. તેમના વ્યવસાયને પ્રોત્સાહન મળે, સ્થાનિક બજારમાં ખરીદી વધે અને વેપારીઓને આર્થિક રીતે વધુ સક્ષમ બનવાની તક મળે તે દિશામાં આ પહેલ કરવામાં આવી હતી. ધારાસભ્યએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો '' વોકલ ફોર લોકલ''નો સંકલ્પ દેશનાં નાના વેપારીઓ, કારીગરો, સ્થાનિક ઉત્પાદકો અને સ્વરોજગાર સાથે જોડાયેલા નાગરિકો માટે પ્રોત્સાહક છે. આપણે જયારે આપણા શહેરનાં સ્થાનિક વેપારીઓ પાસેથી ખરીદી કરીએ છીએ ત્યારે આપણા શહેરનાં વેપાર–ધંધાને વેગ આપવાની સાથે સ્થાનિક અર્થતંત્રને મજબૂત બનાવવામાં પણ સહભાગી બનીએ છીએ. તેમણે નાગરિકોને પણ અપીલ કરી હતી કે તહેવારો હોય કે રોજિંદી જરૂરિયાતની વસ્તુઓની ખરીદી, શકય હોય ત્યાં સુધી સ્થાનિક બજાર અને નાના વેપારીઓને પ્રાથમિકતા આપવી જોઈએ. સ્થાનિક વેપારીઓને મળતો સહયોગ અનેક પરિવારોની આજીવિકાને મજબૂત બનાવવામાં મદદરૂપ બની શકે છે. આ રીતે ધારાસભ્ય અને ''ટીમ સાવરકુંડલા'' દ્વારા કરવામાં આવેલી આ પહેલનાં માધ્યમથી સ્થાનિક વેપારીઓને પ્રોત્સાહન આપવા સાથે ''વોકલ ફોર લોકલ''નો સંદેશ નાગરિકો સુધી પહોંચાડવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. સ્થાનિક વેપારી પાસેથી ખરીદીએ માત્ર ખરીદી નથી, પરંતુ પોતાના શહેરનાં વેપાર, રોજગાર અને આર્થિક વિકાસમાં સહભાગી બનવાનો એક પ્રયાસ છે.


નૂતન વર્ષાભિનંદન
યદિ આપ તેજ ચલના ચાહતે હૈં તો અકેલે,
લેકિન યદિ આપ દૂર તક જાના ચાહતે હૈં
તો સાથ ચલો।
TATA AIA
LIFE INSURANCE
અમરેલી શાખા
માણેકપરા, એન્જલ સિનેમાની બાજુમાં
અમરેલી
સ્વ.રતનજી


શુભ દીપાવલી એવમ્
નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ
Happy Diwali
સૌને નૂતન વર્ષની ખુબ ખુબ શુભકામના
સાથે અભિનંદન પાઠવીએ છીએ.
:: શુભેચ્છક ::
શ્રી અતુલ એચ. શુકલ (રિપોર્ટર - દામનગર)
શ્રી અશોક સાંખટ (સર્પ સંરક્ષણ મંડળ-રાજુલા મો.૯૮૨૪૨ ૫૭૦૭૦)
શ્રી કિરણ આર. મહેતા (દામનગર-મુંબઈ, પરમમિત્ર)
શ્રી નિતીન બી. રાઠોડ (સેવક - દામનગર)
મુ. દામનગર


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
શ્રી હિરેન હિરપરા
પ્રદેશ અધ્યક્ષ : કિસાન મોરચા
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ.
જય કિસાન.. જય જય ગરવી ગુજરાત


નૂતનવર્ષની
શુભકામનાઓ
આ નવું વર્ષ
સૌના જીવનમાં
સુખ, શાંતિ, સમૃદ્ધિ
અને સારા સ્વાસ્થ્ય
નવી આશાઓ લઈને આવે
તેવી હૃદયપૂર્વક
શુભકામના...
હિતેશભાઈ બાલાભાઈ માંજરીયા
સંયોજક
જનહિત રક્ષક સમિતિ


શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન
ભગવાનભાઈ : ૯૫૫૮૬ ૬૨૪૪૯
ભીખુભાઈ : ૯૯૦૪૬ ૨૩૨૯૭
: ૭૯૯૦૫૪૪૦૯૮
: શુભેચ્છક :
Happy Diwali
FESTIVAL OF LIGHTS
શ્રી રાધેશ્યામ
પથ્થર સપ્લાય
૯x૧૫ બેલા, ૧૨x૧૫ બેલા તથા ટોલા
અને ખુણીયા ૯x૧૫, ૧૨x૧૫ માટે મળો
ટ્રેકટર તથા લોડર
ભાડા માટે મળો
મુ. નાદેજ, તા.ઉના,
જી.ગીરસોમનાથ


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
શ્રી જગદીશભાઈ દેથલીયા
પ્રમુખશ્રી : તાલુકા પંચાયત - લીલીયા મોટા
તેમજ તમામ સદસ્યશ્રીઓ તથા તાલુકા પંચાયતના કર્મચારીગણને
નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ.
મુ. લીલીયા મોટા, જી. અમરેલી.


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
શ્રી ચાઙ્ગિકભાઈ વરૂ
અમરેલી (પાટી માણસા)
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
જય જય ગરવી ગુજરાત


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
શ્રી જીવનભાઈ ડી. વોરા
સરપંચશ્રી : લીલીયા ગ્રામ પંચાયત કચેરી, લીલીયા મોટા
તેમજ તમામ સદસ્યશ્રીઓ અને લીલીયા મતદારોને નૂતનવર્ષાભિનંદનની શુભકામનાઓ
મુ. લીલીયા મોટા, જી. અમરેલી.
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.
જય જય ગરવી ગુજરાત...


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
PAVAN HOSPITAL
Dr. Priyanka M. Solanki
MBBS, Critical Care Specialist
Dr. Mehul R. Solanki
MBBS, M.D. Medicine
ઉપલબ્ધ સુવિધાઓ
મેડીસીન વિભાગ
ICU & ક્રિટીકલ કેર વિભાગ
સોનોગ્રાફી & એક્સ-રે વિભાગ
3D/4D સોનોગ્રાફી
બ્લડ પ્રેશર, ડાયાબિટીસ, થાઈરોઈડ
દરેક પ્રકારના તાવ, મગજના રોગ
એલર્જી, ફેફસાના રોગો
સર્પદંશ ઝેરી દવાની અસરની સારવાર
સંધિવા, પેટના, કિડનીના રોગોની સારવાર
NIRVANA DIAGNOSTIC CENTRE
Dr. Rahul R. Solanki
MBBS, M.D. Radiodiagnosis
સહજાનંદ નગર, ફીચડિયા હોસ્પિટલ સામે, ગીરગઢડા રોડ, ઉના


શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન
Happy Diwali
આ શુભદિવાળી પર રોશની
નો ઉત્સવ તમને
અને તમારા પરિવારના જીવનને
વધુ પ્રકાશિત કરે એવી
હૃદયપૂર્વક શુભકામનાઓ.....
: શુભેચ્છક :
શ્રી પરેશ ધાનાણી
પૂર્વ ધારાસભ્ય
અમરેલી-કુંકાવાવ-વડિયા વિધાનસભા


24 hr EMERGENCY SERVICE
એપેક્ષ પ્લસ
મલ્ટીસ્પેશયાલીટી
હોસ્પીટલ
અનુભવી ડોક્ટરોની ટીમ :
ડો. મનોજ માનસેતા (M.S. Surgeon)
ડો. અરવિંદ સી. કાતરીયા (M.D. Gynae)
ડો. જી. એમ. કલસરીયા (M.D. Physician)
ડો. રજનીકાંત જાસોંધા (M.D. Pediatrician)
ડો. ચેતના કલસરીયા (M.D. Anaesthesia)
ડો.આઝાદ જાદવ (M.S. Orthopedic)
ડો.ચિરાગ જાદવ M.D. Radiologist
ડો.પિમલ કયા (M.P.T. Ortho)
અત્યાધુનિક સાધનોથી સજ્જ
IVF સેન્ટર
ટેસ્ટ ટયુબ બેબી સેન્ટર
PMJAY
પ્રધાનમંત્રી જન આરોગ્ય યોજના
આયુષ્માન ભારત કાર્ડ અંતર્ગત
મફત સારવાર
દિવાળીની
હાર્દિક શુભકામનાઓ
ઉપલબ્ધ સુવિધાઓ ::
અદ્યતન આઈ.સી.યુ./આઈ.સી.સી.યુ.
એન.આઈ.સી.યુ. / પી.આઈ.સી.યુ.
ટ્રોમા સેન્ટર
રપે. રૂમ્સ / એ.સી. - નોન એ.સી. રૂમ્સ
સોનોગ્રાફી / પેથોલોજી લેબોરેટરી
સેન્ટ્રલાઈઝ એ.સી.થી સજ્જ હોસ્પિટલ
દાઝેલા તથા ઝેરીદવાનાં કેસોની સારવાર
મેડિકલ સ્ટોર
મોડ્યુલર ઓપરેશન થીએટર
અદ્યતન લેપ્રોસ્કોપીક યુનીટ
સેન્ટ્રલાઈઝ ઓક્સીજન
ટર્બીમાટે લીફ્ટની સુવિધા
સંપૂર્ણ રસીકરણ સેન્ટર
ડાયાલિસીસ સેન્ટર
ઉમીયાધામ પટેલવાડીની સામે, ગીરગઢડા રોડ, ઉના, જિ. ગીર સોમનાથ, ૯૧૭૯૧ ૨૪૭૨૪
એમ્બુલન્સ માટે
Mo.7698924231


ભારત સપ્લાયર્સ
મામલતદાર કચેરી સામે, ઉના, ગીરગઢડા રોડ, મુ. ઉના, જી. ગીરસોમનાથ.
નૂતનવર્ષાભિનંદનની હાર્દિક
શુભકામનાઓ
ઈરફાનભાઈ સીદાતર
મો. 99891 38879
મો. 99019 07379
હાજી ગનીભાઈ વાકોટ
મુસ્લિમ અગ્રણી
મો. 99019 07375
સાહીદ વાકોટ
મો. 99984 19070
6x15, 12x15, પથ્થર પટ્ટી, ટોળા રેતી, કાંકરી વગેરે માટે મળો
GSTIN 24AAQFP 9829E1Z5
PRIME BIOPROTEINS
C/O ELAMPUR. ROAD RATAD
TA. UNA DIST. GIR SOMNATH
7778827853


સર્વે વિદ્યાર્થીઓ, વાલીઓ, શુભેચ્છકો, ચિત્તલ અને આસપાસના તમામ ગામોના વિદ્યાર્થીઓને
દિપાવલી અને નૂતન વર્ષની શુભેચ્છાઓ
સર્વોને નૂતન વર્ષ શૈક્ષણિક સિદ્ધિઓ અપાવનારૂ, તંદુરસ્તી અને ઐશ્વર્ય
આપનારૂ બની રહો.....
:: શુભમ્ ભવતુઃ ::
આચાર્યશ્રી તથા ચિત્તલ હાઈસ્કુલ
શાળા પરિવાર
સર્વોદય સંસ્થા
બાબાપુર સંચાલિત
ચિત્તલ હાઈસ્કુલ
-:: મુ. ચિત્તલ, જી. અમરેલી -::


દિવાલી અને નૂતન વર્ષ
શુભ દીપાવલી
એવમ્
નૂતન વર્ષાભિનંદન
આ શુભ દિવાળી પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....
: શુભેચ્છક :
નસીમાબેન રફીકભાઈ સુમરા
સરપંચશ્રી
નાળિયા માંડવી ગ્રામ પંચાયત
મુ. નાળિયા માંડવી, તા. ઉના, જિ. ગીર સોમનાથ
રફીકભાઈ સુમરા
(સરપંચ પ્રતિનિધિ)


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
સમજુબેન સોમવારભાઈ મજેઠીયા
(સરપંચશ્રી)
તેમજ ઉપસરપંચશ્રી તથા
તલાટી મંત્રીશ્રી તેમજ તમામ સદસ્યશ્રીઓ...
નવાબંદર ગ્રામ પંચાયત કચેરી, મુ. નવાબંદર, તા. ઉના, જી. ગીર સોમનાથ


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ.
મો.: 70460 93000
70462 93000
SHREE
SHIVAM
TRADING CO.
શ્રી શિવમ
ટ્રેડીંગ કં.
Wholesale Dealer In All Kinds of Fireworks items.
તમામ પ્રકારના ફટાકડા અમારે ત્યાંથી મળશે.
દેલવાડા રોડ, શ્રીનાથજી ટ્રેડર્સ પાસે, ઉના, જી. ગીરસોમનાથ.


આપને અને આપના પરિવારને શાળા પરિવાર વતી,
નૂતન વર્ષની હાર્દિક શુભેચ્છા....
: શુભેચ્છક :
આ શુભ અવસર પર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....
નર્સરી | જુ.કેજી | સિ.કેજી | ધોરણ-૧ થી ૧૨
સાયન્સ | કોમર્સ | આર્ટસ
સાયન્સ સ્કૂલ । હોસ્ટેલ સુવિધા । બસ સુવિધા
ધોરણ - 11 - 12 સાયન્સ માટે
JEE - NEET - GUJCET - ગુજરાત બોર્ડ
સ્વામિ વિવેકાનંદ સંકુલ–ઊના
ને.હા.–8E, ભાવનગર રોડ, મુ.ચાજપુર, તા.ઊના, જી.ગીર સોમનાથ.


નૂતન વર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
ચાણક્ય સાયન્સ સ્કૂલ - ઊના
A1 Grade 99.83 PR હેમલતા વાલજીભાઈ રાઠોડ
A1 Grade 91.23 PR ધાર્મી મુકેશભાઈ તન્ના
A1 Grade 91.90 PR કિલ્વ પરેશ
A1 Grade 96.51 PR પુષ્ટિ દિલીપભાઈ ઠાકર
A1 Grade 96.36 PR રવિત રાજેશભાઈ મોડાસીયા
A1 Grade 96.22 PR જય હરેશભાઈ વાંજા
Happy Diwali
• કે.જી. થી ધોરણ 12 સાયન્સ, કોમર્સ, આર્ટ્સ (અંગ્રેજી & ગુજરાતી માધ્યમ)
• બસ તથા હોસ્ટેલ સુવિધા ઉપલબ્ધ
હોસ્ટેલ સુવિધા માટે નવુ જ અદ્યતન બિલ્ડીંગ
આનંદનગર સોસાયટી, રેલ્વે ક્રોસિંગની બાજુમાં, દેલવાડા રોડ - દેલવાડા (ઊના)
9925333735 | 8306244483 | 8758910353 | www.chanakyascienceschool.org.in | Follow us on


નૂતનવર્ષાભિનંદનની
હાર્દિક શુભકામનાઓ
નવપ્રસ્થાન
આપ સૌના પ્રેમ, વિશ્વાસ અને આશીર્વાદથી...
Dr. Bhagirath B. Vala
B.D.S., P.G.D.C.C.
(Fellowship in Dental Implantology)
(જડબામાં સ્ક્રુ વડે ફિક્સ દાંત તથા ચોકઠાં ના નિષ્ણાંત)
Divyaraj
અર્થ દાંતની હોસ્પિટલ
CBCT & ઈમ્પ્લાન્ટ સેન્ટર
હવે નવી જગ્યાએ એક નવા અધ્યાયની શરૂઆત કરી દીધી છે.
નવું સરનામું નોંધી લેશો.
અર્થ દાંતની હોસ્પિટલ, પહેલો માળ, H.D.F.C. Bank ની બાજુમાં, સ્વામિનારાયણ મંદિર રોડ, માણેકપરા, અમરેલી. - 365601
CONTACT : 84600 38303


નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
આજના મંગલ પ્રભાતથી પ્રારંભ થતું નવું વર્ષ સર્વોને સુખદાયી નિવડે તથા દરેક શુભ સંકલ્પો અને રિદ્ધિ–સિદ્ધિના સુંદર શમણાઓ સાકાર બનાવે તેવી શુભકામનાઓ
શુભેચ્છક
એમ.જે. ખુમાણ (BE Civil)–કરણજીત એમ. ખુમાણ
RAVIRAJ ENGINEER
રવિરાજ એન્જિનિયર
અમરેલી–રાજકોટ–જામનગર–ગાંધીધામ (કચ્છ)
RAVIRAJ STONE CRUSHER
રવિરાજ સ્ટોન ક્રશર
અરજણસુખ તા. વડીયા, જી. અમરેલી


નૂતન વર્ષાભિનંદન
સવંત ૨૦૮૩ નું નવુ વર્ષ આપ સૌને યશસ્વી, ફળદાયી નિવડે, નવા વર્ષમાં આપના સંકલ્પો સિધ્ધ થાય, રિધ્ધી-સિધ્ધી સુખ-સમૃધ્ધિ અને ઐશ્વર્ય આપના કદમ ચુમે આપ સૌનું જીવન આરોગ્યપ્રદ, તંદુરસ્તપ્રદ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માંને પ્રાર્થના.
શુભેચ્છક
શ્રી અમરેલી જિલ્લા વિદ્યાસભા
માતૃશ્રી મોંઘીબા મહિલા આર્ટ્સ કોલેજ - અમરેલી
ડો. જીવરાજ મહેતા વિદ્યાવિહાર કોલેજ કેમ્પસ
ચિતલ રોડ, અમરેલી ફોન : ૨૨૩૯૪૨, ૨૨૩૯૪૮

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ

1) શ્રી ભગીરથ ત્રિવેદી - પ્રમુખશ્રી
: અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ

2) શ્રી રાજુલાભાઈ શીંગાળા - મહામંત્રીશ્રી
: અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ

3) શ્રી મયુરભાઈ બોઘરા - મહામંત્રીશ્રી
: અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ

4) શ્રી મિતુલભાઈ ગણાત્રા - મહામંત્રીશ્રી
: અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ

તેમજ અમરેલી ડિસ્ટ્રિકટ ચેમ્બર્સ ઓફ કોમર્સ પરિવાર તરફથી આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.

જય જય ગરવી ગુજરાત...

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ

આપ સર્વોને વિક્રમ સંવત ૨૦૮૩ નું નવલું વર્ષ પ્રારંભે
નૂતનવર્ષાભિનંદનની ખુબ ખુબ શુભકામનાઓ...

શુભેચ્છક
શ્રી મેણસીભાઈ સોલંકી

રાધે કન્સ્ટ્રકશન

મો. ૯૯૨૪૧ ૩૩૭૩૦



મુ. ઘોળીવાવ (જરગલી), તા. ગીરગઢડા, જિ. સોમનાથ

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ



એડવોકેટ બાલમુકુંદરાય જે. સોહલિયા
F. 35, સરદાર શોપિંગ સેન્ટર, જિલ્લા પંચાયત સામે
સ્ટેશન રોડ અમરેલી
Contact: Mo. 9825029546
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ
જય જય ગરવી ગુજરાત

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ



શ્રી વિપુલભાઈ પોંકિયા
પ્રમુખશ્રી : તાલુકા કોંગ્રેસ અમરેલી
સદસ્યશ્રી : તાલુકા પંચાયત
મુ. ખીજડીયા રાદડીયા, તા.જી. અમરેલી.
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ.

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ



શ્રી જીજ્ઞેશભાઈ એમ. સાવજ.
સદસ્યશ્રી : જિલ્લા પંચાયત અમરેલી
તેમજ તમામ જિલ્લા પંચાયતના સદસ્યશ્રીઓ અને જિલ્લા પંચાયત વિસ્તારના મતદાતાઓને નૂતનવર્ષાભિનંદનની શુભકામનાઓ
મુ. લીલીયા મોટા, જી. અમરેલી.
આપ સર્વને નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ પાઠવીએ છીએ.
જય જય ગરવી ગુજરાત...

નૂતનવર્ષાભિનંદન

આર.બી.ફ્રુટ

RB FRUITS

મુ. વડીયા, જી.અમરેલી

શુભ દીપાવલી અને નૂતન વર્ષાભિનંદન



આ શુભદિવાળી ઘર રોશની નો ઉત્સવ તમને અને તમારા પરિવારના જીવનને વધુ પ્રકાશિત કરે એવી હૃદયપૂર્વક શુભકામનાઓ.....

: શુભેચ્છક :

શ્રીમતિ અરૂણાબેન
અશોકભાઈ છોડવડીયા
:: સરપંચશ્રી ::
પાતાપુર ગ્રામ પંચાયત
મુ.પાતાપુર, તા.ઉના,
જી.ગીરસોમનાથ



શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

Happy Diwali

આવનારુ નવુ વર્ષ આપ સૌના જીવનમાં સુખ, સમૃધ્ધિનો ભંડાર લઈને આવે તેવી શુભેચ્છાઓ...

:: શુભેચ્છક ::

શ્રી સરમણભાઈ નંદાણીયા
શ્રી મેણસીભાઈ સોલંકી

મુરલીધર સ્ટોન ક્રસર

મુ.ધોળીવાવ, તા. ગીરગઢડા,
જી. ગીરસોમનાથ.

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ

રાજુભાઈ

મિલન ટ્રાન્સપોર્ટ



જુના માધુપુરા ઠાકોરવાસ
અમદાવાદ -4 ફોન: 22124623

હેડ ઓફીસ: બિનાકા ચોક અમરેલી ફોન: 222051, 221338

ડેઈલી સર્વિસ

અમદાવાદ થી અમરેલી થી સાવરકુંડલા, બગસરા, ધારી, ચલાલા, મહુવા, રાજુલા, વીજપડી, લાઠી, કુકાવાવ, દેરડી, વડીયા, લીલીયા મોટા, બાબરા, ચિતલ, ઘોળા જંકશન, ઢસા જંકશન, દામનગર....

માધુપુરા	જુના માધુપુરા ઠાકોરવાસ અમદાવાદ -4 ફોન: 22124623 મો. 99093 24623
નારોલ	સી/25 શિવ શક્તિ એસ્ટેટ, પ્રિન્સ હોટલ ની પાછળ, મો.98795 52528
અસલાલી	12/બી ભગવાન એસ્ટેટ, મો. 94288 02904
સરખેજ	6-7 સાગર એસ્ટેટ, સાણંદ ચોકડી અને ઉજાલા ચોકડી ની વચ્ચ મો. 75750 16971

નૂતન વર્ષાભિનંદન



નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ

:: શુભેચ્છક ::



શ્રી જયેશભાઈ એમ.નાકરાણી
પ્રમુખ
શ્રી પિઠલભાઈ એન.તારપરા
એમ.ડી.



શ્રી દલસુખભાઈ કે.દુધાત
ઉપપ્રમુખ
શ્રી પ્રશાંતભાઈ નાકરાણી
ઈન્ચા.મેનેજર

તથા સમગ્ર બોર્ડ ઓફ ડીરેકટર્સ તથા સ્ટાફગણ

શ્રી સાંગાભાઈ સાવલીયા
શ્રી રમેશભાઈ કોટડીયા
શ્રી મગનભાઈ લુણાગરીયા
શ્રી હિંમતભાઈ ગજેરા

શ્રી બાબુભાઈ સોજીત્રા
શ્રી મનસુખભાઈ નાકરાણી
શ્રી કીર્તીભાઈ ચોડપડીયા
શ્રી બટુકભાઈ ખુંટ
શ્રી વિનુભાઈ નાકરાણી

શ્રી પરેશભાઈ ઘાનાણી
શ્રી સંભુભાઈ દેસાઈ
શ્રી જયંતિભાઈ ચકરાણી
શ્રી દેવેન્દ્રભાઈ પાદરીયા
શ્રી રીમનભાઈ ભંડેરી

શ્રી અમરેલી તાલુકા સહકારી ખરીદ વેચાણ સંઘ લી. અમરેલી

સ્વ. મોહનભાઈ નાકરાણી ભવન, જુના માર્કેટયાર્ડ અંદર અમરેલી

નૂતનવર્ષાભિનંદનની હાર્દિક શુભકામનાઓ

May the New Year bring peace, wellness & serenity to you and your family

Relax Spa
Relax, Refresh, Rejuvenate



Near Hero Showroom, Ghoghla Check Post, DIU - 362540
Mo. 8200711822, 9426866173



LOTUS SPA
BODY SOUL & MIND



Opp. Poonam Guest House, Near Bus Stand, Marsti Nagar, Diu
For Appointment:
Contact No. 8530318282, 9723931957



Wishing you wellness, peace & joy in the New Year ✨ | Both Spas in Diu | Open Daily for Appointments

એવરેસ્ટ હોસ્પિટલ મલ્ટી સુપર સ્પેશ્યાલીટી

એવમ્ શ્રી મહેતા ગાર્ડી અને ભાનુ જનરલ હોસ્પિટલ

Happy Diwali

અમારી સેવાઓ

- 24X7 ઇમરજન્સી
- રેડીયોલોજી : MRI, CT-SCAN, USG મેમોગ્રાફી એક્સ-રે
- લેબોરેટરી
- ડાયાલિસિસ
- ફાર્મસી
- હેલ્થ ચેકઅપ
- કેન્સર સુવિધા
- 24X7 એમ્બ્યુલન્સ

વિભાગો

- જનરલ સર્જરી
- જનરલ મેડિસિન/કિટીકલ કેર
- હાડકા વિભાગ (ઓર્થોપેડિક)
- સ્ત્રીરોગ વિભાગ (ગાયનેક)
- બાળ રોગ વિભાગ (પીડિયાટ્રિક્સ)
- આંખ વિભાગ (ઓપ્થેલમોલોજી)
- કેન્સર વિભાગ (ઓન્કોલોજી)
- યુરોલોજી

PMJAY - AYUSHMAN BHARAT YOJANA
• જનરલ સર્જરી • સ્ત્રીરોગ વિભાગ (ગાયનેક) • ડાયાલિસિસ માટે પીએમજેવાય યોજના ઉપલબ્ધ
મેડિકલેઇમ પોલીસી ધારકો માટે કેસલેસ સુવિધા ઉપલબ્ધ

અનુભવી ડોકટરો | વિશ્વસનીય સારવાર
આધુનિક સારવાર | તમારી સાથે હંમેશા

24/7 Emergency Services

શ્રી મહેતા હોસ્પિટલ
Mo. +91 7203064101
ભાવનગર રોડ, પુલ પાસે, ઉના, જિ. ગીર સોમનાથ,
વિશ્વાસભરી સેવા | કુશળતાભરી સંભાળ | સર્વજન માટે આરોગ્ય

શુભ દીપાવલી એવમ્ નૂતન વર્ષાભિનંદન

ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. અમરેલી.
'બોજરામ ભવન', રાજમહેલ રોડ, હેડ-ઓફીસ, અમરેલી. ફોન નં. (02722) 222601,
ઈ-મેઈલ : ho@ajms.bank.in વેબસાઈટ : www.ajms.bank.in

(થાપણ પરના બેંકના આકર્ષક વ્યાજદરો)

અનુ. નં.	થાપણના પ્રકાર	તા.10-02-2025 થી વ્યાજનો દર	સીનીયર સીટીઝન (વરિષ્ઠ નાગરીક) માટે
A	07 દિવસથી 14 દિવસની મુદત માટે	3.50	4.00
B	15 દિવસથી 45 દિવસની મુદત માટે	4.00	4.50
C	46 દિવસથી 89 દિવસની મુદત માટે	5.00	5.50
D	90 દિવસથી 179 દિવસની મુદત માટે	5.10	5.60
E	180 દિવસથી 1 વર્ષ કરતા ઓછી મુદત માટે	6.00	6.50
F	1 વર્ષની મુદત અને 2 વર્ષ કરતા ઓછી મુદત માટે	6.50	7.00
G	2 વર્ષની મુદત અને 3 વર્ષ કરતા ઓછી મુદત માટે	6.75	7.25
H	3 વર્ષની મુદત અને 5 વર્ષ કરતા ઓછી મુદત માટે	6.50	7.00
I	5 વર્ષથી 8 વર્ષ સુધીની મુદત માટે	11 વર્ષ 6 માસે (138 માસ) (વ્યાજ દર 6.10%)	

- અન્ય બેંકોની સરખામણીમાં થાપણો ઉપર સૌથી વધુ વ્યાજ આપતી અને સને. 1951 થી સતત ઓડીટ વર્ગ 'અ' ધરાવતી બેંક.
- સરકારશ્રીની નીતિ અન્વયે પ્રધાન મંત્રી 100% કિસાન ક્રેડીટ કાર્ડ દ્વારા જ ખેડુતોને રૂ. 3,00,000/- સુધીનું ધીરાણ 7% એ ખરીફ અને રવિ પાક ધીરાણ પૂરી પાડતી પ્રથમ બેંક.
- બેંકની મુખ્ય કચેરી ઉપરાંત 71 શાખાઓ સાથે સંગેંજિત મંડળીઓ તથા બેંકના કર્મચારીઓના નેટવર્ક દ્વારા ખેતી અને ખેતી આધારિત પશુપાલન તેમજ છોડોગોને ઉત્તમ સેવા પૂરી પાડતી બેંક.
- પ્લોટ/હાઉસીંગ, ગોડાઉન, ટ્રેકટર તથા ફીડીટ વાહન ખરીદવા માટે લોન આપવામાં આવે છે.
- રૂ. 5,00,000/- સુધીની આ બેંકમાં મુકેલ ડિપોઝીટ ડીઆઈસજીસી સુરક્ષિત.
- બેંકમાં RTGS, NEFT, IMPS, UPI, (બીલ પેમેન્ટ) BBPS, (આધાર બ્રિજ સમર્થિત)
- ગોલ્ડ લોન ધમાકા સોનાના દાગીના ઉપર બજાર ભાવના 75% સુધી અને વધુમાં વધુ રૂ. 7,00,000/- સુધીનું ધીરાણ વાર્ષિક માત્ર 9.00 % ના વ્યાજ દરે તમજ ગોલ્ડ લોન સી.સી. સોનાના દાગીના ઉપર બજાર ભાવના 70% સુધી અને વધુમાં વધુ રૂ. 15,00,000/- સુધીની માત્ર 9.50% ના વ્યાજ દરે ઉપલબ્ધ છે.

(બી. એસ. કોઠીયા) જનરલ મેનેજર (સી.ઈ.ઓ)
(અરૂણભાઈ પટેલ) વાઈસ ચેરમેન
(દિલીપભાઈ સંઘાણી) ચેરમેન

ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેંક લિ. - અમરેલી.

નૂતન વર્ષાભિનંદનની શુભેચ્છાઓ

અમારી સંસ્થા સાથે જોડાયેલા તમામ દૂધ ધારક મિત્રો, દૂધ મંડળીના હોદેદ્દારો, તમામ ખેડૂત મિત્રો તેમજ સર્વોને સવંત ૨૦૮૩નું નવું વર્ષ આપ સૌને યશસ્વી, ફળદાયી નિવડે, નવા વર્ષમાં આપના સંકલ્પો સિધ્ધ થાય, રિધ્ધિ–સિધ્ધિ, સુખ–સમૃધ્ધિ અને ઐશ્વર્ય આપના કદમ ચુમે આપ સૌનું જીવન આરોગ્યપ્રદ, તંદુરસ્તપ્રદ રહે તેવી પરમ કૃપાળુ પરમાત્માંને પ્રાર્થના.....

–: શુભેચ્છક :–



શ્રી દિલીપભાઈ સંઘાણી
ચેરમેનશ્રી 'ઈફકો'
શ્વેતક્રાંતિના જનક, સ્થાપક ચેરમેનશ્રી





શ્રી પરશોતમભાઈ રૂપાલા
સાંસદશ્રી, રાજકોટ
સંસ્થાના પ્રેરણાસ્ત્રોત, સ્થાપક ડાયરેકટરશ્રી



શ્રી અશ્વિન સાવલીયા
ચેરમેનશ્રી



શ્રી મુકેશ સંઘાણી
વાઈસ ચેરમેનશ્રી




ડો. આર. એસ. પટેલ
મેનેજીંગ ડિરેકટર

: બોર્ડ ઓફ ડિરેકટરશ્રીઓ :

શ્રી માવજીભાઈ ગોલ
શ્રી ચંદુભાઈ રામાણી
શ્રી ઠાકરશીભાઈ શીંગાણી
શ્રી કમલેશભાઈ સંઘાણી
શ્રી રેખાબેન કાકડીયા
શ્રી અરૂણભાઈ પટેલ
શ્રી રાજેશભાઈ માંગરોળીયા
શ્રી જયાબેન રામાણી
શ્રી ભાનુબેન બુહા
શ્રી ભાવનાબેન ગોંડલીયા
શ્રી અરૂણાબેન માલાણી
શ્રી જયેનભાઈ મહેતા
શ્રી રામજીભાઈ કાપડીયા
શ્રી કંચનબેન ગઢીયા
શ્રી ભાવનાબેન સતાસીયા

Amul
The Taste of India

અમરેલી જીલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. "અમર ડેરી"



"સ્વચ્છતા ત્યા પ્રભુતા" "સ્વચ્છ અમરેલી" "સુંદર અમરેલી"

અમરેલી નગર સેવા સદન – અમરેલી

દીપાવલી તેમજ નૂતનવર્ષ નિમિતે શુભકામનાઓ સહ સ્વચ્છતા સંદેશ

નગરપાલિકા દ્વારા "સર્વનો સાથ શહેરનો વિકાસ" "સ્વચ્છ અમરેલી, સુંદર અમરેલી" ઉકિતને સાર્થક કરવા તમામ શહેરીજનોના સાથ અને સહકારની અપેક્ષા છે. દીપાવલી તેમજ નૂતનવર્ષ-૨૦૨૬ નિમિતે નીચે મુજબનાં સ્વચ્છતાના સંકલ્પ કરીએ.

(૧) નગરને સ્વચ્છ અને સુંદર બનાવવા સહયોગ આપીએ. (૨) ઘરનો ભીનો કચરો-સુકો કચરો અલગ-અલગ કચરા પેટીમાં નાખીએ.(૩) નગરપાલિકાની ડોર ટુ ડોર કચરાના કલેકશનની સુવિધાનો મહત્તમ લાભ લઈએ. (૪) પ્લાસ્ટીકનાં ઝબલાનો બહિષ્કાર કરીએ.(૫) નગરને હરીયાળુ બનાવવા વૃક્ષારોપણ કરીએ અને વૃક્ષને ઉછેરવાનો સંકલ્પ કરીએ. (૬) પાણીનો કરકસર યુકત ઉપયોગ કરીએ અને તેનો બગાડ કરશો નહિ.(૭) આવો આપણા નગરને ઝીરો વેસ્ટ ડસ્ટ ફ્રી અને ખુલ્લામાં શૌચક્રિયા મુકત બનાવીએ.(૮) નગરપાલિકાના કરવેરા નિયમિત ભરીએ.(૯) નગરપાલિકા વિસ્તારમાં કોઈપણ ખોદકામ કરતા પહેલા નગરપાલિકાની પુર્વ મંજુરી મેળવવી જરૂરી છે.

Happy Diwali

શુભેચ્છક

પૈશાલીબેન એસ. માંગરોળીયા
પ્રમુખ
અમરેલી નગરપાલિકા - અમરેલી

વિરલભાઈ લાભુભાઈ પોપટ
ઉપપ્રમુખ
અમરેલી નગરપાલિકા - અમરેલી

મૌલિકભાઈ જે. ઉપાધ્યાય
અધ્યક્ષ : કારોબારી સમિતિ
અમરેલી નગરપાલિકા - અમરેલી

વિનોદ સી. રાઠોડ
ચીફ ઓફીસર
અમરેલી નગરપાલિકા - અમરેલી

તથા તમામ સદસ્યશ્રીઓ તથા કર્મચારી ગણ

અમરેલી નગર સેવા સદન - અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Ruparelia, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)